**સુવિચાર**

સંબંધોમાં વિશ્વાસ, સમજદારી, અને ઇમાનદારી હોય તો, નિભાવવા માટે વચન, કસમ, કે શરતોની જરૂર નથી

# સમય મિરર

**SAMAY MIRROR (MORNING DAILY)**

કોર્પોરેટ વર્લ્ડ
વાણિજ્ય પૂર્તિ

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-167 ■ DATE : 28-4-2025 ■ MONDAY ■ Page-10 ■ વૈશાખ સુદ ૧, વિક્રમ સંવંત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001





## ધ વર્લ્ડ એરાઉન્ડ

# પાકિસ્તાની હિન્દુ યાત્રાળુ માટે ચારધામ યાત્રા પર પ્રતિબંધ

**નવી દિલ્હી ।** પહેલગામ હુમલા બાદ કેન્દ્ર સરકારે ઘણા સખત પગલાં લીધા છે. માત્ર શસ્ત્રો દ્વારા જ નહીં પણ વ્યુહાત્મક રીતે પણ પાકિસ્તાનને ઘેરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન સરકારની છત્રછાયામાં મોટા થઈ આતંક ફેલાવતા આતંકવાદીઓને લીધે અહીંની જનતાએ પણ સહન કરવાનો વારો આવ્યો છે. ભારતે વિઝા સાથે ભારતમાં રહેતા પાકિસ્તાનીઓને પણ દેશ છોડી જવાનો આદેશ આપ્યો છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે વધુ એક સખત નિર્ણય લીધો છે. ૩૦મી એપ્રિલથી શરૂ થનારી પવિત્ર ચારધામ યાત્રામાં પાકિસ્તાની હિન્દુઓ ભાગ નહીં લઈ શકે, તેમ કેન્દ્ર સરકારે જણાવ્યું છે. સરકારના આ નિર્ણયથી રજિસ્ટ્રેશન કરાવેલા ૭૭ પાકિસ્તાની હવે ચારધામની યાત્રામાં ભાગ લઈ શકશે નહીં. ચારધામ યાત્રા માટે અત્યાર સુધીમાં ૨૧ લાખ જેટલા શ્રદ્ધાળુએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે જેમાં ૨૪,૦૦૦ કરતા પણ વધારે યાત્રીઓ વિદેશના હોવાનું જાણવા મળ્યું છે. સરકારે સુરક્ષાના કારણો આપી પાકિસ્તાની હિન્દુ યાત્રીઓ પર પ્રતિબંધ મૂક્યો છે. પહેલગામ હુમલા બાદ ચારધામ યાત્રા માટે સુરક્ષા સરકારની પહેલી પ્રાથમિકતા છે. ૩૦મી એપ્રિલથી કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમનોત્રીની યાત્રાએ લાખો શ્રદ્ધાળુઓ આવશે.

# પાકિસ્તાનના સિંધમાંથી આવતું સિંધવ મીઠું ભારતમાં મોંઘુ થશે

**નવી દિલ્હી ।** ભારત અને પાકિસ્તાન અનેક વસ્તુઓની આયાત અને નિકાસ કરે છે. પરંતુ એક ખાસ બાબત એ છે કે સિંધવ મીઠું માટે ભારત હજુ પણ પાકિસ્તાન પર નિર્ભર છે. ભારતમાં સિંધવ મીઠું ઉત્પન્ન થતું નથી. પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં સિંધવ મીઠું જોવા મળે છે. તેનો સૌથી વધુ જથ્થો ત્યાંના ખેવડા મીઠાની ખાણમાં જોવા મળે છે. તે દેશનું સૌથી મોટું અને સૌથી જૂનું રોક સોલ્ટ માનવામાં આવે છે. આ વિસ્તાર પાકિસ્તાનના ઈસ્લામાબાદથી લગભગ ૧૬૦ કિલોમીટર દૂર છે.પાકિસ્તાનની ખેવડા મીઠાની ખાણ સમગ્ર વિશ્વની સૌથી મોટી ખાણ માનવામાં આવે છે. આ ખાણ લગભગ ૨૦૦૦ વર્ષ જૂની છે. અહીં ઉત્પાદિત મીઠું ઉચ્ચતમ ગુણવત્તાનું માનવામાં આવે છે. આ ખાણમાંથી દર વર્ષે લગભગ ૪.૫ લાખ ટન રોક સોલ્ટ કાઢવામાં આવે છે. જોકે, જો ભારતના પાકિસ્તાન સાથેના સંબંધો સારા ન હોય તો ભારત તેને મલેશિયા, ઈરાન અને કેટલાક અન્ય દેશોમાંથી પણ ખરીદી શકે છે. આ મીઠું પાકિસ્તાનમાં માત્ર ૨ થી ૩ રૂપિયા પ્રતિ કિલોમાં વેચાય છે. જ્યારે ભારતમાં તેની કિંમત ૫૦ થી ૬૦ રૂપિયા પ્રતિ કિલો છે. આ મીઠાનો ઉપયોગ ભારતના દરેક ઘરમાં ખાસ કરીને તહેવારો દરમિયાન થાય છે. આ મીઠાનો ઉપયોગ મુખ્યત્વે ભારતમાં ઉજવાતા ઉપવાસ અને તહેવારોમાં થાય છે. તહેવારો દરમિયાન આ મીઠાની માંગ નોંધપાત્ર રીતે વધી જાય છે. ત્યારે હવે ભારતને સિંધવ મીઠા માટે અન્ય દેશો તરફ વળવું પડી શકે છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે આ માટે પાકિસ્તાન પરની નિર્ભરતા ઓછી કરી છે.

# રાજસ્થાનના શ્રી ગંગાનગર સરહદની પેલે પાર પાકે ગામો ખાલી કરાવ્યા

**નવી દિલ્હી ।** જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ લીધે પાકિસ્તાને ભારતને અડી આવેલી સરહદ પર ગતિવિધીઓ તેજ કરી દીધી છે. જેમાં પાકિસ્તાને રાજસ્થાન સરહદ પર સતર્કતા વધારી છે. રાજસ્થાનની પશ્ચિમમાં શ્રી ગંગાનગર સરહદની ઝીરો લાઇન નજીક પાકિસ્તાની રેન્જર્સ પેટ્રોલિંગ કરી રહ્યા છે. પાકિસ્તાની રેન્જર્સે સરહદ પારના અનેક ગામડાઓ ખાલી કરાવ્યા છે. અહેવાલ છે કે પાકિસ્તાન રેન્જર્સ જેસીબી મશીનો સાથે તૈયારીઓમાં વ્યસ્ત છે. જ્યારે બીજી તરફ ભારતમાં બીએસએફના જવાનો પણ સરહદ પાર દુશ્મનની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા છે. ભારતીય સૈનિકો દુશ્મનને જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સરહદી વિસ્તારોમાં સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી રહી છે અને દેખરેખ વધારી દેવામાં આવી છે. શ્રી ગંગાનગર સરહદની લંબાઈ લગભગ ૨૧૦ કિલોમીટર છે જે તેને વ્યૂહાત્મક અને સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ બનાવે છે. શ્રી ગંગાનગર સરહદને વિશ્વની સૌથી ખતરનાક સરહદોમાંની એક ગણવામાં આવે છે. બીએસએફ દ્વારા તેની નજીકથી દેખરેખ રાખવામાં આવે છે. સરહદ પર ફેન્સિંગ, ફ્લડલાઇટ્સ અને બોર્ડર આઉટપોસ્ટ સ્થાપિત કરવામાં આવી છે.

# વાઘા બોર્ડર પર પાકિસ્તાનમાં પરત ફરવા લાંબી લાઈનો લાગી : અવધિ પૂરી

**અમૃતસર ।** રવિવારે (૨૭ એપ્રિલ, ૨૦૨૫) વિઝા પર ભારત આવેલા પાકિસ્તાની નાગરિકો માટે દેશ છોડવાની છેલ્લી તારીખ છે. કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા હાલના નિર્દેશો મુજબ, જે પાકિસ્તાની નાગરિકોના વિઝા પુરા થઈ ગયા છે અથવા જેમના લાંબા ગાળાના વિઝા (LTV) હજુ સુધી મંજૂર થયા નથી, તેમને તાત્કાલિક ભારત છોડીને પાકિસ્તાન પાછા ફરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જ્યારે, મેડિકલ વિઝા પર ભારત આવેલા પાકિસ્તાની નાગરિકોને પાછા ફરવા માટે ૨૯ એપ્રિલ સુધીનો સમય આપવામાં આવ્યો છે. આ કારણે આજે પાકિસ્તાની નાગરિકો ભારત-પાકિસ્તાન સરહદના અટારી-વાઘા બોર્ડર સુધી પહોંચી રહ્યા છે. ઘણા પરિવારો પોતાના સામાન સાથે લાઇનમાં ઉભા જોવા મળ્યા. આમાં મોટી સંખ્યામાં મહિલાઓ, વૃદ્ધો અને નાના બાળકોનો પણ સમાવેશ થાય છે. ઘણા લોકો ભાવુક થઈને તેમના ભારતીય સંબંધીઓથી વિદાય લઈ રહ્યા છે. સરકારના આદેશ અનુસાર કાર્યવાહી ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિર્દેશો મુજબ, જે પાકિસ્તાની નાગરિકો ભારતમાં વિઝા શરતોનું ઉલ્લંઘન કરી રહ્યા છે અથવા જેમની વિઝા વિસ્તરણ પ્રક્રિયા પૂર્ણ થઈ નથી, તેમણે તાત્કાલિક દેશ છોડવો પડશે. પોલીસ અને ઈમિગ્રેશન વિભાગના અધિકારીઓએ આ સૂચનાઓનો કડક અમલ કરવા માટે તૈયારીઓ કરી લીધી છે. ગુરદાસપુર, અમૃતસર, ફિરોઝપુર અને પંજાબના અન્ય સરહદી જિલ્લાઓમાંથી ઘણા પાકિસ્તાની નાગરિકો પણ આજે સરહદ તરફ રવાના થયા હતા. અધિકારીઓ દરેક જગ્યાએ દસ્તાવેજો તપાસી રહ્યા છે જેથી કોઈ પણ વ્યક્તિ મંજુરી વિના ભારતમાં રહી ન શકે. શનિવારે લગભગ ૭૫ પાકિસ્તાની નાગરિકો પરત ફર્યા હતા. જ્યારે અત્યાર સુધીમાં લગભગ ૨૯૪ પાકિસ્તાની નાગરિકો પાછા ફર્યા છે અને લગભગ ૭૨૭ ભારતીય નાગરિકો પણ પાછા ફર્યા છે.

## ઉતાવળે

- કાશ્મીરના કિશ્તવાડમાં સૈન્ય ગણવેશના વેચાણ–સિલાઈ–સ્ટોક પર પ્રતિબંધ
- તિરૂવનંતપુરમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી : ચેકિંગમાં સબ–સલામત
- કેનેડાના વાન કુંવરમાં લેપુ–લેપુ ફેસ્ટિવલમાં ભીડ પર કાર ફરી વળી, અનેકના મોતની આશંકા
- પહલગામ આતંકી હુમલાની તપાસ એનઆઈએને હવાલે : ગૃહ વિભાગનો આદેશ
- બિહારના કટિહારમાં પોલીસ સ્ટે. પર ટોળાના હુમલો : પથ્થરમારામાં ૫ પોલીસ કર્મી ઘાયલ, પોલીસે કર્યુ ફાયરીંગ
- મહારાષ્ટ્રના જલગાંવમાં પુત્રીના લવમેરેજથી નારાજ પિતાએ દિકરી–જમાઈને ગોળી ધરબી, પુત્રીનું મોત, જમાઈ ગંભીર

# સિંધુ સંધિ તોડવી એ તો માત્ર ટ્રેઈલર : આખું પિક્ચર બાકી છે

## વિવિધ મોરચે પાકિસ્તાન પર જવાબી કાર્યવાહીની તૈયારી જોરમાં

**સમય મિરર । નવી દિલ્હી**

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ હિન્દુઓના હત્યાકાંડ બાદ ભારતે પાકિસ્તાન સામે ઝડપી કાર્યવાહી શરૂ કરી દીધી છે. સિંધુ જળ સંધિ રદ થયા બાદથી પાકિસ્તાન ડરમાં છે. આ જ કારણ છે કે પાકિસ્તાન ગભરાટમાં આવીને ધમકીઓ આપી રહ્યું છે. ક્યારેક તે કેટલાક દેશોને ફોન કરે છે અને તેમને વર્તમાન પરિસ્થિતિ વિશે જણાવે છે. જોકે, ભારતની આ કાર્યવાહી માત્ર એક ટ્રેલર છે અને સંરક્ષણ સૂત્રોના મતે, વાસ્તવિક હુમલો હજુ બાકી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત હવે પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહી તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે.



નવીનતમ માહિતી અનુસાર, પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઈશાક ડારે અઝરબૈજાન અને ઈજિપ્તના વિદેશ પ્રધાનો સાથે ફોન પર વાત કરી છે અને તેમને વર્તમાન પરિસ્થિતિ વિશે પણ માહિતી આપી છે. પાકિસ્તાનને આશા છે કે અઝરબૈજાન અને ઈજિપ્ત તેની સાથે સહયોગ કરશે. બીજી તરફ, પાકિસ્તાનના વિદેશ મંત્રી બાદ હવે પાકિસ્તાનના ગૃહમંત્રીએ પણ ભારતને ધમકી આપી છે. ભારત દ્વારા સિંધુ જળ સંધિ અટકાવવા અંગે તેમણે કહ્યું કે જો ભારત પાણી રોકે છે તો પાકિસ્તાને યુદ્ધ માટે તૈયાર રહેવું જોઈએ, કારણ કે પાકિસ્તાન યુદ્ધ માટે તૈયાર છે.

બીજી તરફ, એક અહેવાલમાં સરકારી સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ભારત હવે એવી રણનીતિ પર કામ કરી રહ્યું છે જેમાં દેશની સરહદોની અંદર રહીને દુશ્મનોને યોગ્ય જવાબ આપી શકાય. એટલે કે, આંતરરાષ્ટ્રીય સરહદ પાર કર્યા વિના, ભારત આતંકવાદીઓને કરારો જવાબ આપશે,.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે લશ્કરી બદલો લેવાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. કયા પ્રકારની હડતાળ કરવામાં આવશે તે અંગે ચર્ચા ચાલી રહી છે. ૨૦૧૯ ના પુલવામા હુમલા પછી બાલાકોટમાં ભારતીય વાયુસેના દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલા જેવી ચોક્કસ અને નિર્ણાયક કાર્યવાહીની શક્યતા અંગે ચર્ચા ચાલી રહી છે.

ભૂતપૂર્વ આર્મી નોર્ધન કમાન્ડ ચીફ લેફ્ટનન્ટ (નિવૃત્ત) જનરલ ડીએસ હુડ્ડાએ પણ પુષ્ટિ આપી હતી કે જમીન અને હવા બંને વિકલ્પો ખુલ્લા છે. તેમણે કહ્યું, 'કેટલાક લક્ષ્યોને તેમની પોતાની સરહદોની અંદરથી પણ નષ્ટ કરી શકાય છે.' ડ્રોન હુમલાનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. વાયુસેના પાસે એટેક ડ્રોન છે, અને જરૂર પડ્યે ભૂમિ સેનાનો પણ ઉપયોગ કરી શકાય છે.

# મોસ્કોમાં રશિયન સૈન્ય અધિકારીને બોમ્બથી ઉડાવનારો યુક્રેન એજન્ટ ઓળખાયો

**સમય મિરર । નવી દિલ્હી**

યુક્રેનના શહેરો પર ભીષણ હુમલા વચ્ચે રશિયાએ દાવો કર્યો કે, અમે એક એવા વ્યક્તિની ધરપકડ કરી છે, જે મોસ્કો પાસે અમારા એક વરિષ્ઠ સૈન્ય અધિકારીની હત્યામાં સામેલ હતો. રશિયાના ફેડરલ સિક્યોરિટી સર્વિસ અનુસાર, આ હુમલો યુક્રેનથી છોડવામાં આવેલો રિમોટ-કંટ્રોલ કાર બોમ્બ હતો. જેનો ભયાનક હુમલાનો વીડિયો પણ સામે આવ્યો છે.

મળતી માહિતી મુજબ, કારમાં વિસ્ફોટક ઉપકરણ ભરીને પાર્ક કરવામાં આવી હતી. જેવા મેજર જનરલ યારોસ્લાવ મોસ્કાલિક ઘરથી બહાર નીકળ્યા, વિસ્ફોટકને યુક્રેનથી રિમોટ દ્વારા એક્ટિવ કરી દેવામાં આવ્યું. જ્યારે તે કારમાં સવાર હતાં, બોમ્બ ફાટ્યો અને કારના ચીથરા ઉડી ગયાં. મોસ્કાલિક રશિયન જનરલ સ્ટાફના મુખ્ય કામગીરી



નિર્દેશાલયના ડેપ્યુટી ચીફ હતા.આ ભયાનક વિસ્ફોટમાં જનરલ મોસ્કાલિકનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું. ઘટના બાલાશિખા વિસ્તારમાં બની હતી, જે મોસ્કોના બહારના ભાગમાં સ્થિત છે. ધરપકડ કરાયેલી વ્યક્તિની ઓળખ ઈગ્નાટ કુઝિન (૪૧) તરીકે થઈ છે, જેને રશિયાએ યુક્રેનના ગુપ્તચર એજન્સીનો કથિત એજન્ટ ગણાવ્યો છે. કુઝિનની અટકાયત કરી તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. જોકે, યુક્રેન તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે નથી આવી.

# પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર આફ્રિદીએ ઝેર ઓક્યું : ભારતીય સેનાને ના-લાયક કહી

**સમય મિરર । નવી દિલ્હી**

પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ ફાસ્ટ બોલર શાહિદ આફ્રિદીએ એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. એક પોડ-કાસ્ટ દરમિયાન આફ્રિદીએ ઈન્ડીયન આર્મીને 'નાલાયક' અને 'નકામી' કહીં હતી.

દુબઈમાં મીડિયા સાથે વાત કરતી વખતે પાકિસ્તાન ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદીએ પહેલગ-ાઆતંકવાદી હુમલા પાછળ ભારતીય સેનાની સુરક્ષામાં ખામીને જવાબદાર ઠેરવી હતી. આફ્રિદીએ કહ્યું કે ભારતે દાવો કરતા પહેલા પુરાવા આપવા જોઈએ. જો કાશ્મીરમાં એક પણ ફટાકડો પણ ફૂટે તો તેનો દોષ પાકિસ્તાન પર ઢોળવામાં આવે છે. દુનિયાનો કોઈ પણ ધર્મ આતંકવાદને સમર્થન આપતો નથી. અમે પણ નિર્દોષ લોકોના જીવન વિશે ચિંતિત છીએ.

શાહિદ આફ્રિદીએ કહ્યું, 'આ અત્યંત નિરાશાજનક છે કે ભારતે ફરી એકવાર કોઈ પુરાવા વિના પાકિસ્તાન પર દોષારોપણ કર્યું છે. આવી કાર્યવાહીને કારણે પ્રદેશમાં શાંતિના પ્રયાસોને નુકશાન પહોંચે છે. આફ્રિદીએ કહ્યું કે દોષારોપણની રમત રમવાને બદલે, ભારતે વાતચીતમાં ભાગ લઈને મુદ્દાઓનું નિરાકરણ લાવવું જોઈએ અને ક્રિકેટને રાજકારણથી દૂર રાખવું જોઈએ. રમતગમત, ખાસ કરીને ક્રિકેટ, કોઈપણ રાજકીય હસ્તક્ષેપથી મુક્ત હોવી જોઈએ.'

આફ્રિદીએ એમ પણ કહ્યું, 'મારું માનવું છે કે વ્યક્તિ ગમે તે ધર્મનો હોય, કોઈ પણ આતંકવાદનું સમર્થન કરતું નથી. ત્યાં (પહલગામ) જે બન્યું તે અફસોસની વાત છે. પાકિસ્તાનમાં આવું થતું રહ્યું છે, આ ખૂબ જ દુઃખદ છે, આવી ઘટનાઓ ન બનવી જોઈએ. પડોશી દેશોએ એકબીજા સાથે સારા સંબંધો રાખવા જોઈએ. લડાઈનું કોઈ પરિણામ નથી આવતું.'

આફ્રિદીએ ભારતીય આર્મી પર આરોપ લગાવતા કહ્યું કે કાશ્મીરમાં તમારી પાસે ૮,૦૦,૦૦૦થી વધુ જવાનો છે, તો પણ આ ઘટના બની. એનો મતલબ છે તમે કેટલા નાલાયક છો તમે. તમે કેટલા નકામા છો, લોકોને સુરક્ષા પૂરી નથી પાડી શકતા.

આફ્રિદીએ આ ઘટના અંગે ભારતીય મીડિયાના કવરરેજની પણ આકરી ટીકા કરી હતી. તેને કહ્યું એ જોઈને આશ્ચર્ય થાય છે કે હુમલાના એક કલાકમાં, તેમનું મીડિ-યા બોલિવૂડમાં ફેરવાઈ ગયું. ભગવાનની ખાતર, બધી ઘટનાને બોલિવૂડ ન બનાવો. હું જોઈ રહ્યો હતો, હું કહી રહ્યો હતો કે, તેમના વિચાર જુઓ, અને આ લોકો પોતાને શિક્ષિત લોકો કહે છે.

# આતંકી હુમલા બાદ બોલાવેલી સર્વપક્ષીય બેઠકમાં PMની ગેરહાજરી ખડગેને ખટકી

**સમય મિરર । નવી દિલ્હી**

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પહલગામ આતંકી હુમલા બાદ બોલાવેલી સર્વપક્ષીય બેઠકમાં ભાગ ન લેવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આકરી ટીકા કરી હતી. ખડગેએ કહ્યું કે દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં સરકારે સુર-ક્ષામાં ખામી હોવાનો સ્વીકાર કર્યો હોવાનો દાવો કર્યો હતો. પાકિસ્તાન સાથેની સિંધુ જળ સંધિને સ્થગિત કરવા અંગે તેમણે સરકારને ધારદાર સવાલ કર્યો કે પાણી તો રોકી લેશો પણ તેનો સંગ્રહ ક્યાં કરશો?

કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ કહ્યું કે સર્વપક્ષીય બેઠકમાં તમામ રાજકીય પક્ષોના નેતાઓ હાજર હતા. જ્યાં મેં કહ્યું હતું કે જ્યારે સરકાર મીટિંગ બોલાવે છે ત્યારે વડાપ્રધાન હાજર રહે. તેમ છતાં પીએમ મોદી હાજર ન રહ્યા. પીએમ મોદી આવી મહત્ત્વની બેઠક વખતે બિહારમાં ચૂંટણી પ્રચાર કરવા માટે જતા રહ્યા. ત્યારે મેં કહ્યું કે આ યોગ્ય નથી.

કોંગ્રેસ અધ્યક્ષે સર્વપક્ષીય બેઠકમાં ભાગ લેવાને બદલે બિહારમાં ચૂંટણી રેલીને સંબોધિત કરવા બદલ વડાપ્રધાન મોદી પર નિશાન સાધતા કહ્યું કે, પીએમ મોદીએ આ બેઠકમાં ભાગ નથી લીધો એનો મતલબ એ જ છે કે તેઓ આ મામલે ગંભીર જ નથી. પીએમ મોદીએ તેમના



ભાષણમાં હિન્દી અને અંગ્રેજીમાં બોલવાને બદલે એ જણાવવાની જરૂર હતી કે આ હુમલો થયો કેવી રીતે?

ખડગેએ શોક વ્યક્ત કર્યો કે ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં સરકાર લોકોની સુરક્ષા કરી શકી નથી. તેમ છતાં, રાષ્ટ્ર અને તેની એકતાના દૃષ્ટિકોણથી અમે તેમને કહ્યું કે આપણે બધાએ એકજૂથ રહેવું જોઈએ અને દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ, કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું. અમે એમ પણ કહ્યું કે અમે આ મામલે સરકારના નિર્ણયને સમર્થન આપવા માટે એકજૂટ છીએ.

# ખાટુ શ્યામ મંદિર નજીક એક હોટલ સંચાલકે વોશરૂમ માટે મહિલા પાસેથી ૮૦૫ રૂપિયા વસુલ્યા

## વૃદ્ધ મહિલાની પુત્રીએ કરેલી પોસ્ટ વાયરલ

**સમય મિરર । બાડમેર**

રાજસ્થાનના ખાટુ શ્યામ મંદિર પાસે બનેલી એક ઘટનાએ માનવતા પર મોટો પ્રશ્ન ઉઠાવ્યો છે. જ્યારે એક બીમાર વૃદ્ધ મહિલાને કટોકટીમાં થોડી મિનિટો માટે શૌચાલયની જરૂર પડી, ત્યારે તેને મદદ કરવાને બદલે, તેની પાસેથી ૮૦૫ રૂપિયા વસૂલવામાં આવ્યા.

પરિવારના એક સભ્યએ લિંકડીન પર બિલ વગેરેની આખી વાર્તા અને તસવીરો પોસ્ટ કરી અને લખ્યું - હું હજુ પણ વિચારી રહ્યો છું... કોઈ સ્ત્રીને પીડાથી કણસતી જોઈને પણ કોઈ વ્યક્તિ પૈસા કેવી રીતે માંગી શકે? આપણે ક્યાં જઈ રહ્યા છીએ? આ પોસ્ટ ઈન્ટરનેટ પર વાયરલ થઈ છે, જેને વાંચીને યુઝર્સમાં ગુસ્સાની લહેર ફેલાઈ ગઈ છે.

આ પોસ્ટ તાજેતરમાં મેઘા ઉપાધ્યાયે લિંક્ડઇન પર પોસ્ટ કરી હતી. તેણે લખ્યું - ફક્ત વોશરૂમ માટે ૮૦૫ રૂપિયા! શું કોઈ માનવતા બાકી છે? મેં ૮૦૫ રૂપિયા ચૂકવ્યા... ફક્ત એક શૌચાલય વાપરવા માટે. ગઈકાલે હું મારા પરિવાર સાથે રાજસ્થાનમાં ખાટુ શ્યામજી ગઈ હતી. મારી માતાની લાંબા સમયથી ઈચ્છા હતી કે હું એકવાર મંદિરમાં જઈને દર્શન કરું. અમે સવારે ૬ વાગ્યે હોટેલ છોડી દીધી અને ૭ વાગ્યે અમે દર્શન માટે લાઈનમાં ઉભા હતા. કોઈ ફરિયાદ વગર બે કલાક લાઈનમાં ઊભા રહ્યા

કતારમાં ઊભા હતા ત્યારે મારી માતાની તબિયત અચાનક બગડી ગઈ. તેને પેટમાં ખૂબ દુખાવો થવા લાગ્યો અને ઉલટી થવા લાગી. અમે મમ્મીની સંભાળ રાખતા હતા ત્યારે પપ્પાએ વોશરુમ માટે આમતેમ તપાસ કરી. પરંતુ એક કિલોમીટરના એરિયામાં કોઈ વોશરુમ નહોતું. કેટલાક જાહેર બાથરૂમ હતા, પણ તે બિલકુલ સારી સ્થિતિમાં નહોતા. મમ્મીનો દુખાવો વધી રહ્યો હતો અને તે ઊભી પણ રહી શકતી નહોતી.

અમે નજીકની હોટેલમાં દોડી ગયા અને રિસેપ્શન પર વિનંતી કરી - અમને રૂમ નથી જોઈતો, અમે ફક્ત ૫-૧૦ મિનિટ માટે વોશરૂમનો ઉપયોગ કરવા માંગીએ છીએ. ઈમરજન્સી છે, કૃપા કરીને મદદ કરો. રિસેપ્શનિસ્ટે મારી માતાની હાલત જોઈ... અને કહ્યું, વોશરૂમનો ઉપયોગ કરવા માટે ૮૦૦ રૂપિયાનો ખર્ચ થશે. અમે બધા સ્તબ્ધ થઈ ગયા. કોઈ સહાનુ-ભૂતિ નથી. કોઈ સંકોચ નથી. અમે તેને સમજાવવાનો પ્રયાસ કર્યો. કહ્યું કે અમારી હોટેલ અહીંથી ૭ કિલ-ોમીટર દૂર છે. આ માનવતા અને આદરનો પ્રશ્ન છે. પણ તેણે જરા પણ પાછીપાની કરી નહીં. આ બધાની વચ્ચે મમ્મી હવે ઊભી પણ રહી શકતી ન હતી. બીજો કોઈ વિકલ્પ નહોતો. અમારે પૈસા આપવા પડ્યા. જ્યારે પપ્પાએ બિલ માંગ્યું, ત્યારે રિસેપ્શનિસ્ટ બૂમો પાડવા લાગી. પહેલા તેણે કહ્યું, 'બિલ છોડી દો, ૧૦૦ રૂપિયા ઓછા આપો.' પણ પપ્પાના આગ્રહથી, તેમણે આખરે મને ૮૦૫ રૂપિયાનું બિલ આપ્યું. ફક્ત ૬ મિનિટ વોશરૂમનો ઉપયોગ કરવા માટે. અને હું આ બધું સહાનુભૂતિ મેળવવા માટે નથી લખી રહી. હું આ લખી રહી છું કારણ કે આજે પણ હું આ સમજી શકતી નથી... કોઈ પીડાથી કણસતી સ્ત્રીને જોઈને માનવતાની કિંમત કેવી રીતે વસૂલ કરી શકે? આખરે આપણે શું બની રહ્યા છીએ?

આ બધું કોઈ અજાણી જગ્યાએ નહીં, પણ એક આધ્યાત્મિક સ્થળના દરવાજા પર બન્યું. ત્યાં જ્યાં આપણે શાંતિ, કરુણા અને શ્રદ્ધાની શોધમાં જઈએ છીએ. પણ ગઈકાલે મેં જે જોયું તે હૃદયદ્રાવક હતું.

# બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીએ આતંકવાદી હુમલાની પરચી કેમ ન કાઢી?

## શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદનો આક્રોશ

**સમય મિરર । નવી દિલ્હી**

પહલગામ હુમલા પર સવાલ ઉઠાવતા શંકરાચાર્યએ કહ્યું કે, 'આતંકવાદીઓ દેશમાં કેવી રીતે ઘૂસ્યા? ૪૦ મિનિટ સુધી તેઓ લોકોને મારતા રહ્યા અને પછી સરળતાથી ભાગી નીકળ્યા. તેમણે મોદી સરકાર પાસે આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરી છે. સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું કે, 'જ્યાં સુધી આપણે આપણી અંદરના દુશ્મનોને નહીં ઓળખીએ, ત્યાં સુધી દેશની સુરક્ષા પર માત્ર વાતો જ ચાલુ રહેશે. સુરક્ષામાં આટલી મોટી ખામી કેવી રીતે થઈ? આતંકવાદીઓ આટલા લાંબા સમય સુધી મુક્તપણે કેવી રીતે ફરતા રહ્યા? તેમજ, જ્યારે હુમલા પછી તરત જ આતંકવાદીઓના નામ અને ફોટા મળી જાય છે, તો પછી આ માહિતી પહેલા કેમ મળી ન હતી?'

શંકરાચાર્યને બાગેશ્વર ધામના મહારાજને લઈને પૂછતા સવાલ કરતાં કહ્યું કે, તેઓ દરેક માટે પરચી કાઢે છે તો, આ ઘટના માટે પરચી કેમ ન કાઢી. આ અંગે સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે અમને પણ અપેક્ષા છે કે, મહારાજ આતંકવાદીઓ માટે પણ પરચી કાઢે. તો અમને લોકોને પણ ખબર પડે.

સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે, 'બાગેશ્વર ધામના મહારાજ હિન્દુ રાષ્ટ્ર બનાવવાની વાત કરે છે. તેમણે જે ગામને હિન્દુ ગામ બનાવ્યું છે, તે ગામમાં પહેલેથી જ બાગેશ્વર મહા-રાજ બિરાજમાન છે. એ તો હિન્દુ જ છે, તો પછી તેને હિન્દુ ગામ બનાવ-વાની શું જરૂર હતી.

# ભૂલથી સરહદ ઓળંગી જનાર બીએસએફનો જવાન પાંચ દિવસથી પાકિસ્તાનના કબજામાં

**સમય મિરર । નવી દિલ્હી**

પહલગામમાં આતંકવાદી હુમલા બાદ બુધવારે BSFનો એક જવાન ભૂલથી આંતરરાષ્ટ્રીય સીમા પાર કરી પાકિસ્તાન જતા રહ્યા હતાં. તે ચાર દિવસથી પાકિસ્તાનની કસ્ટડીમાં છે. અત્યાર સુધી તેમને મુક્ત કરવામાં નથી આવ્યા. ભારત દ્વારા અનેકવાર વિનંતી કર્યા છતાં પર્ણબ કુમારની મુક્તિ પર પાકિસ્તાન તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં નથી આવી. BSFના એક અધિકારીએ જણાવ્યું કે, 'બુધવાર બપોરથી અમે પાકિસ્તાન તરફથી કોઈ સકારાત્મક પગલાંની પ્રતીક્ષા કરી રહ્યા છે, પરંતુ હજુ સુધી કોઈ સફળતા નથી મળી.'

શુક્રવારે BSF અને પાકિસ્તાની રેન્જર્સ વચ્ચે થયેલી ફ્લેગ બેઠકમાં પણ પરિણામ નથી આવ્યું. આ ઘટના બાદ ત્રીજી ફ્લેગ બેઠક હતી જે BSFએ બોલાવી હતી. એક અધિકારીએ જણાવ્યું કે, 'અમે નક્કી કરવામાં આવેલી જગ્યાએ ઝંડો ઉઠાવીને પ્રોટોકોલ હેઠળ બેઠક માટે અમારી ઉપસ્થિતિ નોંધાવી. પરંતુ, શરૂઆતામાં પાકિસ્તાની રેન્જર્સ તરફથી કોઈ પ્રતિક્રિયા સામે નથી આવી. બાદમાં બપોરે તેઓ આવ્યા અને સવાલ કર્યો કે, જ્યારે સ્થિતિ સ્પષ્ટ છે તો બેઠક કેમ બોલાવવામાં આવી છે? પાકિસ્તાની રેન્જર્સે સૂચિત કર્યું કે, તે પોતાના વરિષ્ઠ અધિકારીઓના આદેશની રાહ જુએ છે



અને એકવાર ફરી કોઈ પરિણામ વિના વાતચીત ખતમ થઈ ગઈ.' પર્ણબ કુમાર પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના રહેવાસી છે. બુધવારે બપોરે સીમા પેસા ખેડૂતોની મદદ કરતા સમયે અજાણતા પાકિસ્તાની વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો. BSFના અન્ય એક અધિકારીએ જણાવ્યું કે, 'ભારતીય સીમા પર તો બાડ છે, પરંતુ વાસ્તવિક આંતરરાષ્ટ્રીય સરહદ એક નાના થાંભલા દ્વારા ચિહ્નિત થયેલ છે, જેને નવા સૈનિકો માટે ઓળખવી મુશ્કેલ હોઈ શકે છે. ભારત સમયાંતરે માનવતાવાદી ધોરણે પાકિસ્તાની નાગરિકો અને સુરક્ષા કર્મચારીઓને પરત મોકલી રહ્યું છે, જે ભૂલથી આપણી સરહદમાં પ્રવેશ કરે છે.'

# પાકિસ્તાનમાં સૈનિકો કરતા ભિખારીઓની જમાત વધારે : ૨૦ મિલિયન ભિખારી ભીખ માંગે છે

## સાઉદીએ ત્રણ વર્ષમાં ૪૭૦૦ ભિખારી હાંકી કાઢ્યા, હજ ઉમરાહ માટે સખ્ત વિઝા નિયંત્રણ

**સમય મિરર । નવી દિલ્હી**

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ભારતને 'યુદ્ધ'ની ધમકી આપી છે. તે એવા સમયે ધમકીઓ આપી રહ્યો છે જ્યારે પાકિસ્તાનમાં લાખો ભિખારીઓ છે. તે જ સમયે, સાઉદી અરેબિયાએ હજારો ભિખારીઓને દેશમાંથી હાંકી કાઢ્યા છે. પાકિસ્તાનની બગડતી અર્થવ્યવસ્થા, વધતા દેવા અને વૈશ્વિક મંચ પર 'ભિખારી રાષ્ટ્ર' તરીકેની તેની છબી સાથે, પાકિસ્તાનનો યુદ્ધનો ભય મજાકથી વધુ કંઈ નથી. છતાં, આસિફ અને આર્મી ચીફ અસીમ મુનીર ભારતને ઉશ્કેરવાનું બંધ કરી રહ્યા નથી. અને તેના બહુ ઓછા મિત્રો બાકી છે.



પાકિસ્તાનની હાલતનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેનો સૌથી નજીકનો સાથી સાઉદી અરેબિયા પણ તેનાથી નારાજ છે. સાઉદી અરેબિયાએ છેલ્લા ત્રણ વર્ષમાં ૪,૭૦૦ પાકિસ્તાની ભિખારીઓને દેશમાંથી હાંકી કાઢ્યા છે. તેઓ ઉમરાહ અને હજ વિઝાના બહાને મક્કા અને મદીનામાં ભીખ માંગી રહ્યા હતા. સાઉદી અરેબિયાની કડક નીતિઓ હેઠળ, ભિખારીઓને દંડ, જેલ અને દેશનિકાલની સજા ફટકારવામાં આવે છે. આ કારણે, પાકિસ્તાન વિશ્વમાં ખરાબ રીતે ઠપકો પામે છે. આ જ કારણ છે કે પાકિસ્તાને તાજેતરમાં ૪,૩૦૦ ભિખારીઓને એક્ઝિટ કંટ્રોલ લિસ્ટમાં મૂક્યા છે.

ખ્વાજા મુહમ્મદ આસિફ ભારતને ધમકી આપી રહ્યા છે, પરંતુ તે પહેલાં તેમણે એક અઠવાડિયા પહેલા પાકિસ્તાની અખબાર ડોનમાં આપેલું તેમનું નિવેદન વાંચવું જોઈએ. ડોનના અહેવાલ મુજબ, તેમણે કહ્યું કે પાકિસ્તાનમાં ૨૦ મિલિયન ભિખારીઓ છે જે દર વર્ષે ૪૨ અબજ રૂપિયા કમાય છે. જોકે, જો આ આંકડો સાચો હોય, તો પાકિસ્તાનમાં સેના કરતાં વધુ ભિખારીઓ છે. પાકિસ્તાની સેનામાં ૬.૫૪ લાખ સક્રિય અને ૫.૫ લાખ અનામત સૈનિકો છે. ખ્વાજા આસિફે ચિંતા વ્યક્ત કરી કે ભિખારીઓની વધતી સંખ્યા વિશ્વમાં દેશની છબી બગાડી રહી છે. શનિવારે, તેમણે તેમના વતન સિયા-લકોટમાં એક સંબોધન આપ્યું. આમાં તેમણે સ્વીકાર્યું કે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૪,૭૦૦ પાકિસ્તાની ભિખારીઓને દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. જોકે, તેમણે આ અંગે કોઈ સમયમર્યાદા આપી ન હતી.

samaymirror@gmail.com

# સમય મિરર

SAMAY MIRROR (MORNING DAILY)

RNI NO:-GUJGUJ/2022/84575

DATE : 28-4-2025 ■ MONDAY

# દેશનું લોહી ઉકળી રહ્યું છે, પીડિત પરિવારોને ચોક્કસ ન્યાય મળશે

# પીએમ મોદીની મન કી બાત

## હુમલાના ગુનેગારો – કાવતરાખોરોને કડક જવાબ આપવાની વડાપ્રધાન મોદીની ગેરંટી

**સમય મિરર । નવી દિલ્હી**

પીએમ મોદીએ રેડિયો શો 'મન કી બાત'ના ૧૨૧મા એપિસોડની શરૂઆત પહેલગામમાં માર્યા ગયેલા લોકોને યાદ કરીને કરી. મોદીએ કહ્યું- આ આતંકવાદી હુમલા પછી આખો દેશ એક સૂરમાં બોલી રહ્યો છે. આખી દુનિયાએ શોક વ્યક્ત કર્યો છે. આ સાથે, તેમણે કહ્યું કે પહેલગામ હુમલાને કારણે દેશનું લોહી ઉકળી રહ્યું છેછે. પીડિત પરિવારને ચોક્કસ ન્યાય મળશે.

પીએમ મોદીએ ફરી એકવાર પહેલગામ હુમલા પર દુઃખ વ્યક્ત કર્યું અને પહેલગામના ગુનેગારોને કડક સજા આપવાની વાત કરી હતી. તેમણે કહ્યું કે 'પહલગામ ઘટનાએ દેશવાસીઓને દુઃખ થયું છે અને તેમના હૃદયમાં આ અંગે ભારે વેદના છે. લોકો પીડિતોના પરિવારોનું દુઃખ અનુભવી શકે છે. આતંકની આ તસવીરો જોઈને દરેક ભારતીયનું લોહી ઉકળી રહ્યું છે. એવા સમયે હુમલો કરવામાં આવ્યો જ્યારે કાશ્મીરમાં શાંતિ પાછી ફરી રહી હતી અને લોકશાહી મજબૂત થઈ રહી હતી.

મોદીએ કહ્યું- કાશ્મીરમાં શાંતિ પાછી ફરી રહી છે, શાળાઓ અને કોલેજો સારી રીતે ચાલી રહી હતી, બાંધકામ કાર્ય અભૂતપૂર્વ ગતિએ પહોંચી ગયું છે, લોકશાહી મજબૂત થઈ રહી છે, પ્રવાસીઓની સંખ્યામાં રેકોર્ડ વધારો થયો છે વિકાસ થયો, લોકોની આવક વધી રહી હતી, યુવાનો માટે નવી તકોનું સર્જન થઈ રહ્યું હતું. દેશના દુશ્મનો, જમ્મુ અને કાશ્મીરના દુશ્મનોને આ ગમ્યું નહીં. મોદીએ અસરગ્રસ્ત પરિવારોને ન્યાયની ખાતરી આપી. તેમણે કહ્યું- આ હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને કડક જવાબ આપવામાં આવશે.

આતંકવાદીઓ ઇચ્છે છે કે કાશ્મીર ફરીથી બરબાદ થાય પ્રવાસીઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો હતો અને લોકોની આવક વધી રહી હતી, પરંતુ દેશના દુશ્મનો અને જમ્મુ-કાશ્મીરના દુશ્મનોને આ ગમ્યું નહીં. આતંકવાદીઓ ઇચ્છે છે કે કાશ્મીર ફરીથી બરબાદ થાય. આ મુશ્કેલ સમયમાં ૧૪૦ કરોડ દેશવાસીઓની એકતા આ સૌથી મોટો આધાર છે.

પીએમ મોદીએ કહ્યું કે 'આપણે આ પડકારનો સામનો કરવા માટે આપણા સંકલ્પને મજબૂત બનાવવો પડશે.' એક મજબૂત રાષ્ટ્ર તરીકે આપણે આપણી ઇચ્છાશક્તિને મજબૂત બનાવવી પડશે. ભારતના લોકોમાં જે રોષ છે તે આખી દુનિયામાં અનુભવાય છે. આ આતંકવાદી હુમલા બાદ, વિશ્વભરમાંથી સતત શોક વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ઘણા રાજ્યોના વડાઓએ પણ તેમને ફોન કરીને પહેલગામની આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે.

આ જઘન્ય આતંકવાદી હુમલાની બધાએ સખત નિંદા કરી છે. આતંકવાદ સામેની લડાઈમાં આખું વિશ્વ દેશની સાથે ઉભું છે. હું પીડિત પરિવારોને ખાતરી આપું છું કે તેમને ન્યાય મળશે... અને ન્યાય ચોક્કસ મળશે. આ હુમલાના ગુનેગારોને સૌથી કડક જવાબ આપવામાં આવશે.

### આતંકવાદીઓએ કુપવાડામાં ઘરમાં ઘુસી સામાજિક કાર્યકરને ગોળી ધરબી

જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં શંકાસ્પદ બંદૂકધારીઓએ શનિવારે મોડી રાત્રે ૪૫ વર્ષીય ગુલામ રસૂલ માગરે નામના સામાજિક કાર્યકારની તેમના નિવાસસ્થાને ગોળી મારી દેવામાં આવી હતી. જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને તાત્કાલિક તબીબી સુવિધા માટે લઈ જવામાં આવ્યા હતા પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું. હુમલા બાદ, સંયુક્ત સુરક્ષા દળોએ હુમલાખોરોને શોધવા માટે મોટા પાયે શોધખોળ અભિયાન શરૂ કર્યું. જમ્મુ અને કાશ્મીર પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. જોકે હત્યા પાછળનો હેતુ સ્પષ્ટ નથી, સુરક્ષા સૂત્રોએ જણાવ્યું હતું કે માગરેનો ભાઈ ગુલામ મોહીદ્દીન માગરે લાઈન ઓફ કંટ્રોલ પાર કરીને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં રહે છે. મોહિદ્દીન લશ્કર-એ-તૈયબા આતંકવાદી જૂથનો સક્રિય સભ્ય હોવાનું માનવામાં આવે છે. કુપવાડામાં એક નાગરિકની હત્યા એવા સમયે થઈ છે જ્યારે સુરક્ષા દળોએ આ અઠવાડિયાની શરૂઆતમાં પહલગામ હુમલાને પગલે કાશ્મીરમાં આતંકવાદીઓ અને તેમના સમર્થકો સામે કાર્યવાહી તીવ્ર બનાવી દીધી છે. ચાલુ કાર્યવાહીમાં, ઓછામાં ઓછા ૯ આતંકવાદીઓના ઘરો વિસ્ફોટકોનો ઉપયોગ કરીને તોડી પાડવામાં આવ્યા છે અને સેંકડો શંકાસ્પદોને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા છે.

### સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને મળ્યા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અનિલ ચૌહાણ

ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) અનિલ ચૌહાણે રવિવારે સાંજે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની મુલાકાત કરી હતી. આ સમય દરમિયાન, સુરક્ષા દળો દ્વારા કરવામાં આવી રહેલા ઓપરેશનની માહિતી સંરક્ષણ પ્રધાનને આપી હતી. આ ઉપરાંત સુરક્ષા અને ભવિષ્યની રણનીતિ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં આતંકવાદીઓના ઘણા સહયોગીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી મોટી માત્રામાં હથિયારો પણ મળી આવ્યા છે.સુરક્ષા દળોએ રવિવારે કડક કાર્યવાહી કરી અને શોપિયાન જિલ્લામાં એક સક્રિય આતંકવાદીનું ઘર તોડી પાડ્યું. પોલીસના જણાવ્યા અનુસાર, આતંકવાદીની ઓળખ અદનાન શફી તરીકે થઈ છે, જે જૈનાપોરા તહસીલના વંદીના ગામનો રહેવાસી છે. અદનાન શફી એક વર્ષ પહેલા એક આતંકવાદી જૂથમાં જોડાયો હતો અને ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા ઘાતક આતંકવાદી હુમલામાં સામેલ હોવાનું માનવામાં આવે છે.



# પહલગામ હુમલા પર વિવાદિત પોસ્ટ કરવા બદલ 7 રાજ્યોમાં 26ની ધરપકડ

## આસામના ધારાસભ્ય સહિત પત્રકારો, વકીલો અને છાત્રો પર ગુનો નોંધાયો



**સમય મિરર । નવી દિલ્હી**

પહેલગામ આતંકવાદી હુમલા અંગે સોશિયલ મીડિયા પર વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરવા બદલ ૭ રાજ્યોમાંથી ૨૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ તમામ ધરપકડમાં આસામના વિપક્ષી પક્ષ AIUDFના એક ધારાસભ્ય, એક પત્રકાર, એક વિદ્યાર્થી અને એક વકીલ સામેલ છે.

સોશિયલ મીડિયા પર વિવાદાસ્પદ પોસ્ટ પોસ્ટ કરવા બદલ દેશભરના અનેક રાજ્યોમાં ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, આસામ, મેઘાલય અને ત્રિપુરાનો સમાવેશ થાય છે. આસામમાંથી સૌથી વધુ ૧૪ની ધરપકડ કરવામાં આવી છે. પહેલગામ હુમલા પર સોશિયલ મીડિયા પર વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરવા બદલ આસામના ધારાસભ્યની ૨૪ એપ્રિલના રોજ પહેલી ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા ધારાસભ્ય અમીનુલ ઈસ્લામ આસામના વિપક્ષી પક્ષ AIUDF સાથે સંબંધિત છે. તેમણે ૨૦૧૯ના પુલવામા હુમલા અને ૨૨ એપ્રિલના પહેલગામ હુમલાને 'સરકારી ષડયંત્ર' ગણાવ્યું હતું. તેમની સામે રાજદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો હતો અને ૨૫ એપ્રિલે તેમને ચાર દિવસની પોલીસ કસ્ટડીમાં ધકેલવામાં આવ્યા હતા. ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણીને કારણે, પોલીસ ૨૪ એપ્રિલે તેમની ધરપકડ કરવા માટે તેમના ઘરે પહોંચી હતી. ૨૫ એપ્રિલના રોજ, મધ્યપ્રદેશના ભોપાલની એક કોલેજમાં ગેસ્ટ લેક્ચરર નસીમ બાનોએ પહેલગામ હુમલા અંગે વોટ્સએપ પર એક વિવાદાસ્પદ વીડિયો શેર કર્યો હતો. આના પર પોલીસે લેક્ચરરને કસ્ટડીમાં લીધો. વિદ્યાર્થી સંગઠન ABVP એ કડક કાર્યવાહીની માંગ કરી છે. જોકે, લેક્ચરરે દાવો કર્યો હતો કે તેણે આ વીડિયો બનાવ્યો નથી. આ વીડિયો ભૂલથી વોટ્સએપ સ્ટેટસ પર પોસ્ટ થયો હતો. રાજ્યમાં આવા કેસોમાં અગાઉ ૩ ધરપકડ કરવામાં આવી છે.

છત્તીસગઢના એક વ્યક્તિએ પહેલગામ હુમલા માટે સોશિયલ મીડિયા પર આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાની પ્રશંસા કરી. આ માટે પોલીસે તેની ધરપકડ કરી.

૨૫ એપ્રિલના રોજ, વિવાદાસ્પદ ટિપ્પણી કેસમાં આસામમાંથી ૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આમાં એક પત્રકાર, એક વિદ્યાર્થી અને એક વકીલનો સમાવેશ થતો હતો. આ આરોપીઓએ સોશિયલ મીડિયા પર સરકાર વિરોધી અને દેશ વિરોધી ટિપ્પણીઓ કરી હતી. ત્રિપુરામાં અત્યાર સુધીમાં ચાર ધરપકડ કરવામાં આવી છે, જેમાં બે નિવૃત્ત શિક્ષકોનો સમાવેશ થાય છે. યુપી, ઝારખંડ અને છત્તીસગઢમાંથી પણ એક-એક ધરપકડ કરવામાં આવી છે.

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કહ્યું કે જો જરૂર પડશે તો આ ધરપકડો પર રાષ્ટ્રીય સુરક્ષા કાયદો (NSA) પણ લાગુ કરવામાં આવશે. અમે બધી સોશિયલ મીડિયા પોસ્ટ્સ ચકાસી રહ્યા છીએ, અને જે કોઈ પણ રાષ્ટ્રવિરોધી જણાશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ સમાનતા નથી. બંને દેશો એકબીજાના દુશ્મન છે અને આપણે આમ જ રહેવું જોઈએ.

### પાકમાં જીવનરક્ષક દવાઓના કાળા બજાર શરૂ

# પાણી – વિઝા બાદ હવે ભારતે પાકિસ્તાનની દવા પણ બંધ કરી

**સમય મિરર । નવી દિલ્હી**

પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારતની કાર્યવાહી પાકિસ્તાન માટે ઘણી રીતે સંકટ ઉભી કરી રહી હોય તેવું લાગે છે. આવી સ્થિતિમાં, એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાનમાં પણ દવાઓની અછત સર્જાઈ શકે છે.

હાલમાં, પાકિસ્તાન દવાઓ માટેના 30% થી 40% કાચા માલ માટે ભારત પર નિર્ભર છે, જેમાં સક્રિય ફાર્માસ્યુટિકલ ઘટકો (API) અને અનેક અદ્યતન ઉપચારાત્મક ઉત્પાદનોનો સમાવેશ થાય છે.ડ્રગ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ પાકિસ્તાન (DRAP) એ પુષ્ટિ આપી છે કે ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર પર પ્રતિબંધની અસર અંગે કોઈ ઔપચારિક સૂચના આપવામાં આવી નથી, પરંતુ આકસ્મિક યોજનાઓ પહેલાથી જ અમલમાં છે.

DRAP ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ૨૦૧૯ ના સંકટ પછી, અમે આવા સંકટ માટે તૈયારી શરૂ કરી દીધી હતી. અમે હવે અમારી દવાની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વૈકલ્પિક રસ્તાઓ શોધી રહ્યા છીએ. DRAP હવે ચીન, રશિયા અને ઘણા યુરોપિયન દેશોમાંથી વૈકલ્પિક સ્ત્રોતો શોધી રહ્યું છે. પરંતુ ફાર્મા ઉદ્યોગના આંતરિક સૂત્રો અને આરોગ્ય નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જો વેપાર સસ્પેન્શનના પરિણામોનો સામનો કરવા માટે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો એક મોટો પડકાર ઊભો થઈ શકે છે. આરોગ્ય મંત્રાલયને હજુ સુધી દવાની આયાતની સ્થિતિ સ્પષ્ટ કરતો કોઈ સત્તાવાર નિર્દેશ મળ્યો નથી, જ્યારે સરકારે ભારત સાથેના તમામ વેપારને સ્થગિત કરવાની જાહેરાત કરી છે. ફાર્માસ્યુટિકલ ક્ષેત્રને ડર છે કે સપ્લાય ચેઈનમાં વિક્ષેપ પાકિસ્તાનમાં ગંભીર સમસ્યાઓ તરફ દોરી શકે છે. પાકિસ્તાનમાં દવાઓના કાળા બજાર અંગે પણ પરિસ્થિતિ ગંભીર છે, જ્યાં નોંધણી વગરની અને અમાન્ય દવાઓ, જેમાંથી ઘણી ભારતીય મૂળની છે, અફઘાનિસ્તાન, ઈરાન, દુબઈ અને પૂર્વીય સરહદ દ્વારા પાકિસ્તાનમાં દાણચોરી કરવામાં આવે છે.

# POKમાં ઝેલમ નદીના પાણીનું સ્તર અચાનક વધ્યું : મસ્જિદોમાંથી એલર્ટ જારી

## જાણી જોઈને વધુ પાણી છોડવાનો ભારત પર આરોપ લગાવતું પાકિસ્તાન

**સમય મિરર । નવી દિલ્હી**

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) માં ઝેલમ નદીનું પાણીનું સ્તર અચાનક વધી ગયું, જેના કારણે ઘણા વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ ગઈ. આ પછી, અધિકારીઓએ એલર્ટ જારી કર્યું અને સ્થાનિક લોકોને સલામત સ્થળોએ જવા કહ્યું. અહેવાલો અનુસાર, વહીવટીતંત્રે હટિયાન બાલા વિસ્તારમાં પાણીની કટોકટી જાહેર કરી છે. તે જ સમયે, મસ્જિદોમાંથી સતત ચેતવણીઓ પણ આપવામાં આવી રહી છે.

રાજધાની મુઝફ્ફરાબાદના ડેપ્યુટી કમિશનર મુદસ્સર ફારૂકે સ્થાનિક રહેવાસીઓને ઝેલમ નદીની નજીકના વિસ્તારોમાં જવાનું ટાળવા જણાવ્યું છે. તેમણે ઝેલમમાં વધારાનું પાણી છોડવાને ભારત તરફથી એક જાણી જોઈને લેવાયેલું પગલું ગણાવ્યું. ડેપ્યુટી કમિશનર ફારૂકે જણાવ્યું હતું કે ભારતે ઝેલમ નદીમાં સામાન્ય કરતાં વધુ પાણી છોડ્યું છે, જેના કારણે પૂર આવ્યું છે. અત્યારે ચિંતા કરવાની કોઈ વાત નથી. તેમ છતાં, અમે લોકોને નદી વિસ્તારથી દૂર રહેવા અને પ્રાણીઓને ત્યાં ન લઈ જવાની અપીલ કરી છે. તે જ સમયે, રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (SDMA)ના નિયામકએ જણાવ્યું હતું કે તેમને વધારાનું પાણી છોડવા અંગે કોઈ પૂર્વ ચેતવણી મળી નથી. તેમણે વધુમાં કહ્યું કે, માંગલા ડેમ સુધી પાણી પહોંચવામાં સમય લાગશે. હાલમાં, નીચાણવાળા વિસ્તારોમાં સલામતીના પગલાં પહેલાથી જ લાગુ કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, મુઝફ્ફરાબાદના ઝેલમમાં દર સેકન્ડે ૨૨,૦૦૦ ઘન ફૂટ પાણી વહી રહ્યું છે. આનાથી ગારી દુપટ્ટા, માજોઈ અને મુઝફ્ફરાબાદ જેવા વિસ્તારોમાં રહેતા લોકોમાં ચિંતા વધી ગઈ છે.

પહલગામ હુમલા બાદ તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે પાકિસ્તાની મીડિયાએ ભારત સામે ગંભીર આરોપ લગાવ્યો છે. પાકિસ્તાનના ડોન ન્યૂઝ અનુસાર પાકિસ્તાનના મુઝફ્ફરાબાદ જિલ્લાની આસપાસ પાણીનું સ્તર ઝડપથી વધી રહ્યું છે અને પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

જેના કારણે સમગ્ર વિસ્તારમાં વોટર ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. પાકિસ્તાની મીડિયાએ આ સ્થિતિ માટે પણ ભારતને જવાબદાર ઠેરવ્યું છે. ભારતે પાકિસ્તાનને જાણ કર્યા વિના ઝેલમ નદીનું પાણી છોડી દીધું હોવાનો દાવો કરાયો છે, જેના કારણે પૂરની આ ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે. અહેવાલ અનુસાર સ્થાનિક વહીવટીતંત્રે હટિયાન બાલામાં વોટર ઈમરજન્સી જાહેર કરી છે અને લોકોને એલર્ટ કર્યા છે. મસ્જિદોમાં જાહેરાતો દ્વારા સ્થાનિક લોકોને પણ ચેતવણી આપવામાં આવી છે. આ સમાચાર બહાર આવ્યા બાદ નદી કિનારે રહેતા લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો છે. અહેવાલો અનુસાર, આ પાણી ભારતના અનંતનાગથી થઈને પાકિસ્તાનના ચકોઠી વિસ્તારમાંથી વહી રહ્યું છે.

# પાકિસ્તાનમાં ભારે ફફડાટ : પીઓકેમાં ઈમર્જન્સી લાગુ, હેલ્થ વર્કરોની રજાઓ રદ્દ

## સરકારી વાહનોના ખાનગી ઉપયોગ પર સજ્જડ પ્રતિબંધ

**સમય મિરર । નવી દિલ્હી**

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે કડક વલણ અપનાવ્યું છે અને સેનાએ મોરચો સંભાળી લીધો છે. આતંકવાદીઓના ઠેકાણાઓને નષ્ટ કરવામાં આવી રહ્યા છે અને તેમની શોધખોળ તેજ કરવામાં આવી છે. ભારતની કાર્યવાહીની સીધી અસર પાકિસ્તાનમાં જોવા મળી રહી છે અને તેને મોટા લશ્કરી કાર્યવાહીનો ડર લાગી ગયો છે. જેના પગલે પાકિસ્તાને પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) વહીવટીતંત્રે કટોકટી પ્રતિબંધો લાદ્યા છે અને આરોગ્ય કર્મચારીઓની રજાઓ અને સ્થાનાંતરણ તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપ્યો છે.

૨૫ એપ્રિલના રોજ ઝેલમ વેલી હેલ્થ ડિરેક્ટોરેટ દ્વારા જારી કરાયેલા આદેશમાં 'કટોકટી પરિસ્થિતિ'નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને તમામ હોસ્પિટલો અને આરોગ્ય એકમોમાં તબીબી કર્મચારીઓને તેમના સંબંધિત ડ્યુટી પોઈન્ટ પર તૈનાત રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. એવું પણ કહેવામાં આવ્યું હતું કે કોઈપણ કર્મચારીને રજા કે ટ્રાન્સફર આપવામાં આવશે નહીં. સરકારી વાહનોના ખાનગી ઉપયોગ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ આદેશમાં લખવામાં આવ્યું હતું કે, 'દેશમાં કટોકટીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, તમામ આરોગ્ય કેન્દ્રોના ઇન્ચાર્જને જિલ્લા મુખ્યાલય હોસ્પિટલ તેમજ જિલ્લાના તમામ તબીબી કેન્દ્રોમાં કોઈપણ અનિચ્છનીય ઘટનાનો સામનો કરવા માટે ડોકટરો, પેરામેડિકલ સ્ટાફ અને એમ્બ્યુલન્સ ડ્રાઈવરોને હંમેશા તૈયાર રાખવાનો નિર્દેશ આપવામાં આવે છે.'

આ ઉપરાંત, આરોગ્ય કેન્દ્રોના તમામ તબીબી અધિકારીઓ/પેરા મેડિકલ સ્ટાફ કે જેઓ પહેલેથી જ રજા પર છે, તેમને તેમની રજા રદ કરવા અને ફરજ પર જતા પહેલા ઓફિસની લેખિત પરવાનગી લેવાનો નિર્દેશ આપવામાં આવ્યા છે. જો બેદરકારી જણાશે, તો સંબંધિત ડોકટરો/પેરામેડિકલ મેડિકલ સ્ટાફ સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવશે. આ આદેશ તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

પીઓકે પ્રશાસનના આ અચાનક પગલાથી પાકિસ્તાનમાં ફેલાયેલો ગભરાટ સ્પષ્ટપણે દેખાય છે. ભારતીય સુરક્ષા એજન્સીઓએ પણ આ 'કટોકટી આદેશ'ને ગંભીરતાથી લીધો છે અને આશંકા વ્યક્ત કરી છે કે લાઈન ઓફ કંટ્રોલ (LoC) નજીક અસામાન્ય લશ્કરી અથવા આતંકવાદી પ્રવૃત્તિઓ વધી શકે છે.

જેના પગલે દક્ષિણ કાશ્મીરના પહલગામ અને આસપાસના વિસ્તારોમાં આતંકવાદીઓ દ્વારા ઘૂસણખોરીના પ્રયાસો અને આતંકવાદી પ્રવૃત્તિઓ ફરીથી સક્રિય થવાની સંભાવના હોવાથી ભારતીય સુરક્ષા દળોએ પહલગામ અને અનંતનાગ જિલ્લામાં પેટ્રોલિંગ અને દેખરેખ વધુ તીવ્ર બનાવી દીધી છે.

પહલગામ હુમલા પછી જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળો એલર્ટ પર થઈ ગયા છે, છતાં જમ્મુ-કાશ્મીરના પ્રવાસન સ્થળો પર આતંકીઓ વધુ હુમલા કરવાનું કાવતરું ઘડી રહ્યા હોવાનું ગુપ્તચર અહેવાલોમાં જણાવાયું છે. ગુપ્તચર એજન્સીઓ મુજબ પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તોયબાનું ખતરનાક મોડયુલ કાશ્મીરમાં ફરી આતંકી હુમલા કરવાની તૈયારીમાં છે. આ વખતે પણ ટાર્ગેટ કિલિંગ સાથે મોટા આતંકી હુમલાની આશંકા છે. આ આતંકીઓના નિશાના પર દક્ષિણ કાશ્મીરના પ્રવાસન સ્થળો છે, જેને પગલે સમગ્ર કેન્દ્ર-શાસિત પ્રદેશમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

અનંતનાગ પોલીસે કહ્યું કે કોઈ પણ સંભવિત આતંકી નેટવર્કને તોડી પાડવા માટે અને જિલ્લાને સુરક્ષિત કરવા માટે અભિયાન ચલાવાઈ રહ્યું છે. અનંતનાગ પોલીસે લોકોને પણ શકમંદો અથવા શકમંદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા વિનંતી કરી છે.

બીજીબાજુ સુરક્ષા દળોએ જમ્મુ-કાશ્મીરમાં સક્રિય ૧૪ આતંકીઓની યાદી તૈયાર કરી છે અને તેમને ઝડપી લેવા માટે અભિયાન શરૂ કર્યું છે. આ આતંકીઓ પાકિસ્તાન સ્થિ લશ્કર-એ-તોયબાના વિદેશી આતંકીઓનું નેટવર્ક મજબૂત બનાવે છે તથા સ્થાનિક સ્તર પર અનેક પ્રકારની સહાય કરે છે. તેમને આશરો આપે છે. આ નેટવર્કને શક્ય એટલા વહેલા તોડી પડાશે.

## તંત્રીલેખ



# કાશ્મીરમાં આતંકવાદના જૂના ખરજવાની જડમુળથી દવા થશે

વર્ષ ૧૯૪૭માં ભારત અને પાકિસ્તાનને બ્રિટિશ શાસનમાંથી આઝાદી મળી. એ સમયે તત્કાલીન રાજવીઓને વિકલ્પ આપવામાં આવ્યો હતો કે તેઓ ઇચ્છે તો બંનેમાંથી કોઈ દેશ સાથે જોડાઈ શકે છે. એ સમયે મુસ્લિમબહુલ જમ્મુ-કાશ્મીરના મહારાજા હરિસિંહ હતા, જેઓ પોતે હિંદુ હતા. ભૌગોલિક રીતે જમ્મુ-કાશ્મીર બંને દેશોની વચ્ચે આવેલો વિસ્તાર છે. આ સ્થિતિમાં હરિસિંહ કોઈ નિર્ણય લઈ ન શક્યા. તેમણે પાકિસ્તાન સાથે પરિવહન તથા અન્ય સેવાઓ મુદ્દે 'યથાસ્થિતિ' જાળવી રાખવાના વચગાળાના કરાર કર્યા. મહારાજા હરિસિંહની ઢીલ કરવાની નીતિ તથા જમ્મુ-કાશ્મીરમાં મુસ્લિમો પર હુમલાના અહેવાલોને પગલે ઑક્ટોબર-૧૯૪૭માં પાકિસ્તાનના કબીલાઈઓએ જમ્મુ-કાશ્મીર પર ચઢાઈ કરી. એ સમયે મહારાજાએ ભારતીય સેના પાસે સહાય માગી.

ભારતના ગવર્નર-જનરલ લૉર્ડ માઉન્ટબેટનને લાગતું હતું કે જો જમ્મુ-કાશ્મીર હંગામી ધોરણે ભારત સાથે જોડાઈ જાય, તો ત્યાં શાંતિ સ્થપાઈ જશે અને જનમત સંગ્રહથી કાયમી સ્થિતિ નક્કી થાય. એ જ મહિનામાં હરિસિંહે ભારત સાથે જોડાણના દસ્તાવેજ પર સહી કરી અને વિદેશ-સૈન્ય બાબતોમાં નિર્ણય લેવાની સત્તા ભારતને સોંપી.

ભારતીય સેનાએ લગભગ બે-તૃતીયાંશ ભાગ પર કબજો કરી લીધો અને પાકિસ્તાને ઉત્તરના બાકીના ભાગ પર કબજો મેળવ્યો. ૧૯૫૦ના દાયકા દરમિયાન ચીને આ પ્રદેશના પૂર્વીય ભાગ ઉપર આધિપત્ય મેળવ્યું. જે અક્સાઈ ચીન તરીકે ઓળખાય છે.

છેલ્લા અનેક દાયકાથી આ સ્થિતિમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નથી થયો. વધુમાં, અમુક કાશ્મીરીઓ ત્રીજો વિકલ્પ ઇચ્છે છે, સ્વતંત્રતા. જેના માટે ભારત કે પાકિસ્તાન તૈયાર નથી.

વર્ષ ૨૦૧૯માં ભારતીય સંસદે જમ્મુ-કાશ્મીરને વિશેષ રાજ્યનો દરજ્જો આપતી બંધારણીય જોગવાઈને નાબૂદ કરી દીધી હતી અને આ વિસ્તારને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ એમ બે ભાગમાં વિભાજિત કરી દીધો હતો. એ પછીથી ભારત સરકારે સતત દાવો કર્યો છે કે આ પ્રદેશમાં સુરક્ષાની સ્થિતિ સુધરી છે અને ભારત સામે બળવાખોરી ઘટી છે. જોકે, મંગળવારના હિંસક હુમલા બાદ ટીકાકારો ભારત સરકારના દાવા પર સવાલ ઉઠાવી રહ્યા છે.

પહલગામ હુમલા બાદ પાકિસ્તાન વિરુદ્ધ ભારતની કાર્યવાહીના જવાબમાં હવે પાકિસ્તાને પણ કેટલાંક પગલાં લેવાની જાહેરાત કરી છે. વડા પ્રધાન શહબાઝ શરીફની અધ્યક્ષતામાં ગુરુવારે ઇસ્લામાબાદમાં નેશનલ સિક્યોરિટી કાઉન્સિલની બેઠકમાં કેટલાક નિર્ણય લેવામાં આવ્યા છે. આમાં ભારત સાથેના દ્વિપક્ષીય સંબંધોને મોકૂફ કરવા, હવાઈક્ષેત્ર તથા વાઘા સરહદને તાત્કાલિક અસરથી બંધ કરવી તથા વેપારને મોકૂફ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમજ પાકિસ્તાને ૧૯૭૨ના શિમલા કરારને સ્થગિત કરવાની પણ જાહેરાત કરી છે. અગાઉ ભારતે સિંધુ જળ સંધિને રોકવાની જાહેરાત કરી હતી. ભારત અને પાકિસ્તાનના ભાગલા સમયથી જ ભારત અને પાકિસ્તાન વચ્ચે આ પ્રદેશને લઈને તણાવ રહ્યો છે. બંને દેશ આ મુસ્લિમબહુલ વિસ્તાર પર પોતાનો દાવો કરે છે, પરંતુ આંશિક વિસ્તાર ઉપર જ પ્રભુત્વ ધરાવે છે. આ પ્રદેશનો અમુક ભાગ ચીનના પ્રભુત્વ હેઠળ પણ છે. તે વિશ્વના ટોચના 'મિલિટ્રાઇઝ્ડ ઝોન'માંથી એક છે. જમ્મુ-કાશ્મીર મુદ્દે બંને દેશો વચ્ચે વર્ષ ૧૯૪૭-૪૮ તથા ૧૯૬૫માં યુદ્ધ થયાં છે. શિમલા કરારને પગલે બંને દેશો વચ્ચે લાઇન ઑફ કંટ્રોલનું નિર્ધારણ થયું, પરંતુ તેના કારણે ભવિષ્યમાં થનાર સંઘર્ષ અટક્યા નહીં. સિયાચીન અને વર્ષ ૧૯૯૯માં સંઘર્ષ થયા. વર્ષ ૨૦૦૨માં ફરી એક વખત ભારત અને પાકિસ્તાન યુદ્ધની અણી પર પહોંચી ગયા હતા.

૧૯૮૯માં જમ્મુ-કાશ્મીરમાં ઇસ્લામિકોના નેતૃત્વમાં સત્તાવિરોધી સંઘર્ષ શરૂ થયો, જેના કારણે સ્થિતિ વધુ જટિલ બની ગઈ. બળવાખોરી પ્રવૃત્તિને ડામવા માટે ભારતીય સેનાને વિવાદાસ્પદ આર્મ્ડ ફોર્સિસ સ્પેશિયલ પાવર્સ ઍક્ટ (આફસ્પા) હેઠળ વધારાની સત્તાઓ આપવામાં આવી. જમ્મુ-કાશ્મીરમાંથી આ કાયદાને હઠાવી લેવા માટે અનેક વખત સમીક્ષા થઈ છે, છતાં હજુ તે જમ્મુ-કાશ્મીરમાં લાગુ છે.

હર અસલ જમ્મુ-કાશ્મિરની નીતિ ભાગલા સમયથી જ જે-તે સત્તાધીશો સ્પષ્ટ કરી શક્યા ન હતાં. કાશ્મિરના ભારતમાં ભળવાના નિર્ણયથી જ એવુ કહેવાઈ રહ્યું છે કે, આ રાજ્યના ગણેશ ઉંધા બેઠા છે. જમ્મુ-કાશ્મિરના મહારાજા હરિસિંઘની અનિર્ણાયક મનોસ્થિતિને કારણે પ્રારંભથી જ ગુંચવાયેલા મામલાના ઉકેલ માટે મોદી સરકાર બિડુ ઉઠાવ્યું છે. ત્યાં સુધીમાં રાવી-સતલજ જેવી સિંધુની પાંચેય નદીઓમાં ઘણા પાણી વહી ગયા છે. ઘણી સ્થિતિ અને પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. જો કે, ૧૯૪૭ની રાજકીય વિચારધારાની પરિસ્થિતિ અને સ્થાનિકોની બદલાયેલી મનોસ્થિતિ વચ્ચે સામંજસ્મ સાધવાનું ધારીએ છીએ એટલુ સહેલું ન હતું. કલમ ૩૭૦ની નાબુદી બાદ સ્થાનિક કાશ્મિરી નેતાગીરીની વિચારધારામાં તો વ્યાપક પરિવર્તન આવ્યું નથી. પણ કમસેકમ કાશ્મીરના સ્થાનિક નાગરિકોની વૈચારીક સ્થિતિમિાં પરિવર્તન લાવવામાં મોદી સરકાર કામિયાબ રહી છે. એતો માત્ર ભારત જ નહીં પાકિસ્તાન સહિત વિશ્વના મોટા ભાગના દેશો સ્વિકારે છે. આઝાદી પછી કાશ્મીરના લોકો સ્થાનિક નેતાગીરીના દોરવાયા દોરવાઈને ધાર્મિકતાના દ્રષ્ટિકોણથી જ ભારતના અન્ય રાજ્યોના નાગરિકો સાથે.. અરે.. ભારત દેશ સાથે વર્તન કરતા કલમ ૩૭૦ને કારણે સ્થાનિક કાશ્મીરી લોકોને દેશ તરફથી મળતા તમામ લાભો તો જોઈતા હતા પણ દિલથી તેઓ ભારત સાથે તાહાત્મય લોકોની પોતાને અનન્ય અને વિશિષ્ટ માનતા હતા. પ્રવાસીઓની આવક તો એમને જોઈતી હતી પણ ધાર્મિક કટ્ટરતાના અને ૩૭૦મી કલમના મળતા વિશિષ્ટ લાભોના ભોગ નહીં, આ વિચારસરણીમાં જડમુળથી ફેરફાર કરવો શક્ય ન હતો. જેના માટે લાંબાગાળાના આયોજનની જરૂર હતી. આવિચારધારામાં સકારાત્મક પરિવર્તન માટે કાશ્મિરના વરિષ્ઠ નાગરિકો સાથે યુવાનોને પણ જોડવાની જરૂર હતી. જેમાં છેલ્લા એક દાયકા દરમિયાન મોદી સરકારે શ્રેણી બદ્ધ પગલાઓ ભરીને મદદ અંશે સફળતા મળી છે. વિસ્થાપિત કાશ્મીરી પંડિતોને તેના મુળ સ્થાને વસાવીને ૧૯૪૭ પહેલાના કાશ્મીરમાં હતી. એવી ભાઈચારાની ભાવના પુનઃ સ્થાપિત કરવા માટના આ પ્રયાસો મહદઅંશે સફળ થઈ રહ્યા હતાં. જે પાકિસ્તાનમાં બેઠેલા મુલ્લા-મૌલવીઓ અને પાક. સેનાથી જોયુ જતું નથી. એટલુ જ પહલગામ હુમલા જેવા નરસંહાર કરવાની અંજવાળ વારંવાર ઉપડતી રહે છે. જે ખરજવાની ખંજવાળની દવા આ વખત થાય એવા પ્રયાસો મોદી સરકાર કરશે.

# પહેલગામ હુમલા બાદ કેન્દ્ર સરકારની કાશ્મીર નીતિ નહીં બદલાય પણ સુરક્ષાને લઈને મોટા ફેરફાર થશે એ નક્કી છે

## પ્રવાસીઓમાં સુરક્ષાનો ભરોસો લાવવામાં સરકારને નેવાના પાણી મોભે ચડશે, છેલ્લા ૫ વર્ષથી પ્રવાસન ઉદ્યોગની પાટે ચડેલી ગાડી હાલ તો ખડી ગઈ છે જેને ફરી પાટે ચડાવવા કેન્દ્રએ વ્યાપક પ્રયાસ કરવા પડશે



વર્ષ ૨૦૧૯માં સરકારે કલમ ૩૭૦ નાબૂદ કરી હતી. તેના દ્વારા જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો સમાપ્ત કરવામાં આવ્યો. એ સમયે વડા પ્રધાન મોદીએ કલમ ૩૭૦ની નિંદા કરી હતી.

તેમણે કહેલું કે, 'કલમ ૩૭૦ એક સાધન છે. તેનો ઉપયોગ કરીને જમ્મુ-કાશ્મીરમાં આતંક, હિંસા અને ભ્રષ્ટાચાર ફેલાવવામાં આવતો હતો.' આ ટાઈમલાઈનથી લઈને પહલગામ સુધી, મોદી સરકારનો દાવો રહ્યો છે કે તેમના શાસનનાં દસ વર્ષો દરમિયાન જમ્મુ-કાશ્મીરમાં શાંતિ અને અહિંસાનો નવો યુગ શરૂ થયો છે. મંગળવારના હુમલાને જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં થયેલો સૌથી ઘાતક ચરમપંથી હુમલો મનાય છે.

આ હુમલા પછી ઘણા બધા સવાલ ઊભા થઈ રહ્યા છે. તેમાં સૌથી મોટા સવાલ સરકારની જમ્મુ-કાશ્મીર નીતિ સામે છે. એટલે કે, સરકારની નીતિ કેટલી સફળ રહી?

જે દાવા કરાયા તેની હકીકત શી છે? આ ઘટના પછી આ નીતિનું શું થશે? વર્ષ ૨૦૧૪થી જ જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય કરવાનો મોદી સરકારનો એક મોટો વાયદો હતો. ફરી વાર સત્તામાં આવ્યા પછી મોદી સરકારે કલમ ૩૭૦ નાબૂદ કરી. સરકારનો દાવો હતો કે તેનાથી ત્યાંની પરિસ્થિતિ સામાન્ય થશે.

સરકારે જાહેરાત કરી કે ભારતનાં બાકીનાં રાજ્યના લોકો પણ હવે જમ્મુ-કાશ્મીરમાં જમીન ખરીદી શકે છે અને ઘર બનાવી શકે છે. પર્યટન અને સુરક્ષા, આ નીતિના મહત્ત્વના ભાગ હતા. સરકારે ઘણી વાર દાવો કર્યો કે કલમ ૩૭૦ નાબૂદ થઈ ગયા પછી જમ્મુ-કાશ્મીરમાં પર્યટકોની સંખ્યા ઘણી વધી છે.

### પ્રસંગ રંગ
- પી.એન.જાડેજા

આંકડા પણ આ વાતની પુષ્ટિ કરે છે.

વર્ષ ૨૦૨૪માં ૩૪ લાખ કરતાં વધારે પર્યટકો જમ્મુ-કાશ્મીર ગયા હતા. જમ્મુ-કાશ્મીર માટે આ એક નવો રેકૉર્ડ હતો. બૉર્ડર ટૂરિઝમની પણ શરૂઆત કરવામાં આવી.

આ ઉપરાંત, સરકાર દ્વારા જમ્મુ-કાશ્મીરમાં ઘણી મૂળભૂતમાળખાકીય સંરચનાઓનું નિર્માણ કરવામાં આવ્યું. ઘણી ટનલ બની. તેણે જમ્મુ-કાશ્મીરના સુદૂર વિસ્તારોને એકબીજા સાથે જોડવાનું કામ કર્યું.

ચાલુ વર્ષે વડા પ્રધાન મોદીએ સોનમર્ગ ટનલનું ઉદઘાટન કર્યું. આ ટનલ સોનમર્ગ અને ગગનગિરિને જોડે છે. આ પરિયોજના પૂર્ણ થવા પાછળ લગભગ ૨,૭૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો. ઉચ્ચ શિક્ષણ માટે ઘણી સંસ્થાઓ ખોલવામાં આવી. એટલે સુધી કે, સિધરામાં એક ગોલ્ફ કોર્સ પણ બનાવવામાં આવ્યો.સરકાર દ્વારા દસમા અને બારમા ધોરણના વિદ્યાર્થીઓને ટેબલેટ્સ આપવામાં આવ્યાં. ઘણું બધું કરીને સરકાર દ્વારા એ દર્શાવવામાં આવ્યું કે જમ્મુ-કાશ્મીરમાં ભયનો યુગ પૂરો થઈ ગયો છે. સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે. ચરમપંથી તત્ત્વોને કાબૂ કરી લેવાયા છે. વર્ષ ૨૦૧૯માં કલમ ૩૭૦ હટાવ્યાનાં પાંચ વર્ષ પછી વડા પ્રધાન મોદીએ વર્ષ ૨૦૨૪માં પહેલી વાર જમ્મુ-કાશ્મીરનો પ્રવાસ કર્યો.

તેમનો આ પ્રવાસ લોકસભા ચૂંટણીના થોડાક દિવસ પહેલાં થયો હતો. શ્રીનગરમાં એક મોટી સભામાં વડા પ્રધાને કહેલું કે, કાશ્મીરી હવે 'આઝાદીનો શ્વાસ લઈ રહ્યા છે'. તેમણે કહ્યું, ''કલમ ૩૭૦ નાબૂદ થયા પછી કાશ્મીર પ્રગતિ અને સમૃદ્ધિનાં નવાં શિખરો સર કરી રહ્યું છે. સ્થાનિક લોકો મુક્તપણે શ્વાસ લઈ શકે છે. આ આઝાદી કલમ ૩૭૦ હટી ગયા પછી આવી છે. દાયકાઓ સુધી કોંગ્રેસ અને તેના સહયોગીઓએ કલમ ૩૭૦ વિશે જમ્મુ-કાશ્મીર અને દેશના લોકોને ગેરમાર્ગે દોર્યા.''

જોકે, આ દરમિયાન સમસ્યાઓ પણ આવી. વર્ષ ૨૦૧૭માં અમરનાથ યાત્રાળુઓ પર ચરમપંથીઓએ હુમલો કર્યો. તેમાં આઠ યાત્રાળુઓનાં મૃત્યુ થયાં.

વર્ષ ૨૦૧૯માં કલમ ૩૭૦ હટી તે પહેલાં, ખીણના પુલવામામાં થયેલા ચરમપંથી હુમલામાં ૪૦ સીઆરપીએફ જવાનો શહિદ થયા હતાં. કાઉન્ટર ટેર્રિઝમ વિશેષજ્ઞ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોન્ફ્લિક્ટ મેનેજમેન્ટના ડો. અજય સાહની કહે છે કે,

જ્યાં સુધી કાઉન્ટર ટેર્રિઝમની વાત છે, આ સરકારે એવું કશું નથી કર્યું જે અગાઉ નહોતું થતું. પોલિસી, જે પહેલાં હતી, એ જ આજે પણ છે. તેનાથી ચરમપંથ પર કશો ફરક નથી પડ્યો.''

''પહેલાં લોકો કહેતા હતા કે, ડેવલપમેન્ટ લઈને આવ્યા છે. હવે કહે છે કે, ઇન્વેસ્ટમેન્ટ લાવ્યા છે. કદાચ, બે-ચાર રોડ બની ગયા; પહેલાં પણ બન્યા હતા. ભલે ને આમણે તેનું ઉદઘાટન કર્યું હોય, ટનલ આમના જમાનમાં નથી બની.''

'કાઉન્ટર ટેર્રિઝમ માત્ર સુરક્ષાદળોની સફળતા હોય છે. સરકારનું કામ નીતિ બનાવવાનું અને સંવાદ વધારવાનું હોય છે.

આ પાસામાં મોદી સરકાર વધુ સફળ નથી રહી. ''કાઉન્ટર ટેર્રિઝમ માત્ર સુરક્ષાદળોની સફળતા હોય છે. તેમાં અગાઉ નિષ્ફળતા પણ મળી. તેમાંથી શીખ્યા, બદલાયા. પછી થોડી થોડી ક્ષમતા અને યોગ્યતા વધારવામાં આવી.''

''સુરક્ષાદળોનું કામ રાજદ્વારી મુદ્દાને ઉકેલવાનું નથી. તે તમને એક હદ સુધી કોઈ વિસ્તાર કે તેના લોકો પર નિયંત્રણ આપી શકે છે. ત્યાર પછી રાજકીય પહેલની જરૂર હોય છે. તે ક્યારેય નથી.'' ાહની અનુસાર, ''જે રાજકીય પહેલ છે, તે ભાગલા પાડનારી અને ધ્રુવીકરણ કરનારી છે. રોજ સવારે તમે કંઈક એવું કહો છો કે કરો છો, જેનાથી મુસ્લિમ વસ્તીમાં અલગતા જન્મે છે અને હિંદુ વસ્તી વધારે ઉત્તેજિત થાય છે.'' સાહનીના અનુસાર, ''આ વસ્તુઓ ધીમે ધીમે સમાપ્ત કરીને, આખા જમ્મુ-કાશ્મીરને ફરી એક ભારતીય ઓળખમાં લાવવું જોઈએ. તે એક સમાવેશી ઓળખ હોવી જોઈએ, ધ્રુવીકરણવાળી ઓળખ નહીં. તેની સાથે જ, બીજી તરફ ઇસ્લામી ચરમપંથની વાત થાય છે. આ જે બે અતિવાદી વિચારધારાઓ છે, તે એકબીજાના કારણે ફૂલેફાલે છે.''

પહલગામ હુમલાને કારણે કાશ્મીરમાં પર્યટનક્ષેત્રને અસર થઈ છે ભારતીય જનતા પાર્ટીનું માનવું છે કે, આ ઘટનાથી સરકારની છબિ અને તેની જમ્મુ-કાશ્મીર નીતિ પર કશી અસર નહીં પડે.

પાર્ટીના પ્રવક્તા પણ આ વાત માને છે કે, સરકારે જમ્મુ-કાશ્મીરના મામલે જે વિશ્વાસ મેળવ્યો હતો, તે વિશ્વાસ પાછો ઊભો થતાં સમય લાગશે.

ભાજપ પ્રવક્તા આરપી સિંહે કહ્યું કે, ''આનાથી સરકારની છબિ પર કશી આંચ નહીં આવે. સમસ્યા ગ્રાઉન્ડ પર હશે. જે લોકોને કાશ્મીર પર વિશ્વાસ હતો, તે ડગી ગયો છે. ખાસ કરીને, પર્યટકોનો વિશ્વાસ.''

''જમ્મુ-કાશ્મીર પર્યટન માટે જાણીતું છે. ટુરિસ્ટ સેક્ટરમાં લોકોનો વિશ્વાસ ઊભો કરવામાં ખૂબ સમય લાગ્યો. સુરક્ષા ફરીથી એક મોટો મુદ્દો બની ગઈ છે. પરંતુ તેનાથી સરકારની જમ્મુ-કાશ્મીર નીતિ નહીં બદલાય. જમ્મુ-કાશ્મીરને ભારતની મુખ્ય ધારામાં લાવવાના પ્રયાસ આગળ પણ ચાલુ રહેશે.'' તેમણે કહ્યું, ''આજે જમ્મુ-કાશ્મીરના યુવા પાકિસ્તાન વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા છે. મુસ્લિમ યુવા પણ કરી રહ્યા છે. અત્યારે સરકારનું પહેલું કામ એ રહેશે કે લોકોને ફરી કાશ્મીર પર વિશ્વાસ બેસે. ભારતીય પર્યટકો પર આની અસર પડશે. રાજ્યની અર્થવ્યવસ્થા પણ નબળી થશે.''

બીજી તરફ, કાશ્મીરી વિશેષજ્ઞોનું માનવું છે કે, સરકારના વાયદા ક્યારેય સાચા હતા જ નહીં. એ તો બસ ખરા મુદ્દા છુપાવવા માટેનાં આવરણ હતા.

રાજકીય વિશેષજ્ઞ અને કાશ્મીર યુનિવર્સિટીમાં પ્રોફેસર નૂર અહમદ બાબા કહે છે કે, સરકાર પોતાની કાશ્મીર નીતિનો અમલ ન કરી શકી.

તેમણે કહ્યું, ''જ્યારે કલમ ૩૭૦ હટાવવામાં આવી, ત્યારે કહેવાયું હતું કે જમ્મુ-કાશ્મીરમાં ચરમપંથ અને અલગતાવાદને જડમૂળથી ખતમ કરવામાં આવી રહ્યા છે. ત્યાર પછી જમ્મુ-કાશ્મીરની સિ સિક્યોરિટીનો કંટ્રોલ દિલ્હીના હાથમાં હતો.''.'ત્યાર પછી પરિસ્થિતિમાં સુધારો થવા લાગ્યો હતો અને ટૂરિઝમ મજબૂત થઈ રહ્યું હતું. જોકે, ત્યારે પણ જમ્મુ અને કાશ્મીરના અમુક વિસ્તારોમાં હિંસા થઈ રહી હતી. પરંતુ કહેવામાં આવ્યું કે જમ્મુ-કાશ્મીરની પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે. લોકોનો વિશ્વાસ પાછો આવી ગયો છે.''

નૂર અહમદનું કહેવું છે કે, ગત મંગળવારે થયેલો હુમલો આ વાતને નકારે છે. તેમના અનુસાર, ''અહીં સુરક્ષા એજન્સીઓની નિષ્ફળતા છે. આ અતિ આત્મવિશ્વાસનું પરિણામ પણ છે. હવે કેન્દ્ર સરકાર માટે એમ કહેવું મુશ્કેલ હશે કે જમ્મુ-કાશ્મીરની સ્થિતિ ઠીક છે. આ ઘટના એક રીતે સરકારની જમ્મુ-કાશ્મીર નીતિની નિષ્ફળતા છે.'' શું પહેલાં કરતાં પરિસ્થિતિ બદલાઈ છે?

મનોહર પર્રિકર સુરક્ષા અધ્યયન અને વિશ્લેષણ સંસ્થા (એમપી-આઇડીએસએ)ના સભ્ય આદિલ રશીદનું મંતવ્ય છે, કે ''વર્ષ ૨૦૧૯માં જ્યારથી કલમ ૩૭૦ હટાવવામાં આવી, ત્યારથી જમ્મુ-કાશ્મીરની સુરક્ષા સ્થિતિમાં સતત સુધારો થયો છે. તેની સાથે વિકાસ પણ ખૂબ સારો થયો છે. શરૂઆતમાં એક અનિશ્ચિતતાની સ્થિતિ હતી, જે હવે ખતમ થતી જાય છે.''

તેઓ કહે છે, ''તેનું પ્રમાણ એ છે કે આ ઘટનાના વિરોધમાં રાતે રેલી અને કેન્ડલ માર્ચ નીકળી. ત્યાર પછી ઇમામોએ મસ્જિદોમાંથી આ હુમલાની નિંદા કરી. જમ્મુ-કાશ્મીરના બધા સમુદાયોએ આની સખત ટીકા કરી છે. સરકાર અને સુરક્ષાદળો માટે આ ખૂબ ઉત્સાહવર્ધક સંકેત છે.''

તેઓ કહે છે, ''મને નથી લાગતું કે જમ્મુ-કાશ્મીરના વિકાસની કોઈ પણ નીતિમાં ફેરફાર થશે. જોકે, એક અસરકારક સુરક્ષાનીતિ જરૂર આવશે.''

આદિલ રશીદનું કહેવું છે, ''જેઓ સરકારના સૌથી મોટા ટીકાકાર પણ છે, તેઓ પણ આ વાતને નકારી નથી શકતા કે જમ્મુ-કાશ્મીરમાં વિકાસ નથી થયો. કાશ્મીરના જે સામાન્ય નાગરિકો છે તેમને ખૂબ ફાયદો થયો છે.''

''જેમના મનમાં રાજકીય વિચાર છે, તે હંમેશાં રહેશે. પરંતુ વાસ્તવિક રીતે ખૂબ સુધારો થયો છે. દેશના નાગરિકોને વિશ્વાસ છે કે પરિસ્થિતિ ઠીક થઈ છે.''

તેમના અનુસાર, ''એક એવી ઘટના થઈ પણ જાય તો નાગરિકોને આ કોઈ ટ્રેન્ડ નહીં લાગે. આ એક ખૂબ મોટો હુમલો જરૂર છે. તેમાં રાજદ્વારી અને સેનાના સ્તરે નક્કર કાર્યવાહી પણ કરવામાં આવશે. ત્યાંના લોકોને સરકાર પર જે ભરોસો બેઠો છેએ કમજોર થાય એવુ નથી. લાગતું.

# અક્ષય તૃતીયા પર સોનું નથી ખરીદી શકતા, તો ઘરે લાવો આ વસ્તુઓ, ધન-સંપત્તિમાં થશે વધારો



આગામી ૩૦ એપ્રિલ બુધવારના રોજ અક્ષય તૃતીયા છે. આ તહેવાર વૈશાખ મહિનાના શુક્લ પક્ષની ત્રીજે આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. અક્ષય તૃતીયાના દિવસે આખો દિવસ સર્વાર્થ સિદ્ધિ યોગ રહેશે. આ સ્થિતિમાં ખરીદી વધુ શુભ માનવામાં આવે છે. અક્ષય તૃતીયા પર સોનું ખરીદવાની પરંપરા છે. એવું માનવામાં આવે છે કે અક્ષય તૃતીયા પર સોનું ખરીદવાથી લક્ષ્મી માતાનો આશીર્વાદ રહે છે પરંતુ સોનું ખરીદવું દરેકના બજેટમાં હોતું નથી, આ સ્થિતિમાં અક્ષય તૃતીયા પર સોનું ખરીદવાને બદલે, તમે બીજી વસ્તુઓ ખરીદી શકો છો, આ ખરીદવાથી પણ પુણ્ય મળે છે. આવો જાણીએ તે વસ્તુઓ વિશે.

**માટીનો ઘડો**

અક્ષય તૃતીયાના દિવસે માટી ખરીદવી એ સોનું ખરીદવા જેટલું જ મહત્વનું માનવામાં આવે છે. જો તમે સોનું કે ચાંદી ખરીદી શકતા ન હોવ તો તમે ઘરે માટીનો ઘડો કે દીવો લાવી શકો છો. આમ કરવાથી તમારા ધન-સંપત્તિમાં વધારો થાય છે અને લક્ષ્મી માતાના આશીર્વાદ તમારા પર રહે છે.

**જવ**

અક્ષય તૃતીયા પર જવ ખરીદવા ખૂબ જ શુભ માનવામાં આવે છે. તે સોનું અને ચાંદી ખરીદવા જેટલું જ શુભ છે. એવી માન્યતા છે કે જવ ઘરે લાવવાથી લક્ષ્મી માતાના આશીર્વાદ મળે છે. જવ સુખ, શાંતિ અને સમૃદ્ધિનું પ્રતીક છે.

**કૌડી**

અક્ષય તૃતીયા પર વાસણ કે કૌડીઓ ખરીદવી શુભ રહે છે. માતા લક્ષ્મીને કૌડી ખૂબ ગમે છે કારણ કે લક્ષ્મી માતાની જેમ કૌડી પણ સમુદ્રમાંથી ઉદ્ભવી છે. તેને ખરીદીને લક્ષ્મી માતાના ચરણોમાં મૂકવાથી આર્થિક સમસ્યાઓ દૂર થાય છે.

**પીતળ**

અક્ષય તૃતીયાના દિવસે પીતળના વાસણ ખરીદવા પણ શુભ માનવામાં આવે છે. પીતળના વાસણ ઘરે લાવવામાં મા લક્ષ્મીની અપાર કૃપા જળવાઈ રહે છે અને ઘરમાં ક્યારેય ધન-ધાન્યની કમી નથી થતી.

ત્યારે જો તમે અક્ષય તૃતીયા પર સોનું નથી ખરીદી શકતા તો ચાંદી પણ ખરીદી શકો છો. સોનાની જેમ આ દિવસે ચાંદી ખરીદવી પણ શુભ માનવામાં આવે છે. જો અક્ષય તૃતીયાના દિવસે ચાંદીનો સિક્કો કે કોઈ ચાંદીનો સામાન ખરીદી શકો છો.

**સોનાની ખરીદી માટે અક્ષય તૃતીયાનો દિવસ ખૂબ જ શુભ માનવામાં આવે છે. પરંતુ જો તમે સોનું ખરીદવામાં સક્ષમ નથી તો આ ચીજોને પણ ખરીદી શકો છો.**

# ખાંડને બદલે કુદરતી વસ્તુઓનો કરો ઉપયોગ, સ્વાસ્થ્ય પણ રહેશે તંદુરસ્ત

મીઠાઈ ખાવાનું કોને ન ગમે? આપણે ભારતીયો મીઠાઈ ખાવાની એક પણ તક છોડતા નથી. કેટલાક લોકોના દિવસની શરૂઆત ચાની મીઠાશથી થાય છે. મીઠાઈ ખાવાનું દરેકને ગમે છે, પરંતુ ખાંડનું વધુ પડતું સેવન સ્થૂળતા, ડાયાબિટીસ અને હૃદયની સમસ્યાઓ જેવા ઘણા રોગોનું કારણ બની શકે છે. હવે આપણે મીઠાઈ ખાવાનું સંપૂર્ણપણે બંધ કરી શકતા નથી, તો શા માટે આપણે સ્વાદ સાથે સમાધાન કરવાને બદલે સ્વસ્થ વિકલ્પ પસંદ ન કરીએ. અહીં તમને કેટલાક આવા કુદરતી અને સ્વસ્થ વિકલ્પો વિશે જણાવશું જેનો ઉપયોગ તમે ખાંડની જગ્યાએ કરી શકો છો અને તમારા સ્વાદ અને સ્વાસ્થ્ય બંનેને જાળવી શકો છો.

**ખાંડને બદલે મધનો ઉપયોગ કરો**

ખાંડને બદલે મધનો ઉપયોગ કરવો એ ખૂબ જ સ્વસ્થ વિકલ્પ હોઈ શકે છે. મધ એક જૂનું અને વિશ્વસનીય કુદરતી સ્વીટનર છે. તે એન્ટીઑક્સિડન્ટ, એન્ટીબેક્ટેરિયલ અને બળતરા વિરોધી ગુણથી ભરપૂર છે. તમે દૂધ, ચા, બ્રેડ કે મીઠાઈમાં મધનો ઉપયોગ કરી શકો છો. જોકે, મધનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખો કે તેને ક્યારેય ગરમ ન કરો, કારણ કે તેને ગરમ કરવાથી તેના બધા પોષક તત્વો નાશ પામે છે.

**ગોળ પણ એક સ્વસ્થ વિકલ્પ**

ખાંડને બદલે ગોળનો ઉપયોગ સ્વસ્થ વિકલ્પ તરીકે પણ થઈ શકે છે. આજે પણ ગોળનો ઉપયોગ મોટાભાગે ગામડાઓમાં થાય છે. શેરડીના રસ અથવા ખજૂરમાંથી બનાવેલ ગોળ સ્વાસ્થ્ય માટે ઘણી રીતે ફાયદાકારક છે. તેમાં આયર્ન, કેલ્શિયમ અને મેગ્નેશિયમ જેવા ખનિજો ભરપૂર માત્રામાં જોવા મળે છે. ગોળ પાચનક્રિયા સુધારે છે. જોકે, ગોળની તાસીર ગરમ હોય છે, તેથી ઉનાળામાં વધુ પડતો ગોળ ખાવાનું ટાળવું જોઈએ. તમે ચા, ખીર કે રોટલી સાથે ગોળ ખાઈ શકો છો.

**ખાંડને બદલે નાળિયેર ખાંડનો ઉપયોગ**

નારિયેળની ખાંડ નારિયેળના ફળના રસમાંથી બનાવવામાં આવે છે. તેમાં ગ્લાયકેમિક ઇન્ડેક્સ ઓછો હોય છે, જેનો અર્થ એ છે કે તે બ્લડ શુગર ઝડપથી વધારતું નથી. આ ઉપરાંત તેમાં આયર્ન, ઝીંક, પોટેશિયમ અને ઇન્યુલિન નામનું ફાઇબર પણ હોય છે, જે પાચનમાં મદદ કરે છે. તે સામાન્ય ખાંડ જેવું લાગે છે પણ તેનો સ્વાદ થોડો મીઠો છે.

**ખજૂર પણ ફાયદાકારક**

કેટલાક લોકો ખાંડને બદલે ખજૂરનો પણ ઉપયોગ કરે છે. ખજૂર પોતે જ એક મીઠી અને પોષક તત્વોથી ભરપૂર ફળ છે. તે ફ્રુક્ટોઝ અને ગ્લુકોઝ જેવી કુદરતી શર્કરાથી ભરપૂર છે, સાથે જ ફાઇબર, આયર્ન અને ઘણા પ્રકારના વિટામિન પણ છે. તમે ખજૂરનો ઉપયોગ સ્મૂધી, શેક અથવા મીઠાઈમાં કરી શકો છો. બેકિંગમાં ખાંડની જગ્યાએ ખજૂરની પેસ્ટનો પણ ઉપયોગ કરી શકાય છે.



# છેલ્લા સાત વર્ષમાં RBIએ 57.5 ટન સોનું ખરીદ્યું






દેશના મોટાભાગના સોનાના ભંડાર ઈંગ્લેન્ડ અને અન્ય વિદેશી બેંકોમાં રાખવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૪ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં, ભારત સૌથી વધુ સોનું ખરીદનારા ટોચના દેશોમાં સામેલ હતું. વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં વધારો થયો હોવા છતાં આ પગલું લેવામાં આવ્યું છે.

નિષ્ણાતો માને છે કે RBIની આ નીતિથી માત્ર આર્થિક સ્થિરતા વધશે નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય વ્યવહારો અને વિદેશી દેવાનું જોખમ પણ ઘટશે. આ ઉપરાંત, વૈશ્વિક સ્તરે ભારતીય રૂપિયાને મજબૂત બનાવવા માટે તેને એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક પ્રયાસ પણ માનવામાં આવી રહ્યો છે.

RBI દ્વારા આટલા મોટા જથ્થામાં સોનાની ખરીદીને ભારતની લાંબા ગાળાની આર્થિક વ્યૂહરચનાનો એક ભાગ ગણી શકાય, જેનો ઉદ્દેશ્ય દેશના અર્થતંત્રને વૈશ્વિક નાણાકીય અસ્થિરતાથી બચાવવા અને વિદેશી હૂંડિયામણ અનામતને સંતુલિત રાખવાનો છે.

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં અત્યાર સુધીમાં કુલ ૫૭.૫ ટન સોનું ખરીદ્યું છે, જેનાથી દેશનો કુલ સોનાનો ભંડાર ૮૭૯.૬ ટન થયો છે. આ ખરીદી છેલ્લા સાત વર્ષમાં બીજી સૌથી મોટી વાર્ષિક ખરીદી માનવામાં આવે છે. સોનાને હંમેશા સલામત આશ્રયસ્થાન તરીકે જોવામાં આવે છે, એટલે કે, એવી વસ્તુ જે મુશ્કેલીના સમયે કામમાં આવે છે. સામાન્ય લોકોની સાથે હવે રિઝર્વ બેંક પણ પોતાના સોનાના ભંડારમાં વધારો કરી રહી છે. આ પાછળ RBI ની વ્યૂહરચના એ છે કે તે તેના વિદેશી હૂંડિયામણ ભંડારને વૈવિધ્યીકરણ કરીને જોખમોથી સુરક્ષિત રાખવા માંગે છે.

RBI દ્વારા આ ખરીદી વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ અને ડોલરની સ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. યુએસ ડોલરની અસ્થિરતા અને પશ્ચિમી અર્થતંત્રોના દબાણને કારણે વિશ્વભરની ઘણી કેન્દ્રીય બેંકો તેમના અનામતમાં સોનાનો હિસ્સો વધારી રહી છે. ભારત પણ તેના અનામતને મજબૂત અને સંતુલિત બનાવવા માટે આ દિશામાં આગળ વધી રહ્યું છે.

અહેવાલ મુજબ, RBI દ્વારા અત્યાર સુધીની સૌથી વધુ સોનાની ખરીદી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કરવામાં આવી હતી, જ્યારે કુલ ૬૬ ટન સોનું અનામતમાં ઉમેરવામાં આવ્યું હતું. આ પછી, ૨૦૨૨-૨૩માં ૩૫ ટન અને ૨૦૨૩-૨૪માં ૨૭ ટન સોનું ખરીદવામાં આવ્યું.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સોનાની ખરીદીમાં પણ તેજી આવી છે. આ વલણ પાછળનું મુખ્ય કારણ વૈશ્વિક સ્તરે વધતી જતી અનિશ્ચિતતા અને ડોલરની અસ્થિરતા માનવામાં આવે છે. નવેમ્બર ૨૦૨૪ માં ડોનાલ્ડ ટ્રમ્પના યુએસ પ્રમુખ તરીકે ફરીથી ચૂંટાયા પછી, ડોલરમાં સતત વધઘટ જોવા મળી, જેના કારણે રોકાણકારોનો ઝુકાવ ફરી એકવાર સોના તરફ વધ્યો, જેને સલામત વિકલ્પ માનવામાં આવે છે. ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારને વૈવિધ્યીકરણ કરવા અને વૈશ્વિક જોખમો સામે રક્ષણ આપવા માટે RBIની આ વ્યૂહરચના મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# EPFOએ નિયમો હળવા કરતાં પૈસા ઉપાડવા કે ટ્રાન્સફર કરવા સહેલા બન્યા




PF કર્મચારીઓને ઘણીવાર એકાઉન્ટ ટ્રાન્સફર સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. કોઈપણ નવી નોકરીમાં જોડાવા પર તેમને આ કામ કરવું પડતું હતું, પરંતુ હવે EPFO એ એક મોટા સુધારા હેઠળ ફોર્મ ૧૩ સોફ્ટવેરની કાર્યક્ષમતામાં સુધારો કર્યો છે.

પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન (EPFO) એ એકાઉન્ટ ટ્રાન્સફરના નિયમો સરળ બનાવ્યા છે, જેના પછી હવે કર્મચારીઓને પૈસા ઉપાડવામાં કે એકાઉન્ટ ટ્રાન્સફર કરવામાં કોઈ સમસ્યા નહીં થાય અને ૧.૨૫ કરોડથી વધુ સભ્યોને આનો લાભ મળવાની અપેક્ષા છે.

નવી સિસ્ટમ હવે કરપાત્ર અને બિન-કરપાત્ર પીએફ બચતને અલગ કરે છે. આ વિભાગ વ્યાજ આવક પર સચોટ TDS કપાત સુનિશ્ચિત કરવામાં મદદ કરશે, જે સભ્યો માટે લાંબા સમયથી ચાલતી સમસ્યાનું નિરાકરણ લાવશે. EPFOનો અંદાજ છે કે સુધારેલી પ્રક્રિયા દર વર્ષે લગભગ ૯૦ હજાર કરોડ રૂપિયાનું ભંડોળ ટ્રાન્સફર શક્ય બનાવશે.

બીજા ફેરફાર હેઠળ EPFO એ એક નવી સુવિધા રજૂ કરી છે, જેના હેઠળ કર્મચારીઓને તાત્કાલિક આધાર લિંક કરવાની જરૂર વગર મોટી સંખ્યામાં યુનિવર્સલ એકાઉન્ટ નંબર્સ (UAN) જનરેટ કરવામાં આવ્યા છે, જે નોકરીદાતાઓને વધુ સુગમતા આપશે.

EPFOએ મોટાભાગના ટ્રાન્સફર કેસોમાં નોકરીદાતાની મંજૂરીની જરૂરિયાતને દૂર કરી દીધી છે. આ નિયમ જાન્યુઆરી ૨૦૨૫ થી અસરકારક માનવામાં આવશે. કર્મચારીઓ નોકરી બદલતી વખતે PF ટ્રાન્સફર ખૂબ સરળ બની ગયું છે. આ અપડેટ વધુ વપરાશકર્તાઓ માટે પીએફ એકાઉન્ટ મેનેજમેન્ટને સરળ બનાવવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે.

એકવાર ટ્રાન્સફર ક્લેમ સોર્સ ઓફિસ દ્વારા મંજૂર થઈ જાય પછી પીએફ એકાઉન્ટ હવે ડેસ્ટિનેશન ઓફિસમાં કર્મચારીના ખાતામાં આપમેળે જમા થઈ જશે. આ ફેરફારથી પીએફ ટ્રાન્સફરમાં લાગતા સમયમાં ભારે ઘટાડો થવાની અપેક્ષા છે. પ્રક્રિયાને સરળ બનાવવાની સાથે સુધારેલ સોફ્ટવેર કરપાત્ર અને બિન-કરપાત્ર પીએફ વિશે પણ માહિતી આપે છે. તે ટીડીએસની સચોટ ગણતરી કરવામાં મદદ કરે છે.

અગાઉ પીએફ બેલેન્સ ટ્રાન્સફર કરવા માટે સોર્સ અને ડેસ્ટિનેશન ઊઠ્ઞ્ઞ ઓફિસ વચ્ચે સંકલનની જરૂર હતી, જેના કારણે ઘણીવાર નોંધપાત્ર વિલંબ થતો હતો. નવી સિસ્ટમ હેઠળ એકવાર ટ્રાન્સફર ક્લેમ સોર્સ ઓફિસ દ્વારા મંજૂર થઈ જાય, પછી સભ્યનું જૂનું પીએફ એકાઉન્ટ ડેસ્ટિનેશન ઓફિસમાં નવા ખાતા સાથે આપમેળે મર્જ થઈ જશે, જેનાથી પ્રોસેસિંગ સમય ઓછો થશે અને કાર્યક્ષમતામાં સુધારો થશે.

# ભારત-પાક બોર્ડર સીલ થતાં અંજીર, કાળી દ્રાક્ષ, જરદાળુ સહિતના સુકામેવાના ભાવ વધશે



પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ અટારી પરની ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટને તાત્કાલિક અમલથી બંધ કરી દેવામાં આવતા અફઘાનિસ્તાનથી આવતી કાળી દ્રાક્ષ, જરદાળુ, અંજીર, પિસોરી પિસ્તા અને હિંગની આયાત તત્કાલ અસરથી પ્રભાવિત થઈ છે. પાકિસ્તાને પણ તેના તરફથી તમામ પ્રકારના વેપાર પર રોક લગાવી દીધી છે આથી અફઘાનિસ્તાનથી વાયા પાકિસ્તાન આવતા પિસોરી પિસ્તા, જરદાળું, અંજીર, કાળી દ્રાક્ષ, અને સીડ તથા સીડલેસ કાળી દ્રાક્ષની આયાત પર અસર શરૂ થઈ છે, એમ એપીએમસીના ડ્રાયફ્રુટ્સના આયાતકારનું કહેવું છે. આપણે ત્યાં સીડ અને સીડલેસ બન્ને પ્રકારની કાળી દ્રાક્ષનો વધુ વપરાશ રહ્યો છે. અફઘાની વેપારીઓ અને ઉત્પાદકોને નાણાંની જરૂરિયાત હોવાથી માલ છૂટો કરી રહ્યા છે. અફઘાનિસ્તાનમાં અંજીરના માલની અછત છે. હવે અફઘાનિસ્તાનથી આયાત વાયા ઈરાન બંદરે થતા પડતર વધી જશે. પહલગામ હુમલા અગાઉ પણ અફઘાનના અંજીર અને કાળી દ્રાક્ષની બજાર ઊંચી હતી. હવે પુરવઠો ખોરવાતા બજાર વધુ સુધરી શકે છે. પરિણામે જે મોટા મોટા ગ્રાહકો તહેવારો નિમિત્તે જૂનમાં ખરીદી કરતા હતા તેમની અત્યારે ખરીદી નીકળી છે. ખાવામાં લીલી દ્રાક્ષનો વપરાશ વધુ થયો હોવાથી કિસમિસ ઓછી બની છે. સરકારે અટારી બોર્ડર પર કામગીરી બંધ કરી દેવાથી આયાત વિલંબાવાથી કે અટકી પડવાના ભયથી કાળી દ્રાક્ષની બજાર ઊંચકાવાની શક્યતા મહારાષ્ટ્રના સૂત્રોએ વ્યક્ત કરી છે. બીજી તરફ કાળી દ્રાક્ષનો પાક ભારતમાં ઘણો ઓછો થતો હોવાથી માગને પહોંચી વળવા અફઘાનિસ્તાનથી તેની આયાત કરાય છે.

આ વર્ષે દેશમાં ૧૬થી ૧૭ હજાર ગાડી (પ્રત્યેક ૧૦ ટન)નો માલ આવ્યો છે, જે લગભગ ૩૦ ટકા જેવો ઓછો છે. આથી ગયા વર્ષની તુલનાએ બજાર અત્યારે જ કિલોએ રૂ. ૭૦ જેવી વધી આવી છે. વધુમાં આ વર્ષે ફળ તરીકે પાકિસ્તાનથી થતી આયાત પર આપણી સરકારે અગાઉમાં ૨૦૦ ટકા આયાત જકાત અમલી બનાવતા આપણે ત્યાં પાકિસ્તાનથી સીધેસીધી આયાત થતી નથી, પરંતુ વાયા દુબઈ માલ આવે છે. તેથી અટારી બોર્ડર પર વેપારી કામકાજ બંધ કરવાથી પાકિસ્તાનથી આયાત થતી ખારેકના પુરવઠા ખેંચ સર્જાવાની શક્યતા નહિવત હોવાનું ખારેકના આયાતકારનું માનવું છે.

આપણા દેશમાં દરેક રસોડામાં અચૂક વપરાતી હિંગનો પાક બિલકુલ થતો જ ન હોવાથી અફઘાનિસ્તાનથી તેની વિપુલ પ્રમાણમાં આયાત કરાય છે. જોકે, તે જમીન માર્ગે કે દરિયાઈ માર્ગે નહિ કરાતા વિમાન મારફત કરાય છે. આથી હિંગની આયાત, ભાવ કે પુરવઠા પર અટારી બોર્ડર પર પ્રતિબંધ મુકાયાની કોઈ જ અસર થશે નહિ, એમ હિંગના આયાતકારો જણાવી રહ્યા છે. જો કે અન્ય સૂકામેવાની આયાત વાયા દુબઈથી શરૂ થવાથી તેના ભાડામાં વધારો થતાં હિંગના પાર્સલના ભાડામાં પણ સામાન્ય વધારો થશે તો હીંગના ભાવમાં મામૂલી ઉછાળો જોવા મળી શકે છે.

# RBIએ ઈન્ડિયન બેન્ક અને મહિન્દ્રા ફાઈનાન્શિયલ સર્વિસને લાખોનો દંડ ફટકાર્યો




ભારતીય રિઝર્વ બેંકે ગત શુક્રવારે જણાવ્યું હતું કે તેણે જલંધર સ્થિત ઇમ્પિરિયલ અર્બન કો-ઓપરેટિવ બેંકનું લાઇસન્સ રદ કર્યું છે કારણ કે બેંક પાસે પૂરતી મૂડી ન હતી અને ભવિષ્યમાં કમાણીની સંભાવનાઓ નથી. પંજાબ સરકારના સહકારી મંડળીઓના રજિસ્ટ્રારને પણ બેંક બંધ કરવાનો આદેશ જારી કરવા અને બેંક માટે લિક્વિડેટરની નિમણૂક કરવા વિનંતી કરવામાં આવી છે.

ભારતીય રિઝર્વ બેંકે નિયમનકારી પાલનમાં ખામીઓ બદલ ઇન્ડિયન બેંક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઇનાન્શિયલ સર્વિસીસ પર દંડ લાદ્યો છે. કેન્દ્રીય બેંકે જાલંધર સ્થિત ઇમ્પિરિયલ અર્બન કો-ઓપરેટિવ બેંકનું લાઇસન્સ રદ કર્યું છે કારણ કે બેંક પાસે પૂરતી મૂડી અને કમાણીની સંભાવનાઓ નથી

લિક્વિડેશન પર, દરેક થાપણદાર ડિપોઝિટ ઇન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGC) તરફથી તેની/તેણીની ૫ લાખ રૂપિયા સુધીની થાપણો પર ડિપોઝિટ વીમા દાવાની રકમ મેળવવા માટે હકદાર રહેશે. બેંક દ્વારા રજૂ કરાયેલા ડેટા અનુસાર, RBI એ જણાવ્યું હતું કે ૯૭.૭૯ ટકા થાપણદારો DICGC પાસેથી તેમની થાપણોની સંપૂર્ણ રકમ મેળવવા માટે હકદાર છે. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં, DICGC એ કુલ વીમાકૃત થાપણોમાંથી ૫.૪૧ કરોડ રૂપિયા ચૂકવી દીધા છે.

RBI અનુસાર, ઇન્ડિયન બેંકને બેંકિંગ રેગ્યુલેશન એક્ટની કેટલીક જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા અને 'એડવાન્સ પર વ્યાજ દર', 'કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) યોજના' અને 'માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝ (MSME) સેક્ટરને લોન' સંબંધિત દિશાનિર્દેશોનું પાલન ન કરવા બદલ રૂ. ૧.૬૧ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ ઉપરાંત, RBI એ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઇનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ (MMFIN) પર 'નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપની (NBFC) સિસ્ટમેટિકલી ઇમ્પોર્ટન્ટ નોન-ડિપોઝિટ ટેકિંગ કંપની અને ડિપોઝિટ ટેકિંગ કંપની ડાયરેક્ટેશન્સ, ૨૦૧૬' અને 'તમારા ગ્રાહકને જાણો' ડાયરેક્ટેશન્સની કેટલીક જોગવાઈઓનું પાલન ન કરવા બદલ ૭૧.૩૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

બંને કિસ્સાઓમાં, કેન્દ્રીય બેંકે જણાવ્યું હતું કે દંડ નિયમનકારી પાલનમાં ખામીઓ માટે લાદવામાં આવ્યો હતો અને આ કાર્યવાહીનો હેતુ આ સંસ્થાઓ દ્વારા તેમના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઈપણ વ્યવહાર અથવા કરારની માન્યતા પર ભાર મૂકવાનો નથી.

# સ્ટાર્ટઅપ શટડાઉનમાં ૧૨ ગણો વધારો, બે વર્ષમાં ૨૮ હજારથી વધુએ હાથ ઉંચા કર્યા




આ વર્ષે અત્યાર સુધીમાં માત્ર ૧૨૫ સ્ટાર્ટઅપ્સ જ શરૂ થયા છે. નિષ્ણાતો આ વલણને ઇકોસિસ્ટમની નિષ્ફળતાને બદલે 'વિલંબિત કરેક્શન' અથવા કેલિબ્રેશનને આભારી છે તેમ માને છે.

૨૦૨૧-૨૦૨૨માં સ્ટાર્ટઅપ્સ ક્ષેત્રે નવો મૂડીનો પ્રવાહ જોવા મળ્યો હતો. અસંખ્ય કંપનીઓને પ્રી-પ્રોડક્ટ માર્કેટ ફિટ તબક્કે ભંડોળ મળ્યું હતું. ઘણી કંપનીઓએ ઊંચા મૂલ્યાંકન પર પણ મૂડી એકઠી કરી, જેના કારણે તેઓ ફોલો-ઓન રોકાણો એકત્રિત કરવામાં નિષ્ફળ ગયા હતા.

વિશ્વના ત્રીજા સૌથી મોટા ભારતીય સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમે એક અવિશ્વસનીય રેકોર્ડ બનાવ્યો છે. છેલ્લા બે વર્ષમાં ૨૮,૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સે પોતાના શટર પાડી દીધા છે. જેમાં ૨૦૨૩માં ૧૫,૯૨૧ અને ૨૦૨૪માં ૧૨,૭૧૭ સ્ટાર્ટઅપ બંધ થઈ ગયા છે. તેમાંથી કેટલાકે નાદારી માટે અરજી કરી છે. ડેટા ઇન્ટેલિજન્સ પ્લેટફોર્મ ટ્રેક્સન અનુસાર, પાછલા ત્રણ વર્ષ - ૨૦૧૯-૨૦૨૨માં ૨,૩૦૦ શટડાઉનથી આ ૧૨ ગણો વધારો છે. ૨૦૧૯ અને ૨૦૨૨ વચ્ચે ૯,૬૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ શરૂ થયા હતા, જે ૨૦૨૪માં ઘટીને માત્ર ૫,૨૬૪ રહ્યા હતા. ૨૦૨૫માં અત્યાર સુધીમાં ફક્ત ૨૫૯ શટડાઉન થયા છે પરંતુ નિષ્ણાતો આ સંખ્યામાં વધારો થવાની અપેક્ષા રાખે છે. અર્થપૂર્ણ એકત્રીકરણનો અભાવ એ સંપાદનની ધીમી ગતિ અને શટડાઉનની વધુ સંખ્યાનું બીજું કારણ છે.

સ્ટાર્ટઅપ ટેકઓવર કરવાની સંખ્યા ૨૦૨૧ માં ૨૪૮ થી ઘટીને ગયા વર્ષે ૧૩૧ થઈ ગઈ છે. જે ક્ષેત્રોમાં સૌથી વધુ શટડાઉન જોવા મળ્યા છે તેમાં એગ્રીટેક, ફિનટેક, એડટેક અને હેલ્થટેકનો સમાવેશ થાય છે. આ સ્ટાર્ટઅપ્સ મોટાભાગે નિષ્ફળ ગયા કારણ કે શરૂઆતના અને મોટા મૂડી રોકાણને કારણે રોકડનો વધુ ઉપયોગ અને દરેક કિંમતે વૃદ્ધિની માનસિકતા વધી હતી.

નિષ્ફળતાઓનું એક મુખ્ય કારણ બિઝનેસ મોડેલ્સમાં લાંબા ગાળાની સદ્ધરતા અથવા વિકસતા બજાર ગતિશીલતા સાથે અનુકૂલન કરવાની ક્ષમતાનો અભાવ હતો.

# GSTATની દરેક અપીલ હવે ઓનલાઈન દાખલ થશે

CGST નિયમો, ૨૦૧૭ અનુસાર, વિવાદિત કર, ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) અથવા રૂ. ૧ લાખ સુધીના દંડની દરેક રકમ માટે ફાઇલિંગ ફી રૂ.૧,૦૦૦ નક્કી કરવામાં આવી છે, જે ઓછામાં ઓછા રૂ. ૫,૦૦૦ અને મહત્તમ રૂ.૨૫,૦૦૦ સુધીની હોઈ શકે છે. અન્ય ચાર્જમાં વચગાળાની (ઇન્ટરલોકયુટરી) અરજી દાખલ કરવા અથવા રેકોર્ડનું નિરીક્ષણ કરવા માટે રૂ. ૫,૦૦૦ અને અંતિમ ઓર્ડરની પ્રમાણિત નકલો માટે પ્રતિ પૃષ્ઠ ૫ રૂપિયાનો સમાવેશ થાય છે.

નાણા મંત્રાલયે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (પ્રક્રિયાગત) નિયમો, ૨૦૨૫ ને સૂચિત કર્યા છે. આ ૨૪ એપ્રિલ, ૨૦૨૫ થી અમલમાં આવ્યા છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT)ના અમલીકરણ તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે.

આ અંતર્ગત, GSTAT પોર્ટલ પર તમામ અપીલો ઓનલાઈન ફાઇલ કરવી ફરજિયાત બનાવવામાં આવી છે. આ અપીલ ઓર્ડરની પ્રમાણિત નકલ સાથે કરવામાં આવશે. GSTAT અપીલ ટ્રિબ્યુનલની સ્થાપના સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ હેઠળ કરવામાં આવી છે. તે GST કાયદા હેઠળ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના આદેશો સામે પ્રથમ અપીલ ટ્રિબ્યુનલ છે.

નિયમો અનુસાર, સત્તાધિકારીની સુનાવણીનો સમય નક્કી કરવામાં આવ્યો છે. સુનાવણીનો સમય સવારે ૧૦:૩૦ થી બપોરે ૧:૩૦ અને બપોરે ૨:૩૦ થી ૪:૩૦ વાગ્યા સુધીનો છે. તેનો વહીવટી કાર્યાલયનો સમય અઠવાડિયાના દિવસોમાં સવારે ૯.૩૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધીનો છે. જાહેર સુનાવણીની યાદીઓ દરરોજ GSTAT પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે.

# ટેરિફ વોરથી અમેરિકાની ૧૮૮થી વધુ મોટી કંપની નાદાર : હજુ અનેક કતારમાં




૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં અમેરિકામાં ઔદ્યોગિક ક્ષેત્રની ૩૨ કંપનીઓ નાદાર થઈ ગઈ. એ જ રીતે કન્ઝયુમર સેક્ટરની ૨૪ કંપનીઓ અને હેલ્થકેર સેક્ટરની ૧૩ કંપનીઓએ પોતાને નાદાર જાહેર કર્યા છે. એવું માનવામાં આવે છે કે વિદેશી વસ્તુઓ પર ટેરિફ લાદવાથી દેશમાં મોંઘવારી વધી શકે છે અને દેશ મંદીમાં સપડાઈ શકે છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ૨૪૫ ટકા ટેરિફ લાદી છે. આ કારણોસર, ઘણી અમેરિકન કંપનીઓ ચીનમાંથી પોતાનો બિઝનેસ સમેટી લેવાની તૈયારી કરી રહી છે. જો તેઓ અમેરિકામાં માલનું ઉત્પાદન કરે છે તો તેમના માટે આ બહુ મોંઘો સોદો હોઈ શકે છે. આનો અર્થ એ થયો કે આગામી દિવસોમાં ઘણી વધુ કંપનીઓ નાદાર થવાની શકયતા છે.

હવે ટેરિફ વોરના કારણે તેમની સ્થિતિ વધુ ખરાબ થવાની છે. વધતી જતી મોંઘવારીને કારણે લોકો પૈસા ખર્ચવાનું ટાળશે જેના કારણે માંગમાં ઘટાડો થશે. જેનાથી મંદીને વેગ મળશે. અમેરિકામાં નાદારીમાં જતી કંપનીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં અમેરિકામાં ૧૮૮ મોટી કંપનીઓ નાદાર થઈ ગઈ છે. જે ગયા વર્ષના સમાન ક્વાર્ટર કરતાં ૪૯% વધુ છે. ૨૦૧૦ પછી એક જ ત્રિમાસિક ગાળામાં નાદારી પામેલ કંપનીઓની આ સૌથી મોટી સંખ્યા છે.

૨૦૨૦ની કોરોના મહામારી દરમિયાન પણ આ સંખ્યા ૧૫૦ને પાર કરી શકી નથી. આ રીતે મોટી અમેરિકન કંપનીઓના નાદારીનો ૧૫ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. ગયા વર્ષે દેશમાં કુલ ૬૯૪ મોટી કંપનીઓ નાદાર થઈ ગઈ હતી.

૨૦૧૦ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૨૫૪ કંપનીઓ નાદાર થઈ હતી જ્યારે ગયા વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં નાદાર થનારી કંપનીઓની સંખ્યા ૧૩૯ હતી. નિષ્ણાતો કહે છે કે નબળી બેલેન્સશીટ ધરાવતી કંપનીઓ મુશ્કેલીનો સામનો કરી રહી છે. તેમનું દેવું પરિપક્વ થઈ રહ્યું છે અને ઊંચા વ્યાજ દરોને કારણે તે તેને પુનઃ ધિરાણ કરવામાં સક્ષમ નથી.

### રાજકોટમાં ૨૫૦થી વધુ શકમંદોને તપાસવામાં આવ્યા : ૬ મહિલા અને ૪ પુરુષ બાંગ્લાદેશીઓને કરાયા ડિટેઈન

# બાંગ્લાદેશીને મકાન બારોબાર ભાડે આપનારની ખેર નથી

**ગાંધીગ્રામ, ભગવતીપરા, રામનાથ, હાથીખાના, સોનીબજાર વિસ્તારમાં ચાલતું સર્ચ ઓપરેશન**

**બાંગ્લાદેશીઓની ૧૭ એજન્સી દ્વારા ચાલતી સઘન તપાસ**

**બાંગ્લાદેશીઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ, ફોન ડિટેઈલ સહિત તમામ સ્તરે ચાલતી તપાસ**

**અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ શકમંદોને ઉઠાવી એક સ્થળે એકઠા કરી પૂછપરછ કરાઈ**

**સમય મિરર । રાજકોટ**

રાજકોટથી પકડાયેલા બાંગ્લાદેશીઓ પાસેથી આધારકાર્ડ સહિતના કેટલાક દસ્તાવેજો મળ્યા છે. તેઓ ભારતના નાગરિક કેવી રીતે બન્યા? તેમની પાસે આધારકાર્ડ કેવી રીતે આવ્યું? આ આધારકાર્ડ ક્યાં કઢાવવામાં આવ્યું? તેમજ તેઓ જે શહેરમાં રહ્યા ત્યાં ક્યાં ક્યાં રહ્યા હતા? ઉપરાંત રાજકોટમાં જે લોકોએ બાંગ્લાદેશીઓને ભાડેથી મકાન આપ્યા હતા તેઓએ તેમની સાથે ભાડાના કરાર કર્યા હતા કે કેમ? ક્યા ડોક્યુમેન્ટના આધારે કરાર કર્યા હતા તે સહિતની વિગતો પણ ચકાસવામાં આવી રહી છે. મકાન ભાડે આપનાર રાજકોટના લોકો પણ કાનૂની સકંજામાં આવે તેવી પૂરેપૂરી સંભાવના છે.

બાંગ્લાદેશીઓ પાસેથી મોબાઈલ ફોન જપ્ત કરી લેવામાં આવ્યા છે તેની કોલ ડિટેઈલ પણ કઢાવવામાં આવશે તેઓ કોની સાથે વાત કરતા હતા? સિમકાર્ડ કઢાવવા માટે ક્યા દસ્તાવેજી પુરાવા આપ્યા હતા તે સહિતની વિગતો પણ પૂછપરછ બાદ બહાર આવશે તેમ પોલીસે જણાવ્યું હતું. કુલ ૧૭ જેટલી એજન્સીમાં સ્ટેટ આઈ.બી., સેન્ટ્રલ આઈ.બી., એનઆઈએ પૂછપરછ કરી લેશે ત્યારબાદ છેલ્લે તમામને મિનિસ્ટ્રી ઓફ એક્સટર્નલ




અફેર્સ ડિપોર્ટ કાર્યવાહી કરીને પશ્ચિમ બંગાળમાં આવેલી સરહદેથી ડિપોર્ટ કરવાની કાર્યવાહી કરશે. ડિટેઈન કરાયેલા ૧૦માંથી કોઈ સ્લીપર સેલમાં કાર્યરત છે કે કેમ ઉપરાંત આતંકવાદી પ્રવૃત્તિમાં કે દેશવિરોધી પ્રવૃત્તિમાં સંકળાયેલા છે કે કેમ તેની વિગતો મોબાઈલની કોલ ડિટેઈલ ઉપરાંત સોશિયલ મીડિયામાં જેટલા એકાઉન્ટ હશે તેના માધ્યમથી બહાર લાવવાની કોશિશ કરાશે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

રાજકોટ એસઓજી સહિતની ટીમે શહેરમાં બાંગ્લાદેશી કે પાકિસ્તાની ઘૂસણખોરો રહે છે કે કેમ તે અંગેની તપાસ શનિવાર સવારથી જ શરૂ કરી હતી. અત્યાર સુધીમાં સુધીમાં ૨૫૦થી વધુ શકમંદોને તપાસવામાં આવ્યા હતા તેમાંથી છ મહિલા અને ચાર પુરુષ સહિત ૧૦ બાંગ્લાદેશીને ડિટેન કરી લેવામાં આવ્યા છે. તેઓ છેલ્લા ૬-૮ મહિનાથી રાજકોટના ગાંધીગ્રામ, ભગવતીપરા અને રામનાથપરા સહિતના વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા હોવાનું પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. જાડેજાએ જણાવ્યું હતું. ડિટેન કરાયેલા તમામ ઘૂસણખોર બાંગ્લાદેશીઓની કુલ ૧૭ એજન્સીઓ પૂછપરછ કરશે. ત્યારબાદ માલદા સરહદેથી ડિપોર્ટ કરવાની કાર્યવાહી કરાશે. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત દેશમાં ઘૂસી ગયેલા પાકિસ્તાનીઓ અને બાંગ્લાદેશીઓને વીણી વીણીને શોધવા માટેનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે તેના ભાગરૂપે રાજકોટ એસઓજી ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમ શનિવાર સવારથી જ કાર્યરત થઈ હતી. અંદાજે ૨૫૦થી વધુ શકમંદોને અલગ અલગ સ્થળે એકઠા કરાયા હતા. તેઓની પાસે રહેલા આધાર-પુરાવાની ચકાસણી કરાયા બાદ છ મહિલા અને ચાર પુરુષ બાંગ્લાદેશી હોવાનું સ્પષ્ટ થતા તેઓને ડિટેન કરી લેવામાં આવ્યા છે. સૌ પ્રથમ એનઆઈએ સહિતની એજન્સીઓ રાજકોટ આવીને આ તમામની પૂછપરછ કરશે ત્યારબાદ ભુજ અથવા તો ગાંધીનગરના જોઈન્ટ ઈન્ટ્રોગેશનમાં તમામને લઈ જવામાં આવશે.

## કચ્છના ગાંધીધામમાંથી કોકેઈન સાથે રાજસ્થાની શખ્સો પકડાયા

### પંજાબથી ગુજરાતના અલગ અલગ વિસ્તારમાં સપ્લાયનું નેટવર્ક

**સમય મિરર । રાજકોટ**

કચ્છના ગાંધીધામમાંથી કોકેઈન સાથે ૨ આરોપી ઝડપાયા છે,૨૯ લાખના કોકેઈન સાથે પંજાબના ૨ આરોપીઓને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડયા છે,ત્યારે પોલીસે આ સમગ્ર ઘટનામાં એનડીપીએસ એકટ હેઠળ કામગીરી કરી છે, આરોપીઓ કયાં અને કોને આ કોકેઈન આપવાના હતા તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.


કચ્છમાં બસ સ્ટેન્ડ પાસે ગેસ્ટ હાઉસમાં આ રેડ કરવામાં આવી હતી, પોલીસને બાતમી મળી હતી કે બે આરોપીઓ કોકેઈન લઈને ગેસ્ટહાઉસમાં ઉતર્યા છે ત્યારે પોલીસે તેના આધારે દરોડા પાડયા તો આરોપીઓ પાસેથી ૨૯ લાખનું કોકેઈન મળી આવ્યુ હતુ, આરોપીઓ લોકલ ડ્રગ્સ પેડલરને આ કોકેઈન આપવાના હતા તેવી માહિતી સૂત્રો પાસેથી મળી રહી છે, ગાંધીધામ બી ડિવિઝન પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે.

કચ્છના મુંદ્રામાં ૩૭ લાખના કોકેઈન સાથે બે ઝડપાયા છે. પશ્ચિમ કચ્છ એસઓજી અને પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં આરોપી પાસેથી ૩૭ ગ્રામ કોકેઈન જપ્ત કર્યું છે. ઝડપાયેલા બંને આરોપીઓ રાજસ્થાનના હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. પોલીસે આરોપીઓ વિરૂદ્ધ એનડીપીસી એક્ટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ જથ્થો કોને આપવાનો હતો અને ક્યાંથી લાવ્યા હતાં તેની પણ તપાસ હાથ ધરી છે.

## રાજકોટમાં તાપમાન ૪૩.૯ ડિગ્રી પહોંચ્યું તા. ૧ સુધી અસહ્ય હિટવેવની આગાહી

**સમય મિરર । રાજકોટ**

રાજકોટમાં છેલ્લા બે દિવસથી તાપમાનમાં વધારો થતા ભીષણ ગરમી પડી રહી છે. ગઈકાલે રવિવારે જ તાપમાનનો પારો ૪૩.૯ ડિગ્રી પહોંચ્યો હતો. આગામી ૪ દિવસ માટે હીટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. મહતમ મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ ગરમીથી બચવા માટેના મહત્વના સૂચનો આપ્યા છે. જેમાં શક્ય હોય ત્યાં સુધી બપોરના સમયે બહાર નીકળવાનું ટાળવાની અપીલ તેમણે કરી છે.




મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીનાં જણાવ્યા મુજબ, હાલ હીટવેવની આગાહી છે. આમ જોઈએ તો અગાઉ બે યલો એલર્ટ પણ જાહેર થઈ ચૂક્યા છે. રાજકોટ શહેરનું તાપમાન અન્ય રાજ્યોની તુલનાએ સતત સૌથી વધુ નોંધાઈ રહ્યું છે. હીટ રિલેટેડ બીમારીના લક્ષણો જણાય તો લોકોએ તરત જ નજીકના આરોગ્ય કેન્દ્રોનો સંપર્ક કરવો જોઈએ. બપોરના સમયે ખૂબ જરૂરી કામ સિવાય બહાર નીકળવાનું ટાળવું જરૂરી છે. તેમજ બહાર જવાનું થાય તો ટોપી, રૂમાલ અને ગોગલ્સ જેવી વસ્તુઓનો ઉપયોગ કરવો જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે રાજકોટનુ મહતમ તાપમાન ૪૩.૯ ડિગ્રી નોંધાયુ હતું, તે નોર્મલ કરતા ચાર ડિગ્રી વધુ હતું. આગામી ૨૭ એપ્રિલથી ૧ મે દરમિયાન હીટવેવનો માહોલ સર્જાવાની સંભાવના છે. જેમાં તાપમાનનો પારો ૪૪થી ૪૫ ડિગ્રી થવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાતનાં કેટલાંક સેન્ટરોમાં હીટવેવની સ્થિતિ સર્જાઈ શકે છે. મહિનાનાં અંતિમ દિવસોમા ભીષણ ગરમી રહે તેવી પૂરતી શકયતા છે. આ સમયગાળામાં પવન પશ્ચિમી દિશાના અને ૧૦થી ૧૫ કિમીની ઝડપના હશે.

## ઘાંટવડમાં હિન્દુ-મુસ્લિમ સમાજે પહલગામ આતંકી હુમલાને વખોડ્યો : મૃતાત્માઓને પાઠવી શ્રદ્ધાંજલિ

**સમય મિરર । કોડીનાર**

કશ્મીર માં આંતકવાદીઓ દ્વારા ૨૭ લોકો ને મોત ને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે તેમની આત્માને શાંતિ મળે એટલા માટે ઘાંટવડ ગામ માં સમસ્ત ગામ આયોજીત એક શ્રદ્ધાંજલિ નો કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઘાંટવડ નાં હિન્દુ મુસ્લિમ સમાજ ના દરેક ભાઈઓ જોડાઈ ને આ આંતકવાદી હુમલા ને વખોડી કાઢયો હતો અને કેન્ડલ માર્ચ કાઢીને મુત્યુ પામનાર ૨૭ લોકોને શ્રદ્ધાંજલિ આપી મૌન પાળ્યુ હતું. ઘાટવડ ગામનાં સમસ્ત હિન્દુ મુસ્લિમ ભાઈઓ દ્વારા ગ્રામ પંચાયત નાં ગ્રાઉન્ડમાં સાથે મળી એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે હેતુ થી આ કાર્યક્રમ યોજાયો હતો આ શ્રદ્ધાંજલિના કાર્યક્રમમાં ઉપસ્થિત ઘાટવડ ગામને સરપંચ રફિક મહેતર ઉપસરપંચ નટવરસિંહ ઝાલા તેમજ લોહાણા સમાજના અગ્રણી અરવિંદ




વિઠલાણી કોળી સમાજના અગ્રણી મસરી બાંભણીયા તેમજ ઘાટવડ સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ આદમ ચૌહાણ તથા મુસ્લિમ સમાજના અગ્રણી યુનુસ સેલોત તેમજ ગ્રામ પંચાયતના સદસ્ય અલ્તાફ સાયલી પત્રકાર શબ્બીર સેલોત તથા ફારુક સેલોત તેમજ દિનેશ ચુડાસમા તથા વેપારી અગ્રણી મયુર સોલંકી તેમજ ભીખુ ગોહિલ તથા નામી અનામી આગેવાનો તથા હિન્દુ તથા મુસ્લીમ સમાજ ના યુવાનો અને વડીલો હાજર રહ્યાં હતાં અને આવા નરાધમ પાકિસ્તાની આંતકવાદી ઉપર કડકમાં કડક પગલાં લેવામાં આવે અને સરકારને આવા આંતકવાદી વિરુદ્ધ ક્યારેય કોઈ ઉપર નાં થઈ હોય એવી તાત્કાલિક ધોરણે સજા મળે તેવી સરકારને રજૂઆત કરી હતી.

## ગીર સોમનાથના ત્રણ બુટલેગરને પાસા હેઠળ અલગ-અલગ જેલમાં ધકેલાયા

**સમય મિરર । ઉના**

ઉના ડીવીઝનનના નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી સા. ના માર્ગદર્શન હેઠળ અલગ અલગ શખ્સોની પાસા દરખાસ્તો તૈયાર કરી પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજા મારફત ગીર સોમનાથ જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર દિગ્વિજયસિંહ ડી. જાડેજા તરફ મોકલતા તેઓ દ્રારા આવી ગેર-કાયદે પ્રવૃત્તિ આચરતા અને અવાર નવાર ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલ ત્રણ બુટલેગરો વિરૂધ્ધ પાસા વોરન્ટ ઈસ્યુ કરવામાં આવ્યા હતાં.

જે પાસા વોરંટો ઈસ્યુ થયા બાદ આ પાસા અટકાયતીને એલ.સી.બી.ના ઈ. ચા. પો.ઈન્સ.એ.બી. જાડેજા ના માર્ગદર્શન મુજબ પો.સબ ઈન્સ. એ. સી.સિંધવ તથા એ.એસ.આઈ. શૈલેષભાઈ ડોડીયા, પો.હેડ કોન્સ. લલીતભાઈ ચુડાસમા, ગોવિંદસિંહ વાળા તથા પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ ગોહીલ નાઓ દ્વારા પકડી પાડી લગત પો.સ્ટે સોંપી આ અટકાયતીઓના પાસા વોરંટની બજવણી



કરી અલગ અલગ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. જેમાં નિતેશકુમાર દાનાભાઈ ભાલિયા (ઉ.વ.૩૭ ધંધો મજુરી રહે પણાંદર રોડ, કોડીનાર જી. ગીર સોમનાથ કોડીનાર)ને મધ્યસ્થ જેલ અમદાવાદ, ક્રીશ ઉર્ફે કારિયો બાલુભાઈ કામળિયા (ઉ.વ.૧૯ ધંધો પો. મજુરી રહે. સરકારી હોસ્પિટલ સામે), સરજમીનખાન મજીદખાન મહેમતખાન પઠાણ (ઉ.વ.૨૬ ધંધો મજુરી રહે. ટેસ્ટીનગર, કોડીનાર જી. ગીર સોમનાથ)ને મધ્યસ્થ જેલ વડોદાર ખાતે મોકલી દેવામાં આવ્યો છે.

આ કામગીરીમાં એલ.સી.બી. ઈ.ચા.પો.ઈન્સ. એ.બી.જાડેજા, પો.સબ ઈન્સ. એ.સી.સિંધવ, એ.એસ.આઈ. શૈલેષભાઈ ડોડીયા, પો.હેડ કોન્સ. લલીતભાઈ ચુડાસમા, ગોવિંદસિંહ વાળા તથા પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ ગોહીલ રોકાયા હતાં.

## પાંચ શંકાસ્પદ બાંગ્લાદેશી વડોદરા રેલવે સ્ટેશન ઉતરે એ પહેલાં પકડાયા

### એકતાનગરમાંથી 300 શંકાસ્પદોને ડિટેઈન કરાયા

**સમય મિરર । વડોદરા**

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા એકતાનગરમાં પોલીસની ૧૦ વધુ ટીમો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જ્યાંથી 300 શંકાસ્પદોને ડીટેઇન કરી ૨૦૦ પુરુષોને વેરિફિકેશન માટે પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં બીજા રાજ્યોના લોકો વસે છે. બાપોદ સિટી પોલીસ સહિત ડીસીબી, એસીપી, જોઇન્ટ પોલીસ કમિશનર સ્થળ પર હાજર છે. ગઈકાલે પણ ૧૦૦૦થી વધુ લોકોનું વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. એ દરમિયાન મોડી રાત્રે ટ્રેનમાંથી પાંચ બાંગ્લાદેશીને ઉઠાવી લેવાયા હતાં.

આ અંગે જોઈન્ટ પોલીસ કમિશનર લીના પાટીલે જણાવ્યું હતું કે, હાલમાં ઝોન-૪ના બાપોદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા એકતાનગર વિસ્તારમાંથી ૧૦૦ જેટલી મહિલાઓ અને ૨૦૦ પુરુષોને ડીટેઇન કરવામાં આવ્યા છે. જેમાં ૨૦૦ જેટલા પુરુષોને વેરિફિકેશન માટે બાપોદ પોલીસ મથકમાં જઈ જવામાં આવી રહ્યા છે. આમાં શંકાસ્પદ બાંગ્લાદેશી ઘૂસણખોર હોય એના માટેની કામગીરી ચાલી રહી છે અને ગઈકાલે પણ ૧૦૦૦ લોકોનું વેરીફીકેશન કરવામાં આવ્યું હતું. લોકોને પણ અપીલ છે આવા કોઈ ગેરકાયદેસર લોકો હોય તો પોલીસને માહિતી આપે પોલીસ કાર્યવાહી કરશે.

ઘુષણખોરીઓની તપાસ કરવા માટેની ડ્રાઈવ ચલાવવા માટે પશ્ચિમ રેલવે વડોદરાના નાયબ પોલીસ મહાનિરીક્ષક સરોજકુમારી દ્વારા સૂચના અપાઈ હતી. જેના આધારે રેલવે એલસીબી, એસઓજી અને પોલીસ સ્ટેશન વડોદરાના કર્મચારીઓ અલગ-અલગ ટીમો બનાવી ટ્રેનોમાં ચેકિંગ કરી રહ્યા હતા.

આ દરમિયાન ૨૬ એપ્રિલના રોજ રાત્રિના ૨.૧૫ વાગ્યાના અરસામાં ટ્રેન નંબર-૧૨૮૩૩ અમદાવાદ હાવડા એકસપ્રેસ ટ્રેન વડોદરા રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૧ ઉપર આવી ઊભી હતી. જેથી આ ટ્રેનમાં ચેકિંગ કરતા દરમિયાન થ્રી ટાયર એસી કોચમાં ૩ શખ્સો તથા ૨ બાળકો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. તેઓની પુછતાછ કરતા શરૂઆતમાં તેઓ યોગ્ય જવાબ આપતા ન હોય તેઓને ટ્રેનમાંથી ઉતારી સઘન પુછપરછ કરતા તેઓએ પોતે બાંગ્લાદેશી હોવાનું જણાવ્યું હતું.

### દાતાઓના સહયોગથી કણથી મણ સુધીનો લાખેણો કરિયાવર અપાશે

## બુધવારે માધવપુર (ઘેડ)માં સમસ્ત કોળી સમાજના સમુહ લગ્નોત્સવમાં ૧૮ દીકરી પ્રભુતામાં પગલાં પાડશે

**સમય મિરર । ગોસા (ઘેડ)**

જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર જીલ્લા સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં કોળી સમાજના પ્રથમ સમૂહ લગ્નોત્સવનો પ્રારંભ કરનાર એવાં માધવપુર (ઘેડ) ગામે આગામી તા. ૩૦/૦૪/૨૦૨૫ ને બુધવાર અખાત્રીજ ના રોજ સમસ્ત કોળી સમાજના ૪૪ મા સમુહ લગ્નોત્સવ નું મધુવનમાં આવેલી કોળી સમાજની વાડી સામે આવેલ બ્રહ્મ સમાજના અગ્રણી જગદીશ પુરોહિત ના નાળિયેરી ના બાગમાં આયોજન કરવામા આવ્યું છે.

સમૂહ લગ્નોત્સવ માં આચાર્ય રાજભાઈ બાલાભાઈ પુરોહિત ( આજક વાળા ) ના વૈહદક માંત્રોચ્ચાર સાથે ૧૮ નવ દંપત્તિ ઓ પ્રભુતામાં પગલાં માંડશે

પોરબંદર નજીકના માધવપુર(ઘેડ) ખાતે સમસ્ત માધવપુર કોળી સેવા સમાજના ઉપક્રમે અને માધવપુર કોળી સમાજ સમૂહ લગ્ન સમિતિ દ્વારા પ્રતિ વર્ષની જેમ આગામી તા ૩૦/એપ્રિલ બુધવાર અખાત્રીજના દીને માધવપુર(ઘેડ)ખાતે ના મધુવન મા આવેલી કોળી સમાજની વાડી સામે આવેલ બ્રહ્મસમાજના અગ્રણી જગદીશ પુરોહિતના વિશાળ નાળીયેરી ના બગીચા ખાતે ૪૪ મા સમૂહ લગ્નોત્સવનુ ભવ્ય આયોજન કરવામા આવ્યું છે.

જેમાં મંડપ રોપણ,જાન આગમન તેમજ હસ્ત મેળાપ સવારે શુભ ચોઘડીએ રાખવામાં આવેલ છે. ભોજન સમારંભ બપોરે ૧૧-૦૦ કલાકે જયારે આશીર્વચનો બપોરે ૧-૦૦ કલાકે અને કન્યા વિદાયના પ્રસંગનો કાર્યક્રમ સાંજે ૪-૦૦ કલાકે છે. જેમાં પોરબાંદર ના સમાજ રત્ન ડો ઈશ્વરભાઈ ભરડા નુસતત પ્રેરણા પ્રોત્સાહન મળી રહ્યુ છે.

માંગરોળ -માળીયા હાટીના ધારા સભ્ય ભગવાનજી કરગટીયા ની ઉપસ્થિતીમાં બપોરે ૧-૦૦ કલાકે યોજાનાર સત્કાર સમારંભમાં અતિતિ વિશેષ તરીકે જનાગઢ ના સાંસદ રાજેશ ચુડાસમા, સોમનાથ વિસ્તારના ના ધારાસભ્ય વિમલ ચુડાસમા, કેશોદના ધારાસભ્ય દેવા માલમ, પોરબંદર ધારાસભ્ય અર્જુન મોઢવાડીયા કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજા તથા અધિકારીઓ પદાધિકારીઓ સહિતના મહાનુભાવો તેમજ સમાજ શ્રેષ્ઠિઓ,સાધુસંતો મહંતો ઉપસ્થિતિ રહેશે.

સમૂહ લગ્નોઉત્સવને સફળ બનાવા માધવપુર કોળી સેવા સમાજના સેવા કર્મી પ્રમુખ રમેશ કરગટીયાના માર્ગદર્શન તળે લાખા કરગટીયા, આશિષ ખેર, અજય ભૂવા, વિજય બાલસ, ગીરીશ બારૈયા, ભરત બારૈયા, કાન કરગટીયા, વિ પુલભાઈ વાજા, હરજી ભાઈ ભૂવા કાળુ ભુવા, દેવા માવદિયા,વિકાસ કરગટીયા, રામજી ભૂવા, જયુભાઈ વાજા, હર્ષદ માવદીયા સહીતના શ્રેષ્ઠીઓ સહિતના યુવા બહેનો સમૂહ લગ્નોત્સવ ના પ્રસંગ ને દીપાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

પ્રતિવર્ષ વિવિધ દાતાઓનો ઉમળકા ભર્યો ઉત્સાહ સાંપડતા મળેલ અનુદાનથી સમૂહ લગ્નોત્સવ ૧૮નવ દંપતીઓ ને અઢળક કરિયાવરમાં ગૃહ ઉપયોગી ચીજ વસ્તુઓ આપવા આવશે માધવપુર કોળી સમાજઆયોજીત સમૂહ લગ્નોત્સવ અંગે વિશેષ માહિતી જાણકારી માટે કોળી સેવા સમાજના પ્રમુખ રમેશભાઈ કરગટીયાનો મોબાઈલ નંબર ૯૮૭૯૯ ૪૦૩૩૫ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવ્યું છે.

## આજે જેતપુર પાલિકાની બેઠકમાં વિવિધ સમિતિની રચના થશે

**સમય મિરર । જેતપુર**

આજે સોમવારે જેતપુર નગર પાલીકા ની અગત્યની મીટિંગ મળશે. મલાઈવાળી સમિતિ મેળવવા માટે સભ્યો દ્વારા બે દિવસથી લોબિંગ કરી રહ્યા છે. જેતપુર ના બે દિગ્ગજ નેતા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા ને ટેક્ષટાઇલ એશોશિએશનના પ્રમુખ જયંતીભાઈ રામોલીયાની મહેનતના લીધે નગર પાલીકામા ભાજપ ને ૩૨ સભ્યો સાથે સ્પષ્ટ બહુમતી મેળવી છે ત્યારે કમાણી વાળી કમીટી મેળવવા માટે સભ્યો આગેવાનો પર લોબિંગ કરી રહ્યા છે.

જાણવા મળતી વિગતો મુજબ ધારાસભ્ય જયેશ રાદડીયાના માર્ગદર્શન હેઠળ કોઈ પણ સભ્યો નારાજ ન થાય અને સીનિયોરીટી અને લાયકાત પ્રમાંણે વરણી કરવામાં આવે તેવું જાણવા મળ્યું છે જયારે નગરપાલીકામાં કમાણી વાળી સમિતિઓ જેમાં કારોબારી, બાંધકામ, વોટરવર્કસ, ગાર્ડન સેનીટેશન જેવી મહત્વની અને સમીતીઓ મેળવવા સભ્યો દ્વારા આગેવાનો પાસે ચક્કર લગાવી રહ્યા છે. સોમવારે જેતપુર નગરપાલીકાના પ્રમુખ મેનાબેન રાજેશભાઈ ઉસદડીયાના અધ્યક્ષ સ્થાને વિવિધ સમિતિની રચના કરવા માટે મીટિંગ મળી રહી છે. જેના પર સૌની મીટ મંડાઈ છે.

## ઉનામાં ભગવાન પરશુરામ જન્મોત્સવની સાદગીપૂર્ણ ઉજવણી કરાશે

**સમય મિરર । ઉના**

ઊના શહેર મા દર વરસે વિષ્ણુ ભગવાન નો છઠ્ઠો અવતાર શ્રી, પરશુરામ ભગવાન નો જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવાય છે. પરંતુ તાજેતર મા કાશ્મીર ના પહેલગાવ માં આંતકવાદીઓ દવારા નિર્દોષ પ્રવાસીઓ ઉપર હુમલો કરતા ૨૭ પ્રવાસીઓ મૃત્યુ પામ્યા હતા અને ઘણા ઈજાઓ થઈ છે. તેથી મંગળ વારે પરશુરામ જન્મ મહોત્સવમાં શોભાયાત્રા, ડીજે,ફટાકડા વગેરે ના કાર્યક્રમ બંધ રાખી સાદગી પૂર્વક ઉજવણી કરવાનું સામુહિક રીતે નક્કી થયું છે.સમસ્ત બ્રહ્મસમાજ પ્રમુખ વિજય જોશી અને પરશુરામ યુવા સસ્થાન ના પ્રમુખ હરેશ જોશી ના માર્ગદર્શન સાથે એક મિટિંગ, પરશુરામ યુવા સંસ્થાન, સમસ્ત બ્રહ્મ સમાજ, ,સમૂહ લગ્ન સમિતિ, બ્રહ્મ કર્મચારી મંડળ ઊના , ઉન્નત પુરમ સંસ્કૃત પાઠ શાળા દ્વાર યોજવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે નિર્ણય કરવામાં કે પરશુરામ જન્મ ઉત્સવ તા.૨૯/૪/૨૫ ને મંગળવારની શોભા યાત્રા રદ કરી સાંજે ૬ કલાકે ઊના ની કન્યા વિદ્યાલયના સંકુલમા શ્રી, પરશુરામ ભગવાનનું પૂજન, આરતી બાદ પહેલગાવમાં મૃત્યુ પામેલ પ્રવાસીઓને બે મિનિટ મૌન પાળી શ્રધાંજલિ આપવામા આવશે. ત્યાર બાદ દાતાઓ,વગેરેનું સન્માન બાદ સમૂહ મહાપ્રસાદ યોજાશે.

### વેરાવળ તાલુકા સંગઠનમંત્રી પદે મોતીબેન બામણીયાની વરણી

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ તેમજ ગીર સોમનાથ જિલ્લા પ્રમુખ અને તાલુકા મંડળ પ્રમુખ દ્વારા વેરાવળ તાલુકાના ડારી ગામના ઉપસરપંચ જગદીશભાઈ બામણીયાના પત્ની મોતીબેન જગદીશભાઈ બામણીયા ને વેરાવળ તાલુકા સંગઠનમાં મંત્રી તરીકે નિયુકતી કરવામાં આવતા ઠેરઠેરથી આવકાર મળી રહ્યો છે.

### અવસાન નોંધ

**ઊના :** છારીયા ઉનેવાળ બ્રાહ્મણ જાની વિશ્વનાથ લાભશંકર ઊ.વ.૮૫ તે ભાવેશ ભાઈ (અમેરિકા), મનીષા બેન ઋષિ કુમાર ઉપાધ્યાય (રાજકોટ) ના પિતાશ્રી અને સ્વ. ચંદ્રશંકર, સ્વ. લજ્જાશંકર ,સ્વ. મહાશંકર, ડો. ગીરજા શંકર, પ્રતાપભાઈ , અનંત રાય, હરેશ ભાઈ ના ભાઈ તા.૨૭/૪/૨૫ ના કૈલાસ વાસી થયા છે તેમની પ્રાર્થના સભા અને બેસણું તા.૨૮/૪/૨૫ને સોમવારે સાંજે ૪, ૦૦ થી ૬, ૦૦ ઉન્નતનગર કોમ્યુનિટી હોલ સદગુરૂ મંદિર ની પાછળ ઉન્નત નગર ઊના રાખેલ છે.

# દીવથી કારમાં દારૂની હેરાફેરી કરતા બે ઝડપાયા : ૨.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**સમય મિરર | ઉના**

ઊના પોલીસ દ્વારા પ્રોહિબિશન અંગે ડ્રાઈવ ચલાવી રહી હતી તે દરમિયાન બાતમી આધારે જુનાગઢ જિલ્લાના માંગરોળ ગામ નાં બે શખ્શો કારમાં દારૂ ની ગેરકાનૂની હેરાફેરી કરતાં હોવાની અને દીવ થી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી નિકળેલ હોવાનું જાણવા મળતાં ઉના પોલીસ તડ કેસરીયા રોડ પર એક હોટલ પાસે વોચ ગોઠવી કાર રોકાવી તલાશી લેતાંસીટપાછળ ડેકી માં રાખેલ બિયર નાં ટીન તેમજ બોટલ નો જથ્થો મળી આવતાં બન્ને શખ્સો ની અટકાયત કરી પુછપરછ કરતાં આ દારૂ અંગે વધું બે શખ્સો નાં નામ ખુલતાં ચાર શખ્શો વિરૂધ્ધ પોલીસે ગુન્હો દાખલ કરી ૨.૮૦ હજાર નો મુદામાલ કબ્જે કર્યો છે.



જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી દ્વારા પ્રોહિબિશન -જુગાર જેવી ચાલતી પ્રવૃતિ નેસ્ત-નાબુદ કરવા ડ્રાઈવ ચલાવવા આદેશ કરતાં ઉના પોલીસ ઈન્સ્પેકટર એમ.એન. રાણા ના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પોલીસ સ્ટાફ ની ટીમો બનાવી પ્રોહી-જુગારના પ્રવૃતિ કરતા શખ્સો ને ઝડપી પાડવા સર્વલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ આર.પી.જાદવ , એ.એસ. આઈ.શાંતિલાલ, જોરૂભા હેડ.કોન્સ.નાનજીભાઈ ,કોન્સ.વિજયભાઇ , રવિસિંહ અનિલભાઇ, સુનીલભાઈ, ભાવસિંહ ઉના પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળી હતી કે કેન્દ્રશાશીત પ્રદેશ દિવ માથી સફેદ કલરની સ્વીફ્ટ જી.જે.-૧૧-ટી ટી -૭૫૦૩ માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી તડ ગામ તરફથી કેસરીયા થઈ માંગરોળ તરફ જઈ રહી છે. તેને પકડી પાડવા નાકાબંધી કરી આ કાર નિકળતાં અટકાવી તલાશી લેતાં પાછળની સીટમા તેમજ ડેકી છુપાવેલ પ્લાસ્ટીકના ઝબલા બાચકા માં ભરેલ વિદેશી દારૂની બોટલો મળી આવતા દારૂના જથ્થાની હેરા-ફેરીના ઉપયોગમાં લીધેલ સ્વીફ્ટ ડીઝાઈર કાર કિ.રૂ./-૨,૫૦,૦૦૦ મોબાઈલ નંગ-૦૨ કિ.રૂ.૧૦,૦૦૦/- ગેરકાયદેસર પાસ-પરમીટ વગર વિદેશી દારૂનીબોટલો બીયર ટીન નંગ-૧૨૦/ કિ. રૂ .૨૭,૮૯૧/-નો મુદામાલ મળી આવતાં મીલાપ લાખા ડાકી ઉ.વ. ૩૪ રહે.માંગરોળ ગૌરવ હીરાભાઈ ખોરાવા ઉ.વ.૨૫ ની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી આ બન્ને શખ્સો ની પુછપરછ દરમિયાન બે શખ્સો નાં વધું નામ ખુલ્યા છે જેમાં અક્ષય પ્રેમજીભાઈ ખોરાવા (રહે,માંગરોળ) ધવલ રાકેશભાઇ હોડાર રહે માંગરોળ વાળા ની શોધખોળ હાથ ધરી છે.

# ગીરગઢડાના મહોબતપરા ગામની ગૌચરની જમીન ખુલ્લી કરાવાઈ

**સમય મિરર | ઉના**

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ગીરગઢડા નાં મોહબ્બત પરા ગામે દબાણો, ગૌચરની જમીન પરના કબ્જા, ટ્રાફિકને અડચણ કરતા દબાણોને દૂર કરવાની ગીરગઢડા તાલુકા વિકાસ અધિકારી અને ગ્રામપંચાયત નાં અધિકારી ની ઉપસ્થિતિ માં તંત્ર એ કરી આશરે રૂ. ૭ કરોડ ૫૦ લાખની કિંમતની ૧,૯૫,૦૦૦ ચોરસ મીટર ગૌચર જમીન ખૂલ્લી કરાવી હતી.

ગીરગઢડા તાલુકાના મહોબતપરા ગામે ગ્રામ પંચાયત દ્વારા ગૌચરની જમીન ઉપર ત્રણ દિવસ સુધી દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલી હતી જેમાં ૨૮ દબાણદારો દ્વારા દબાણ કરવામાં આવેલી કુલ ૧,૯૫,૦૦૦ ચોરસ મીટર ગૌચરની જમીન જેની કિંમત



## ૨૮ દબાણકારો સામે તંત્રની લાલ આંખ

આશરે રૂ. ૭ કરોડ ૫૦ લાખ થવા જાય છે. તેમાં ગ્રામ પંચાયત દ્વારા જે. સી.બી. તેમજ ટ્રેક્ટર દ્વારા સમગ્ર જમીન ખુલ્લી કરવામાં આવી હતી. આ જમીન ઉપર દબાણ કરનારા લોકો એ આંબાવાડી બાગ બગીચા ઉભાં કરી દેતાં અનેક વર્ષો જુનાં આંબા નારીયેળ નાં વૃક્ષો જડમુળથી દુર કરાયાં હતાં હજુ પણ આગામી સમયમાં જિલ્લાના વિવિધ સ્થળો પર દબાણ હટાવવાની કામગીરી ચાલુ રહેશે.તેવુ તંત્ર દ્વારા જણાવાયું હતું.

# વેરાવળમાં મુસ્લિમ સમાજે પહલગામના જઘન્ય હત્યાકાંડનો કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કર્યો

**સમય મિરર | વેરાવળ**

જમ્મુ-કાશ્મીર આતંકી હુમલા સંદર્ભે વેરાવળમાં મુસ્લિમ સમાજે વિરોધ નોંધાવી કાળી પટ્ટી પહેરી નમાઝ અદા કરી હતી અને આતંકવાદીઓને કડક સજાની માંગ કરી છે.

વેરાવળની મુસ્તફા મસ્જિદમાં સેંકડો મુસ્લિમ બિરાદરોએ જમ્મુ-કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાનો વિરોધ નોંધાવ્યો છે. તેમણે જુમ્માની નમાઝ દરમિયાન કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ અફઝલ પંજાએ જમ્મુ-કાશ્મીરમાં નિર્દોષ લોકોની હત્યાની ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. તેમણે સઈદ હુસેન શાની બહાદુરીની પ્રશંસા કરી. સઈદ હુસેને આતંકવાદીઓ પાસેથી બંદૂક છીનવી અનેક લોકોનો



જીવ બચાવ્યો અને પોતાના પ્રાણની આહુતિ આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે હિંદુસ્તાનનો મુસલમાન હંમેશા દેશભક્ત રહ્યો છે. તેમણે કુરાનનો હવાલો આપતા કહ્યું કે એક નિર્દોષ વ્યક્તિની હત્યા સમગ્ર માનવતાની હત્યા સમાન છે. તેમણે માંગ કરી કે ભારત સરકાર આ માનવ સંહારના દોષિતોને કડકમાં કડક સજા કરે. મસ્જિદના ઈમામ મૌલાના સરફરાજ અહેમદ નૂરીએ સ્પષ્ટ કર્યું કે ઈસ્લામમાં આવા આતંકવાદીઓને કોઈ સ્થાન નથી. તેમણે કહ્યું કે નિર્દોષ લોકોની હત્યા કરનાર કોઈપણ ધર્મનો હોઈ શકે નહીં. તેમણે ભારત સરકારને આતંકવાદીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી જેથી ભવિષ્યમાં કોઈ આવી ઘટના કરતા પહેલા સો વાર વિચારે.

# વેરાવળની ભીડ-ભાડવાળી જગ્યાએ સિટી પોલીસનું સઘન ચેકીંગ

**સમય મિરર | વેરાવળ**

જમ્મુ કાશ્મીરના પહેલગામ ખાતે થયેલ આંતકવાદી હુમલા અનુસંધાને વેરાવળ શહેરમાં સીટી પોલીસે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તેમજ ભીડભાડ વાળી જગ્યામાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જાહેર જનતા જોગ સંદેશ પાઠવી પોલીસે જણાવ્યું છે કે, જો કોઇ શંકાસ્પદ વ્યક્તિ કે વસ્તુ દેખાઇ આવે તો તાત્કાલીક પોલીસનો સંપર્ક કરવો.

તાજેતરમાં જમ્મુ કાશ્મીરના પહેલગામ ખાતે આંતકવાદી હુમલો થયો છે. ગીર સોમનાથ જીલ્લામાં ઝેડ પ્લસ સુરક્ષા ધરાવતુ સોમનાથ મંદીર આવેલું છે. જેથી વેરાવળ રેલ્વે સ્ટેશન તેમજ બસ સ્ટેશને જરૂરી ચેકીંગ રાખી તકેદારી રાખવા જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા, જીલ્લા પોલીસ અધિક્ષક



મનોહરસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર દ્વારા સુચનાના અનુસંધાને વેરાવળ સીટી પોલીસ ઈન્સપેકટર એચ.આર. ગોસ્વામી, બી.ડી.ડી.એસ. સ્કોડ ગીર સોમનાથ સાથે વેરાવળ રેલ્વે સ્ટેશન ખાતે આર.પી.એફ. તથા જી.આર.પી.એફ. સાથે સંયુક્તમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું તેમજ વેરાવળ સીટી પોલીસ દ્વારા બસ સ્ટેશન તથા ભીડભાડ વાળી જગ્યાએ ચેકીંગ તેમજ વાહન ચેકીંગ હાથ આવ્યું હતું.

# ગીર સોમનાથમાં ગેરકાયદે ખનિજ વહન કરતા ૪૬ ખનન માફિયા વિરુદ્ધ કાર્યવાહી

## એક માસમાં ૩૭.૮ લાખનો દંડ વસુલાયો : ૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત

**સમય મિરર | વેરાવળ**

ગીર સોમનાથ કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં ખાણ અને ખનીજ કચેરીની તપાસ ટીમ દ્વારા ખનીજના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહ બદલ ગત એક માસ દરમિયાન કુલ ૪૬ શખ્સો સામે આકરી કાર્યવાહી કરતાં રૂ. ૩૭.૦૮ લાખની દંડની વસૂલાત કરવામાં આવી છે.

આ જ રીતે ભવાની માઈનીંગ પ્રો.સુરાભાઈનું વાહન ડમ્પર નં-GJ-32-V-0950 તેમજ વિજયભાઇ ગીગાભાઈ વાગડીયાનું વાહન ટ્રેક્ટર નં-GJ-07-BN-7165 આ બન્ને વાહનોમાં ખનીજ કપચી(ગ્રીટ) તથા રામસિંહભાઇ રાણાભાઇ બારડના વાહન ટ્રેક્ટર નં.GJ-32-AA-0341માં મોરમ ખનીજના બીનઅધિકૃત વહન કરવા બદલ નિયમોનુસાર સીઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આમ, ઉપરોક્ત શખ્સોને દ્વારા ખનીજ ચોરી કરવા બદલ કુલ રકમ રૂ.૩૫ લાખનો મુદ્દામાલ સીઝ કરી દંડની



(તસ્વીર : મીલન ઠકરાર-વેરાવળ)

રકમ વસૂલવા બાબતે નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ જ રીતે અન્ય કુલ-૩ વાહન માલિકો દ્વારા દંડની રકમ ભરપાઇ ન કરતા આ વાહન માલિકો વિરૂદ્ધ રૂ. ૮.૧૮ લાખની વસૂલાત માટે કોર્ટ કેસ દાખલ કરી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખનીજ ચોરી ડામવા અસરકારક પગલાં લેવામાં આવ્યાં છે.

# કેશોદના રંગપુરમાં પરણિત યુવકે લગ્નની લાલચ આપી યુવતી સાથે ૮ માસ દુષ્કર્મ આચર્યું




**સમય મિરર | કેશોદ**

કેશોદના રંગપુર ગામે પરણિત યુવકે લગ્ન કરવાની લાલચ આપી પોતાના જ ગામમાં રહેતી યુવતી સાથે પ્રેમસંબંધ રાખી ગત ઓગસ્ટ માસથી અત્યાર સુધી અવારનવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાવતા કેશોદ પોલીસે પુનિતભાઈ દેસાભાઈ બાબરીયા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કેશોદના રંગપુર ગામે પરણિત યુવક પુનિતભાઈ દેસાભાઈ બાબરીયા એ ભોગ બનનાર યુવતીને વિશ્વાસ અપાવવા મૈત્રી કરાર કર્યા હતાં અને પોતાની પત્ની ને છુટાછેડા આપી લગ્ન કરવાની ખાત્રી આપી છેલ્લાં આઠેક માસથી શરીર સંબંધ બાંધતો હોય એવામાં મૈત્રી કરાર રદ કરી લગ્ન કરવાની ના પાડતાં યુવતી પ્રેમમાં કરેલો વિશ્વાસ ખોટો ઠર્યો હતો અને દગો થયો હોવાનું ધ્યાને આવતાં કેશોદ પોલીસ સ્ટેશનમાં પહોંચી આપવીતી પોલીસ સબ ઈન્સપેકટર જે આર વાઝા અને પોલીસ કોન્સ્ટેબલ અમરાભાઈ હામાભાઈ જુજીયા સમક્ષ રજૂ કરતા નિવેદન નોંધી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૫(૨),એમ ૬૯ હેઠળ ગુનો નોંધી દુષ્કર્મ આચરનાર પુનિતભાઈ દેસાભાઈ બાબરીયા ને ઝડપી પાડવા ટેકનિકલ સોર્સિંગ નો ઉપયોગ કરી ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે.

# જેતપુરમાં જર્જરીત મકાન તૂટી પડતાં એક મહિલા સહિત ત્રણ ઘાયલ

**સમય મિરર | જેતપુર**

જેતપુર શહેરના બાવાવાળાપરા વિસ્તારમાં એક જૂનું જર્જરીત મકાન એકાએક ધરાશાયી થયું હતું. મકાનની અંદર રહેલા ત્રણ વ્યક્તિઓમાંથી બે લોકો બહાર નીકળી ગયા હતા, જ્યારે એક વ્યક્તિ મકાનના કાટમાળ હેઠળ દબાઈ ગયો હતો. નગરપાલિકાની ઈમરજન્સી ટીમ સ્થળ પર પહોંચી અને કાટમાળમાં દબાયેલા વ્યક્તિને બહાર કાઢ્યો હતો ઈજાગ્રસ્ત થયો હતો, આ સાથે જ અન્ય બે વ્યક્તિઓને પણ સામાન્ય ઈજા પહોંચી હતી, જેથી ત્રણેયને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જેતપુર શહેરના બાવાવાળાપરા વિસ્તારમાં હવેલી પાસે એક પરિવારનું અતિ જૂનું અને માટીનું બનેલું નળિયાંવાળું જર્જરીત મકાન આવેલું





હતું. આ મકાન બપોરના સમયે એકાએક ધડામ દઈને તૂટી પડ્યું હતું. મકાન ધરાશયી થતા મકાનની અંદર રહેલા સિકંદર સલીમભાઈ સોલંકી દોડીને બહાર નીકળી ગયો હતા. જ્યારે રીયાઝ રજાકભાઈ સોલંકી અને તેમના પત્ની રેહાનાબેન અંદર રહી ગયા હતા. મકાન ધરાશાયી થતા તરત જ નગરપાલિકાની ઈમરજન્સી ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને તાત્કાલીક મકાનની અંદર પ્રવેશી મકાનના કાટમાળમાં દબાયેલા રીયાઝભાઈને બહાર કાઢ્યા હતા અને તેમના પત્ની પણ ત્યાં જ ઈજાગ્રસ્ત હાલતમાં હોય તેમને પણ બહાર કાઢ્યા હતા અને ત્રણેય ઈજાગ્રસ્તોને સારવાર માટે સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જેમાં બે લોકોને વધુ ઈજા હોય તેને પ્રાથમિક સારવાર આપી રીફર કરવામાં આવ્યા હતાં.

# દીવમાં સર્વોદય સેવા સમિતિ દ્વારા પહલગામના હતભાગીઓને શ્રદ્ધાંજલિ



**સમય મિરર | દીવ**

પહેલગામમાં નિર્દોષ નાગરિકોની હત્યા કરાતા સમગ્ર ભારત દેશમાં આક્રોશ છવાયો છે. ત્યારે આ નિર્દોષ નાગરિકો માટે દીવમાં સર્વોદય સેવા સમિતિ દ્વારા શ્રદ્ધાંજલી અર્પિત કરવામાં આવી હતી. સાંજે ૬:૩૦ કલાકે દીવની ફોરેન મારકેટના ચોકમાં શ્રદ્ધાંજલીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સર્વોદય સેવા સમિતિના નેજા હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં જનમેદની ઉમટી હતી. આ પ્રસંગે ગીતાબેને નિર્દોષ નાગરિકોની આત્માની શાંતિ માટે ત્રણ મિનીટનું મૌન પાળ્યુ હતું. ત્યારબાદ હાજર રહેલા દરેક લોકોએ મીણબત્તી પ્રગટાવી અને આ નિર્દોષ નાગરિકે તે હદયપુર્વક શ્રદ્ધાંજલી અર્પિતિ કરી હતી. આ પ્રસંગે દરેકની આંક ભીની જોવા મળી હતી.

સર્વોદય સેવા સમિતિના પ્રમુખ ચિંતક સોલંકીના માર્ગદર્શન અને નેતૃત્વમાં આ શ્રદ્ધાંજલીનો કાર્યક્રમ યોજાયો આ પ્રસંગે પ્રમુખે ચેમ્બર ચોક કોમર્સ ટ્રેડ યુનિયન તમામ સમાજના પટેલો અને અગ્રણીઓ તેમજ સમગ્ર દીવ જીલ્લાની જગતનો આ શ્રદ્ધાંજલી સભામાં ઉપસ્થિત રહેવા બદલ હદય પૂર્વક આભાર માન્યો હતો.

# ૨૦ એવોર્ડ વિનર કન્ડકટરને અમદાવાદ એરપોર્ટથી શરૂ થયેલી વોલ્વો બસમાં જવાબદારી સોંપાઈ



જીએસઆરટીસી અને ગુજરાતના પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ એરપોર્ટથી નવી વોલ્વો બસ સેવાનો પ્રારંભ થયેલ છે જેમાં કંડકટર તરીકે નાયક ઉપેન્દ્રકુમાર અમૃતલાલની નિમણૂક કરવામાં આવેલ છે. કંડકટર નાયકભાઈનું પહેલું પોસ્ટિંગ સોમનાથ વેરાવળ ખાતે થયેલ હતું અને તેમની ૨૫ વર્ષની ફરજ દરમ્યાન બેસ્ટ કંડકટર તરીકેના ૨૦ જેટલા જુદા-જુદા એવોર્ડ મેળવેલ છે અને તેમની કામગીરીને ધ્યાને લઇ અમદાવાદ એરપોર્ટથી શરૂ થયેલી નવી વોલ્વો બસમાં કંડકટર તરીકે નિયુકતી કરવામાં આવેલ અને પ્રથમ મુસાફરી મંત્રી હર્ષભાઇ સંઘવી સહિતનાએ કરેલ તે તસ્વીરમાં નજરે પડે છે.

# બુચરવાડાની જવાહર નવોદય વિદ્યાલયના ૧૩ છાત્રો સ્પર્ધાત્મક પરિક્ષામાં ઉર્તિણ




**સમય મિરર | દીવ**

જવાહર નવોદય વિદ્યાલય બુચરવાડા દીવના પાચાર્ય પ્રશાંત ચાફલે દ્વારા દરેક સ્પર્ધાત્મક પરીક્ષા માટે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. જેમાં નીટ, કલેક્ટર કે પછી નિફ્ટની પરીક્ષા હોય જેમાં વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી અને ભવિષ્યમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે. આ વખતે નિફ્ટ ૨૦૨૫માં જવાહર નવોદય વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૩ વિદ્યાર્થીઓ ઉર્તિણ થયેલ છે. હવે પછી આ વિદ્યાર્થીઓને મોખિક પરીક્ષા આપવાની છે. આ વિદ્યાર્થી ઓને માર્ગદર્શન પ્રચાર્ય પ્રશાંત ચાફલે અને આસિ. પ્રોફેસર ઈમરાન રાહીએ આપ્યું હતું.

આ સફળતા બદલ શાળા પરિવાર પાચાર્ય અને સતત માર્ગદર્શન આપનાર શિક્ષક આકાશ ભારદ્વાજ ગૌરાંન્વિત થયા છે.

# માંગરોળ મુસ્લિમ સમાજે આતંકી હુમલાનો કાળી પટ્ટી બાંધી વિરોધ કર્યો

**સમય મિરર | માંગરોળ**

કાશ્મીરનાં આતંકી હુમલાની ઘટનાને લઈ દેશભરમાં ભારે આક્રોશ છે. આ કાયરતા પૂર્ણ હુમલાને વખોડી આંતકીઓને મોતને ઘાટ ઉતારવા અને મૃતકોને સન્માનભેર શ્રધ્ધાંજલી આપવા જુનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે મુસ્લિમ સમાજના લોકોએ બાજુ પર કાળી પટ્ટી બાંધી જુમ્માની નમાઝ અદા કરી હતી. અને મૃતકો પ્રત્યે ઘેરો શોક વ્યક્ત કરી આતંકવાદીઓનો ખાતમો કરવા રોષપૂર્વક પ્રદર્શન કર્યું હતું.

માંગરોળ સમસ્ત મુસ્લિમ સમાજની સંસ્થા ધી માંગરોળ બૈતુલમાલ ફંડ ના નેજા હેઠળ માંગરોળની તમામ મસ્જિદોમાં કાળી પટ્ટી બાંધી જુમ્માની નમાઝ અદા કરવામાં આવી હતી. નમાઝ પૂર્ણ કરીને મસ્જિદોની બહાર પણ આતંકવાદ મુર્દાબાદ ના પોસ્ટરો સાથે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. દરેક મસ્જિદના ઇમામ અને નમાઝીઓએ આ કાયરતા પૂર્ણ હુમલાને વખોડી આંતકીઓને મોતને ઘાટ ઉતારવા અને મૃતકોને સન્માનભેર શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. માંગરોળની જુમ્મા મસ્જિદ ખાતે બૈતુલમાલ ફંડના નેજા હેઠળ શહેર ખતિબ મુફતી અબ્દુલ્લાહ પટણી, પ્રમુખ હનીફ પટેલ, મુહમ્મદહુસૈન ઝાલા, મુફતી હનીફ જડા, હારૂન પડાયા, મૌલાના મુહમ્મદહુસૈન કરૂડ, મૌલાના અબ્દુલ અઝીઝ પીર, ઉષ્માનભાઈ ભટ્ટુ, સોયબભાઈ ભાભા, રાવડી મસ્જિદ ખાતે મુફતી હુઝેફા કરૂડ, બૈતુલ મુકર્રમ ખાતે મૌલાના મોહસીન મલ, દારે અરકમ મા મૌલાના ઈબ્રાહીમ ઉદયા,દારૂલ ઉલુમ હસનિયાહમા મૌલાના સાદીક દેવલા, ઈરફાન કરૂડ, મદ્રેસા કાશીફૂલ ઉલૂમમાં મુફતી દાઉદ ફકીરા, મૌલાના સાદીક ઢેરા, મદ્રેસા હનફીયા મા મૌલાના મુહમ્મદ કરૂડ દાવડા, ખુલફા એ રાસીદીન મા મૌલાના ઈલ્યાસ બિલ્લી, હાફીઝ મુહમ્મદ કરૂડ, સહાબા મસ્જિદમાં મૌલાના હસન જડા, ઈસ્માઈલ કાલવાત, મિનારા મસ્જિદમા મૌલાના દાઉદ પીર, હાફિઝ આહમદ હાજીબા, લાલપુરા મસ્જિદે મુનાફ મેમણ, મૌલાના હાસીમ ચાંદા, મસ્જિદે અબુબકરમા મૌલાના આહમદ બંમ હારૂન ઝાલા, મસ્જિદે અબ્દુર્રહમાન મા મુફતી હૂસૈન પારેખ, આહમદ બતક, મસ્જિદે યુસુફ મા મુફતી સઈદ ભાભા, કાસીબ શમા, બીબી હાજરા મા હાફીઝ જાવેદ વોરા, મસ્જિદે તકવામાં મૌલાના ફારૂક બેરા યુસુફ ચાંદ, મસ્જિદે પીર હસન મા મુફતી અ. હમીદ બુમડીયા, મરીયમસારામાં મુફતી બાસીત ચૌહાણ, વકીલ કરીમ અમરેલીયા, મક્કા મસ્જિદમા મૌલાના આહમદ બિચારા, ફૈઝુલ કુરઆન મા મૌલાના હુસૈન શેખલાલ, ફૂલવાડી મસ્જિદમાં મુફતી યુસુફ ભિસ્તી, નૂર મસ્જિદ, મસ્જિદે આયશા, મસ્જિદે ઝુબૈદા, કાજીવાડા મસ્જિદ, મસ્જિદે તૈયબા, મસ્જિદે નૂર સહીતની દરેક મસ્જિદોમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'મન કી બાત'માં અમદાવાદ સાયન્સ સિટીનો ગૌરવપૂર્ણ ઉલ્લેખ

## વડાપ્રધાનશ્રીના શબ્દો : સાયન્સ સિટીની સફળતા અને તેની રાષ્ટ્ર નિર્માણમાં, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસારમાં ભૂમિકા પર મહોર સમાન

- સાયન્સ સિટીમાં ભારતની સૌથી મોટી પબ્લિક એક્વેટિક ગેલેરી, રોબોટિક્સ ગેલેરીમાં ૭૯ વિવિધ પ્રકારના રોબોટ્સ, ૮ એકરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલો નેચર પાર્ક
- શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગો સાથેનો સહયોગ સાયન્સ સિટીની કાર્યપ્રણાલીનો એક અભિન્ન ભાગ છે. આઈઆઈટી ગાંધીનગર અને માઈક્રોન જેવી અગ્રણી સંસ્થાઓના સહયોગથી ૯૦થી વધુ STEM વર્કશોપ્સનું આયોજન કરાયું છે, જેમાં ૧૨૫ શાળાઓના ૭૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ૩૭૦થી વધુ શિક્ષકોને રોબોટિક્સ, કોડિંગ, 3D પ્રિન્ટીંગ, એસ્ટ્રોનોમી જેવા વિષયો પર તાલીમ અને પ્રાયોગિક જ્ઞાન મળ્યું છે
- ત્રણ અત્યંત મહત્વપૂર્ણ ગેલેરીઓ બ્રહ્માંડના રહસ્યો ખોલતી 'એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી'; માનવ શરીર અને જીવવિજ્ઞાનની ગહન સમજ આપતી 'હ્યુમન એન્ડ બાયલોજીકલ સાયન્સ ગેલેરી' અને ડિજિટલ ટેકનોલોજીની ક્રાંતિ દર્શાવતી 'અનલિશીંગ ધ ડિજિટલ ફ્યુચર ગેલેરી' નું નિર્માણકાર્ય તેજ ગતિએ ચાલી રહ્યું છે

**સમય મિરર | ગાંધીનગર**

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૨૧મા એપિસોડમાં ગુજરાતની શાન સમાન અમદાવાદ સાયન્સ સિટીનો ગૌરવભેર ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાનએ દેશના યુવાનોમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશન પ્રત્યે વધી રહેલી રુચિની પ્રશંસા કરતાં જણાવ્યું કે, આ બાબત ભારતના ઉજ્જ્વળ ભવિષ્યનો સંકેત આપે છે.

તેમણે છત્તીસગઢના દંતેવાડા જેવા વિસ્તારોમાં સ્થપાયેલા વિજ્ઞાન કેન્દ્રોની સકારાત્મક અસરની વાત કરી અને આ જ સંદર્ભમાં અમદાવાદ ખાતે આવેલ ગુજરાત સાયન્સ સિટીનો ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાન મોદીએ જણાવ્યું, હમણાં કેટલાક સમય પહેલાં મેં ગુજરાત સાયન્સ સિટીમાં પણ સાયન્સ ગેલેરીનું ઉદઘાટન કર્યું હતું. આ ગેલેરીઝમાંથી એ ઝલક મળે છે કે આધુનિક વિજ્ઞાનની ક્ષમતા શું છે, વિજ્ઞાન આપણા માટે કેટલું બધું કરી શકે છે. મને જાણકારી મળી છે કે આ ગેલેરીઝ અંગે ત્યાં બાળકોમાં ખૂબ જ ઉત્સાહ છે. વિજ્ઞાન અને ઈન્નોવેશન પ્રત્યે આ વધતું આકર્ષણ, જરૂર ભારતને નવી ઊંચાઈ પર લઈ જશે. વડાપ્રધાનના આ શબ્દો સાયન્સ સિટીની સફળતા અને તેની રાષ્ટ્ર નિર્માણમાં ભૂમિકા પર મહોર સમાન છે.અમદાવાદ સાયન્સ સિટીની સ્થાપના પાછળ સરકારની દીર્ઘદ્રષ્ટિ રહેલી છે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના નેજા હેઠળ, સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા અને ખાસ કરીને યુવા પેઢીને વિજ્ઞાન અને ટેક્નોલોજીના અદભુત વિશ્વ સાથે જોડવાના ઉદ્દેશ્યથી, ૧૦ ઓગસ્ટ ૧૯૯૯ના રોજ ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી (GCSC)ની સ્થાપના કરવામાં આવી. માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં, વર્ષ ૨૦૦૧-૦૨ દરમિયાન સાયન્સ સિટીના પ્રથમ તબક્કાનો શુભારંભ થયો.

આ તબક્કામાં, ભારતના સૌપ્રથમ IMAX 3D થિયેટરનું લોકાર્પણ એક મોટી સિદ્ધિ હતી, જેણે મુલાકાતીઓને વિજ્ઞાન અને પ્રકૃતિની દુનિયાનો અભૂતપૂર્વ ઈમર્સિવ અનુભવ કરાવ્યો. આ સાથે જ, હોલ ઓફ સાયન્સ અને હોલ ઓફ સ્પેસ જેવી ઈન્ટરેક્ટિવ ગેલેરીઓ, ઊર્જાના વિવિધ સ્રોતો અને સંરક્ષણ વિશે જાગૃતિ ફેલાવતો એનર્જી એજ્યુકેશન પાર્ક, જીવવિજ્ઞાન અને પર્યાવરણની જટિલતાઓને સરળતાથી સમજાવતો લાઈફ સાયન્સ પાર્ક, પૃથ્વીની રચના અને કુદરતી આપત્તિઓ વિશે રોમાંચક માહિતી આપતું પ્લેનેટ અર્થ (જે હાલમાં વધુ સારા અનુભવ માટે રિનોવેશન હેઠળ છે અને જે અગાઉ 4D થિયેટરનો અનુભવ કરાવતું હતું), સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમો માટે એમ્ફિથિયેટર અને મનોરંજક મ્યુઝિકલ ફાઉન્ટેન જેવી સુવિધાઓ તબક્કાવાર ઉમેરાઈ. આ પ્રારંભિક આકર્ષણોએ સાયન્સ સિટીને માત્ર ગુજરાત જ નહીં, પરંતુ દેશભરના વિજ્ઞાન પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવ્યું છે.વૈશ્વિક સ્તરે વિજ્ઞાન કેન્દ્રો સાથે કદમ મિલાવવા અને મુલાકાતીઓને અદ્યતન અનુભવો પ્રદાન કરવાના હેતુથી, સાયન્સ સિટીના વિકાસનો બીજો તબક્કો હાથ ધરવામાં આવ્યો. ૧૬ જુલાઈ ૨૦૨૧ના રોજ, ખુદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી આ નવાં આકર્ષણોનું ઉદઘાટન કર્યું, જે સાયન્સ સિટીની વિકાસયાત્રામાં સુવર્ણ અક્ષરે અંકિત થયું છે. આ બીજા તબક્કામાં, અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ અને ભારતની સૌથી મોટી પબ્લિક એક્વેટિક ગેલેરીનો સમાવેશ




થાય છે, જે સમુદ્રી જીવસૃષ્ટિના વૈવિધ્યપૂર્ણ અને અદભુત વિશ્વની ઝલક આપે છે. તેની સાથે જ, રોબોટિક્સ ગેલેરી, જેમાં ૭૯ વિવિધ પ્રકારના રોબોટ્સ, તેમના ઈતિહાસ, વર્તમાન અને ભવિષ્યની ટેકનોલોજીનું પ્રદર્શન છે, તે યુવાનોને ઓટોમેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે પ્રેરિત કરે છે. આ ઉપરાંત, ૮ એકરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલો નેચર પાર્ક, સ્થાનિક વનસ્પતિઓ, બટરફ્લાય ગાર્ડન અને વિવિધ ઈકોસિસ્ટમ મૉડેલ્સ દ્વારા જૈવવિવિધતા અને પર્યાવરણ સંરક્ષણનું મહત્વ સમજાવે છે. આ નવાં ઉમેરણોએ સાયન્સ સિટીને એક પૂર્ણ વૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રવાસન સ્થળ તરીકે પ્રસ્થાપિત કર્યું છે. ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, હાલમાં ત્રણ અત્યંત મહત્વપૂર્ણ ગેલેરીઓ બ્રહ્માંડના રહસ્યો ખોલતી 'એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી'; માનવ શરીર અને જીવવિજ્ઞાનની ગહન સમજ આપતી 'હ્યુમન એન્ડ બાયલોજીકલ સાયન્સ ગેલેરી' અને ડિજિટલ ટેકનોલોજીની ક્રાંતિ દર્શાવતી 'અનલિશીંગ ધ ડિજિટલ ફ્યુચર ગેલેરી' નું નિર્માણકાર્ય તેજ ગતિએ ચાલી રહ્યું છે.

સાયન્સ સિટીની સફળતા માત્ર તેના ભૌતિક આકર્ષણોમાં જ નથી, પરંતુ તેના શૈક્ષણિક અને સામાજિક પાસામાં પણ રહેલી છે. વર્ષ ૨૦૨૪ના આંકડા આ વાતની સાક્ષી પૂરે છે, જ્યારે ૨ લાખથી વધુ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સહિત કુલ ૧૨ લાખથી વધુ જિજ્ઞાસુ મુલાકાતીઓએ સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી. આ એક વર્ષ દરમિયાન, વિજ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરવા અને STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, મેથેમેટિક્સ) શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ૧૨૦થી વધુ વિવિધ કાર્યક્રમો, સેમિનાર, વર્કશોપ અને સ્પર્ધાઓનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગો સાથેનો સહયોગ સાયન્સ સિટીની કાર્યપ્રણાલીનો એક અભિન્ન ભાગ છે. આઈઆઈટી ગાંધીનગર અને માઈક્રોન જેવી અગ્રણી સંસ્થાઓના સહયોગથી ૯૦થી વધુ STEM વર્કશોપ્સનું આયોજન કરાયું છે, જેમાં ૧૨૫ શાળાઓના ૭૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ૩૭૦થી વધુ શિક્ષકોને રોબોટિક્સ, કોડિંગ, 3D પ્રિન્ટીંગ, એસ્ટ્રોનોમી જેવા વિષયો પર તાલીમ અને પ્રાયોગિક જ્ઞાન મળ્યું છે. આ ઉપરાંત, ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ જેવી રાષ્ટ્રીય સંસ્થાઓ પણ ગેલેરીઓના વિકાસ અને શૈક્ષણિક કાર્યક્રમોમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'મન કી બાત' જેવા રાષ્ટ્રીય મંચ પરથી અમદાવાદ સાયન્સ સિટીનો ઉલ્લેખ એ માત્ર ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશના વિજ્ઞાન શિક્ષણ અને સંચાર સાથે જોડાયેલા લોકો માટે ગૌરવ અને પ્રોત્સાહનની વાત છે. તે સાબિત કરે છે કે સાયન્સ સિટી તેના સ્થાપનાના ઉદ્દેશ્યોને સાર્થક કરતાં, ભારતના યુવાનોમાં વૈજ્ઞાનિક ચેતના જગાડવામાં અને તેમને ભવિષ્યના ઈનોવેટર્સ બનવા માટે પ્રેરિત કરવામાં સફળ રહ્યું છે.

આ ઉલ્લેખ સાયન્સ સિટીની સમગ્ર ટીમને ભવિષ્યમાં વધુ ઉત્સાહ સાથે કાર્ય કરવા અને વિજ્ઞાનની જ્યોતને વધુ પ્રજ્વલિત કરવા માટે પ્રેરણા આપશે.

# સાવરકુંડલામાં શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ ટ્રસ્ટ ખાતે વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસની ઉજવણી કરવામાં આવી

**સમય મિરર | સાવરકુંડલા**

અત્રેની શ્રીકૃષ્ણકુમાર સિંહજી વ્યાયામ મંદીર ટ્રસ્ટ ખાતે તા ૨૬-૪-૨૫ના રોજ ''વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ'' ૨૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ શ્રીકૃષ્ણકુમાર સિંહજી વ્યાયામ મંદીર ટ્રસ્ટ - મહિલા પાંખ અને ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અમરેલીના સંયુક્ત ઉપક્રમે ક્રિએટિવ એન્ડ સાયન્ટિફિક એક્ટિવિટીના ભાગરૂપે બહેનોને ''બાંધણી આર્ટ'' કાપડ પર બનાવવાનું શીખવવાનો કાર્યક્રમ સફળતા પૂર્વક યોજવામાં આવેલ હતો. જેમાં અમરેલીથી આવેલ નિલેશભાઈ પાઠક, ચેતનભાઈ પાઠક અને શ્રીમતી નયનાબેન દ્વારા બાંધણી આર્ટ શીખવવા ઉપરાંત અન્ય વૈજ્ઞાનિક પ્રયોગો બતાવવામાં અને સમજાવવામાં આવ્યા હતા. સંસ્થાના ઉપપ્રમુખ ડોક્ટર દિપકભાઈ શેઠ, પ્રાયોજક મુકુંદભાઈ નાગ્રેચા અને મેનેજિંગ ટ્રસ્ટી વિનુભાઈ રાવલ તરફથી આ કાર્યક્રમમાં સંપૂર્ણ સહકાર અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું તેમજ સમગ્ર કાર્યક્રમ સફળ રહે અને આવેલ તમામ મહિલાઓને યોગ્ય તક મળે તેની તકેદારી રાખી રહ્યાં હતાં તો કાર્યક્રમના કન્વીનર પારૂલબેન ગાંધી ભાવનાબેન ગઢિયા તેમજ એક્ટિવ મેમ્બર્સમાંથી, જાગ્રુતિબેન રાવલ, કવિતાબેન ગાંધી, ચારુબેન દિક્ષિત તથા કાજલબેન ઉપાધ્યાય, આબેદા બેન, વંદનાબેન વાઘેલાએ એડમીનની સાથે આવેલાં સૌનું ઉષ્માસભર સ્વાગત કરી રહ્યા હતાં. સ્કુલના વડા સંદિપકુમાર ખડદીયા, કેતનભાઈ રાવલ, આરીફભાઈ ભટ્ટી અને કર્મચારીગણ આવેલાં સૌની તહેનાતમાં ખડે પગે રહેલા, યોગ્ય માર્ગદર્શન મેળવીને મહિલાઓનાં ચહેરા પર ખૂશી જોઇ સૌ આયોજકોને સફળ મિલનનો સંતોષ રહ્યો, અલ્પાહાર અને કોલ્ડ્રીન્કની મોજ માણી સૌ હસતાં ચહેરે ફરી આવા જ આયોજનમાં ભાગ લેવા અમે તત્પર છીએ તેમ કહી વિખરાયા.

# ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોને પકડી પાડવા અંગેની ચેકિંગ ડ્રાઈવની કામગીરી કરતી ગીર સોમનાથ જિલ્લા પોલીસ

**સમય મિરર | વેરાવળ**

જુનાગઢ રેન્જ ડી.આઇ.જી.પી. નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજા દ્વારા ગીરસોમનાથ જિલ્લા માં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશી તથા અન્ય ભારત બહાર નુ નાગરીકત્વ ધરાવતા ઇસમો ને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા અંગે ડ્રાઈવ રાખી કામગીરી કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને ડ્રાઈવ ની કામગીરી દરમ્યાન ગીર સોમનાથ જિલ્લા ના તમામ પો.સ્ટેમાં એલ.સી.બી./એસ.ઓ.જી/ડી


(તસ્વીર : મીલન ઠકરાર)

સ્ટાફ તથા લોકલ પોલીસ સ્ટાફ દ્વારા અલગ અલગ ટીમો બનાવી જિલ્લાના તમામ પોસ્ટે વિસ્તારમાં પરિણામલક્ષી કામગીરી કરવામાં આવેલ તેમજ આ ડ્રાઈવ દરમિયાન તમામ શંકાસ્પદ જગ્યાઓ કે જ્યાં ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરીકો રહેતા હોય તેવી જગ્યાઓ એ ચેકીંગ કરવામાં આવેલ તેમજ સોની બજાર માં સોનીકામ કરતા કારીગરો, મુસાફરખાના, ફીસીંગ બોટ, કંપનીઓ તથા કારખાનાઓ ચેક કરવામાં આવેલ જેમાં કુલ-૧૬૨ ઈસમો વેસ્ટ બંગાળ ના હોવાનુ જણાઈ આવતા તમામના ડોક્યુમેન્ટ ચેક કરવામાં આવેલ પ્રજાજનોને ખાસ અપીલ : કોઈપણ આવા શંકાસ્પદ બાંગ્લાદેશી ઈસમો આપના ધ્યાને આવ્યે થી જિલ્લાના પોલીસ કંટ્રોલ રૂમ અથવા નજીકના પોસ્ટે. ને જાણ કરવા જણાવ્યુ છે.

# મુસાફરોની સુવિધા વધારવા ભારત-તિબ્બત સંઘે રેલવે વિભાગને કર્યા વિવિધ સુચન

## યાત્રા દરમિયાન બિમાર પડી જતાં પેસેન્જરો માટે ટ્રેન-પ્લેટફોર્મ પર સુવિધા ઉભી કરવાની માંગ

**સમય મિરર | રાજકોટ**



ટ્રેન નં. ૧૫૬૩૫ તેમજ ટ્રેન નં. ૧૯૨૬૯ માં સેકન્ડ એ.સી., થ્રી ટાયર એ.સી. અને સ્લીપર તથા જનરલ એક-એક કોચ વધારવાની ખાસ જરૂર છે અને આ વધારાના કોચ કાયમી ધોરણે જોડવામાં આવે તે માટે રાજેશ ભાતેલિયાએ વિનંતી કરી છે. વેકેશન અને મહત્વની રજાઓમાં વેઈટીંગ લીસ્ટ ૫૦ ઉપર પહોંચે ત્યારે એકસ્ટ્રા કોચ જોડવામાં આવે. જેથી કરીને યાત્રીઓ આરામ દાયક મુસાફરી કરી શકે. તમામ ટી.ટી.ને આયુર્વેદિક, નેચરોપેથી, એકયુપ્રેસર અને એલોપેથીની સઘન તાલિમ દર બે વર્ષે આપવામાં આવે અને જરૂરી આયુર્વેદિક અને એલોપેથી દવાઓ આપવામાં આવે. યાત્રીઓને બિમારીના સમયે આ દવાઓ વિનામુલ્યે ટી.ટી. દ્વારા સમયસર પુરી પાડવામાં આવે. આ માટે ટી.ટી.ની જવાબદારી ફીકસ કરવામાં આવે. વધુ બિમાર યાત્રીઓને નજીકના સ્ટેશને એક્ષપર્ટ ડોકટરને બોલાવી નિઃશુલ્ક અથવા ટોકનદરે સારવાર આપવામાં આવે અને દાખલ કરવા પડે તેવા દર્દીઓને સારામાં સારી હોસ્પિટલમાં કેશલેસ સારવાર અને બિમાર પેસેન્જર સાથેના સંબંધીને રેલ્વે દ્વારા નિઃશુલ્ક રહેવા-જમવાની વ્યવસ્થા કરવામાં આવે. કોઈપણ જગ્યાએથી કોઈપણ ટીકીટ ખરીદનાર યાત્રીકોને વિમા સુરક્ષા હેઠળ આવરી લઈ, બિમારીના સમયે દસ લાખ રૂપિયા સુધીની સારવાર કેશલેસ રેલ્વે દ્વારા વીમા યોજના હેઠળ આવરી લેવા રાજેશ ભાતેલિયાએ સજેશન કર્યુ છે.

આ ઉપરાંત થ્રી ટાયર એ.સી.માં બારીમાં તથા કમ્પાર્ટમેન્ટમાં પડદા ફીટ કરવા તથા સીનીયર સીટીઝન સહિતનાને અગાઉ અપાતા તમામ પ્રકારના કન્સેસન પુનઃચાલુ કરવા તથા ટ્રેન નં.૦૯૪૭૯ અને ટ્રેન નં.૦૯૪૮૦ માં બે સ્લીપર કોચ જોડવા અને તમામ લોકલ ટ્રેનોમાં એક સ્લીપર કોચ જોડવા વિનંતી કરી છે.

રાજકોટ-ઓખા-રાજકોટ વચ્ચે ખૂબ જ ઓછી ટ્રેન દોડતી હોય રાજકોટ-ઓખા-રાજકોટ વચ્ચે દર ચાર કલાકે ફાસ્ટ પેસેન્જર ટ્રેન દોડાવવા, પોર્ટ ઓખાથી વેરાવળ-સોમનાથ ડબલ ટ્રેક કરવા, રેલ્વે વહિવટી ખર્ચ ઘટાડવા માટે તમામ સ્ટેશનમાં અને તમામ ઓફીસમાં સોલાર રૂફટોપ ફીટ કરાવે અને રેલ્વેનું સંપૂર્ણ સંચાલન કાયમી ધોરણે સરકાર દ્વારા જ કરવામાં આવે. જે-જે ડીપાર્ટમેન્ટનું ખાનગીકરણ થયું છે તેનું ફરીથી સરકારીકરણ કરવા તથા ફાજલ જમીનમાં રેલ્વે દ્વારા નિવૃતોની મદદથી સ્વૈચ્છિક ધોરણે ઓર્ગેનિક ઢબે દેશી બિયારણનો ઉપયોગ કરી શાકભાજી ઉગાડવામાં આવે અને તેનું વેચાણ કરી વધારાની આવક રળવામાં આવે. જેમને બે દિકરી છે અથવા એક સંતાન છે

તેઓના સંતાનોને રેલ્વેની તમામ પ્રકારની નોકરીમાં અગ્રતા આપવા અને ઉમરમાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવે જેથી કરીને કુટુંબ નિયોજનને વેગ મળતો રહે તેવુ સજેશન પણ તેમણે કર્યુ છે.

રેલ્વે દ્વારા વરસાદી પાણીનું ટીપેટીપું જમીનમાં ઉતારવા નિરંતર પ્રયાસ થતા રહે તથા વરસાદી પાણીના ટીપેટીપાનો સંગ્રહ કરવા તમામ ઓફીસ ખાતે તથા તમામ રેલ્વે સ્ટેશન ખાતે યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે. અને જયાં જગ્યા હોય ત્યાં સાયન્ટીફીક ઢબે ઔષધીય અને ફળાઉ વૃક્ષો વાવવામાં આવે. જેથી કરીને રેલ્વેને ઔષધીય અને ફળોના વેચાણ દ્વારા વધારાની આવક પ્રાપ્ત થઈ શકે તેનું રેલવે વિભાગને સજેશન કર્યુ છે.




# પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ વિંછીયાના સનાળા ગામે નવા ચેકડેમનું ખાતમુર્હૂત કર્યું

## આ પંથકને પાણીદાર બનાવવા સરકાર કટિબદ્ધ : જરૂર પડ્યે ચેકડેમને સૌની યોજનાથી ભરવામાં આવશે

**સમય મિરર | રાજકોટ**

પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ વિંછીયા તાલુકાના સનાળા ગામે રૂ.૩૩.૭૬ લાખનાં ખર્ચે બનનારા નવા ચેકડેમનું ખાતમુર્હૂત કર્યું હતુ. સ્થાનિક વોંકળા ઉપર પાણીના સંગ્રહ માટે નવો ચેકડેમ બન્યા બાદ ૨૦ હેક્ટર જમીનને સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ મળશે.

આ પ્રસંગે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા. મંત્રીશ્રીએ કહ્યું કે, આ પંથકને પાણીદાર બનાવવા સરકાર કટિબદ્ધ છે. ખેડૂતો સમૃદ્ધ થાય, ગ્રામજનોની સુખાકારીમાં વધારો થાય તે માટે રાજ્ય સરકારની અનેક લોક કલ્યાણ લક્ષી યોજનાઓ કાર્યરત છે.

રસ્તાઓ, શિક્ષણ, પીવાનું અને સિંચાઈનું પૂરતું પાણી, આરોગ્ય સહિતના ક્ષેત્રે નાગરિકોની સુખાકારી વધારવા આયોજનબધ્ધ કામગીરી થઈ રહી છે.

મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ચેકડેમની કામગીરી પૂર્ણ થયે ગામના ૧૦૦ જેટલા ખેડૂતોની ૨૦ હેક્ટર જેટલી જમીનને સિંચાઈનો લાભ મળશે. ડેમમાંથી પાણી ખાલી થયા બાદ જરૂર પડ્યે સૌની યોજનામાંથી ચેકડેમ ભરાય, તેવી વ્યવસ્થા કરાઈ છે, જેથી ખેડૂતોને સિંચાઈનો પૂરતો લાભ મળી રહે. આ ઉપરાંત, ગામના કુવા, બોર વગેરે રીચાર્જ કરવા સુજલામ સુફલામ જળસંચય યોજનાનો લાભ લેવા સિંચાઈ વિભાગનો સંપર્ક કરવા મંત્રીશ્રીએ ગ્રામજનોને અપીલ કરી હતી.

સિંચાઈ વિભાગનાં અધિક્ષક ઇજનેર પી. આર.ગૌસ્વામીએ સ્વાગત પ્રવચનમાં મંત્રી તેમજ ગ્રામજનોને આવકારી ચેકડેમની જાણકારી આપી ઉમેર્યુ હતુ કે, ગામમાંથી પસાર થતા સ્થાનિક વોંકળા ઉપર આશરે ૨૪ મી. લંબાઇમાં કોંક્રીટનો ચેકડેમ બાંધવાથી કુલ કેચમેન્ટ એરીયા ૧૧.૮૫ ચો.કિમી. જેટલો રહેશે.

ઉપરવાસમાં આશરે ૪૦૦ મીટર જેટલો પાણીનો ભરાવો થવાથી ૭૦ લાખ લીટર પાણીનો સંગ્રહ થશે. આ ઉપરાંત કુવાઓ ચાર્જ થશે અને જમીનમાં પાણીના તળ ઉંચા આવશે.

કાર્યક્રમની આભારવિધિ અગ્રણીશ્રી અમરસિંહભાઈએ કરી હતી. આ તકે ગ્રામજનો તેમજ ગામના વિવિધ મંડળોએ મંત્રીશ્રીને પાણીદાર મંત્રીનું બિરુદ આપી ગામમા વિકાસનાં કામો કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### સરકારી શાળાના વિદ્યાર્થીઓની શિક્ષણ તેમજ ખેલકૂદમાં આગેકૂચ

# શિષ્યવૃત્તિ પરીક્ષા તેમજ ખેલ મહાકુંભમાં મુંજકા-૨ પ્રાથમિક શાળાનું સતત ત્રીજા વર્ષે શ્રેષ્ઠ પ્રદર્શન







**સમય મિરર | રાજકોટ**

મુંજકા-૨ પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓએ સતત ત્રીજા વર્ષે શિષ્યવૃત્તિ પરીક્ષા તેમજ ખેલ મહાકુંભમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતાં શિક્ષણ સમિતિના ચેરમેન, વાઇસ ચેરમેન, સહિતના અધિકારીઓએ શાળાને અભિનંદન પાઠવ્યા હતા.

વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે ખેલકૂદમાં પણ આગળ વધે, તે માટે રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોજનાબદ્ધ કામગીરી કરાઈ રહી છે. ત્યારે મુંજકા-૨ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે રમત ગમતમાં પણ અગ્રેસર રહીને શાળાનું ગૌરવ વધારી રહ્યા છે. શાળામાં અભ્યાસ કરતી ધોરણ-૮ ની વિદ્યાર્થિની ચારમી એન.એમ.એમ.એસ. પરીક્ષામાં સમગ્ર રાજકોટમાં બીજા ક્રમે આવી છે. ધો.૮ માં અભ્યાસ કરતી કિંજલ અને કોમલે ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષામાં ૬૦૦ મી. દોડ તેમજ ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન મેળવ્યા બાદ એન.એમ.એમ.એસ. પરીક્ષામાં પણ સારા માર્કસ સાથે પાસ થયા છે. ધોરણ-૫ માં લેવાનાર CET શિષ્યવૃત્તિ પરીક્ષામાં ૫ બાળકોએ ઉચ્ચ ગુણ સાથે મેરીટમા સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે શાળાની ઉપલબ્ધિ બદલ શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી વિક્રમભાઈ પૂજારાએ શાળામાં રમતગમતને લગતી તમામ માળખાગત સુવિધા ઉભી કરવામાં આવશે, તેમ કહ્યું હતુ. વાઇસ ચેરમેનશ્રી પ્રવિણભાઇ નિમાવતે કહ્યું કે, સરકારી શાળા બાળકોના સર્વાંગી વિકાસ માટે ઉત્તમ કામ કરી રહી છે.રમત ગમત માટે શાળામાં સ્પેશિયલ કોચની નિમણૂક કરાઈ છે. ધોરણ-૮ ના બાળકોને નિઃશુલ્ક ટેબલેટ વિતરણ અરવિંદ મણિયાર ટ્રસ્ટની મદદથી કરાયા છે, આ ટેબલેટ્સ દ્વારા વિદ્યાર્થીઓ દરેક વિષયના વિડીયો જોઈ શિક્ષણ મેળવે છે. ટેબલેટમાં સોશિયલ મીડિયા તેમજ મોબાઈલ ગેમ્સને લગતી કોઈપણ અન્ય પ્રવૃત્તિ ન થઈ શકે તેવી વ્યવસ્થા કરાઈ છે.આમ, સરકારી શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષણ તેમજ ખેલકૂદમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે.

# રાજકોટમાં રૂપિયાની લેતી-દેતીમાં યુવકનું હરિયાણાના શખ્સોએ કર્યું અપહરણ

**કારમાં ધસી આવેલા અડધો ડઝન શખ્સોએ મિત્રો સાથે બેઠેલા યુવાનને ઉઠાવી લેતા ચકચાર**

## યુવાનનું અપહરણ કરી બુટલેગરો રાજસ્થાન બાજુ ભાગ્યાની માહિતી મળતાં ક્રાઈમ બ્રાંચે પીછો કર્યો : આરોપીઓ સકંજામાં

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં કાલાવડ રોડ ઉપર ઈસ્કોન મંદિર પાછળ આવેલા પરિશ્રમ આવાસ યોજનામાં ક્વાટરમાં રહેતો યુવાન ભાવનગર રોડ પર આવેલ અમુલ સર્કલ નજીક નવા સેટેલાઈટ બસસ્ટેશનમાં પોતાના મિત્રો સાથે બેઠો હતો ત્યારે પૈસાની લેતીદેતીમાં હરિયાણાના ૬ શખ્સોએ યુવકનું કારમાં અપહરણ કર્યુ હતું. ઘટનાને પગલે ચકચાર મચી જવા પામી હતી. અપહરણ કારો યુવકનું અપહરણ કરી રાજસ્થાન તરફ ભાગ્યા હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે પીછો કરી યુવકને મુક્ત કરાવ્યો હતો. જ્યારે અપહરણકારોને શકંજામાં લીધા હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કાલાવડ રોડ ઉપર રોડ ઉપર ઈસ્કોન મંદિર પાછળ આવેલા પરિક્ષમ આવાસ યોજનાના ક્વાટરમાં રહેતો સુરેશ રમેશભાઈ મકવાણા નામનો ૨૭ વર્ષનો યુવાન ભાવનગર રોડ ઉપર આવેલા અમુલ સર્કલ નજીક નવા સેટેલાઈટ બસસ્ટેશનમાં પોતાના મિત્ર હુસેન હાજીભાઈ હિંગોરા, અનિશ આમદભાઈ હિંગોરા, ગુલામયોદીન સમદભાઈ થહીમ સુલેમાન જુસબભાઈ હિંગોરા સાથે બેઠો હતો ત્યારે એચ.આર. ૧૧ આર ૫૮૫૧ નંબરની કાળા કલરની સ્કોર્પિયો કારમાં છ અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતા અને સુરેશ મકવાણાને કારમાં બેસાડી અપહરણ કરી નાશી છુટ્યા હતાં. આ અંગે હુસેનભાઈ હિંગોરાએ સુરેશ મકવાણાના ઘરે ફોન કરી ઘટના અંગે જાણ કરી હતી. જાણ થતાં જ સુરેશ મકવાણાની માતા લીલાબેન રમેશભાઈ મકવાણાએ પુત્ર સુરેશ મકવાણાનું અપહરણ કરી નાશી છુટેલા અજાણ્યા શખ્સો વિરુદ્ધ થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. યુવકનું અપહરણ થયાની ઘટનાથી શહેરભરમાં ચકચાર મચી જવા પામી હતી. જ્યારે પોલીસ તંત્રમાં દોડધામ થઈ હતી.

પ્રાથમિક તપાસમાં અપહરણકારો મુળ હરિયાણાના વતની અને બુટલેગરો હોવાનું સામે આવ્યું છે. રૂપિયાની લેતીદેતીમાં ૬ શખ્સો કારમાં ધસી આવ્યા હતા અને સુરેશ મકવાણાનું અપહરણ કર્યુ હોવાનું જાણવા મળ્યું હતું. અપહરણ કારો રાજસ્થાન તરફ ભાગ્યા હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે પીછો કર્યો હતો. અને ભોગ બનનાર સુરેશ મકવાણાને અપહરણકારોની ચુંગાલમાંથી મુક્ત કરાવી અપહરણકારોને સકંજામાં લીધા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે થોરાળા પોલીસ મથકના પીએસઆઈ એ.પી. રતન સહિતના સ્ટાફે ફરિયાદના આધારે તપાસનો દૌર લંબાવ્યો છે.

# રાજકોટમાં પરણિતાએ ગળેફાંસો ખાઈ જિંદગીથી છેડો ફાડ્યો

## બે પુત્રોએ માતાની મમતા ગુમાવતાં પરિવારમાં કલ્પાંત

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં રૈયા રોડ ઉપર આમ્રપાલી ફાટક પાસે આવેલ વૈશાલીનગરમાં રહેતી પરિણીતાએ આપઘાત કરી લીધો હતો. પરિણીતાના મોતથી બે સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં રૈયા રોડ ઉપર આમ્રપાલી ફાટક પાસે આવેલા વૈશાલીનગર શેરી નંબર ૧૦ માં રહેતી દિવ્યાબેન વિશાલભાઈ રાઠોડ નામની ૨૨ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી. ત્યારે બપોરના દોઢેક વાગ્યાના અરસામાં ઉપરના રૂમમાં લોખંડના એંગલમાં



ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો પરિણીતાને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નીપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરવી પરિણીતાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક દિવ્યાબેન રાઠોડે પાંચ વર્ષ પહેલા વિશાલભાઈ રાઠોડ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા અને તેણીને સંતાનમાં બે પુત્ર છે. બપોરના સમયે દિવ્યાબેન ઉપરના રૂમમાં હતી ત્યારે કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકના પી.એસ. આઇ. વી.ડી. રાવલીયા સહિતના સ્ટાફે પરિણીતાના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસનો દોર લંબાવ્યો છે.

# પત્નીને ભરણપોષણની રકમ નહી ચુકવનાર પતિને ૧૨૦ દિવસની જેલ

## પત્ની અને સગીર સંતાનને માસિક ૭ હજાર ખાધા ખોરાકી ચૂકવવાના હુકમનો અનાદર કરતા કોર્ટનો મહત્વનો ચુકાદો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં પત્ની અને સગીર સંતાનને માસિક રૂ.૭ હજાર ખાધા ખોરાકી ચૂકવવાના કોર્ટના હુકમનો અનાદર કરનાર પતિ વિરુદ્ધ પરિણીતાએ ફેમિલી કોર્ટમાં ચડત ભરણ પોષણ મેળવવા કરેલી અરજી ચાલી જતા કોર્ટે પત્ની અને સગીર સંતાનને ભરણપોષણ નહિ ચૂકવનાર પતિને ૧૨૦ દિવસની સાદી કેદની સજા હુકમ ફરમાવ્યો હતો.



એડવોકેટ

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતા અરજદાર વર્ષાબેન હર્ષભાઈ જાનીએ પોતાના પતિ હજુભાઈ જગદીશભાઈ જાની (રહે. અયોધ્યા એપાટેમેન્ટ, સંસ્કાર નગર ચાર રસ્તા, મંગલમ ભુજ (કચ્છ) વિરૂધ્ધ ભરણપોષણ મેળવવા ફેમીલી કોર્ટમાં અરજી કરી હતી. જે ભરણપોષણની અરજી કોર્ટે મંજુર કરી વર્ષાબેનને રૂ.૫૦૦૦ અને સગીર સંતાનને રૂા.૨૦૦૦ મળી માસિક કુલ ૭૦૦૦ ચુકવવા પતિને હુકમ કર્યો હતો. જે હુકમનુ પતિ દ્વારા પાલન કરવામાં નહિ આવતા વર્ષાબેન જાનીએ પોતાના વકીલ મારફત કુલ ૧૨ માસની ચડત ભરણપોષણની રકમ રૂા.૮૪ હજાર અને અરજી ખર્ચેના રૂ.૨૫૦૦ મળી કુલ રૂ.૮૬,૫૦૦ મેળવવા રાજકોટની ફેમીલી કોર્ટેમાં અરજી દાખલ કરી હતી. કોર્ટે હર્ષભાઈ જાનીને પાઠવેલી નોટીસ બજી જવા છતાં કોર્ટમાં હાજર નહિ રહી અને રૂપિયા નહિ નહિ ચૂકવતા કોર્ટે પકકડ વોરટે ઈસ્યુ કર્યુ હતું. જેને પગલે હર્ષભાઈ જાનીએ કોર્ટમાં હાજર થઈ ભરણપોષણની રકમ જમા કરવાનો ઈન્કાર કરતા પોલીસ કસ્ટડીમા લેવામાં આવ્યા હતા. બાદમાં કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ અરજદાર વર્ષાબેન જાનીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટે પત્ની અને સગીર સંતાનને ચડત ભરણપોષણની રકમ નહી ભરનાર પતિ હર્ષભાઈ જાનીને ૧૨૦ દિવસની સાદી કેદની સજા હુકમ ફરમાવ્યો હતો.

આ કેસમાં અરજદાર હર્ષાબેન જાની વતી ફેમીલી કોટેના લીગલ એઈડના પેનલ એડવોકેટ પરેશ મૃગ રોકાયા હતા.

# રાજકોટમાં પિસ્ટલ સાથે કુખ્યાત શખ્સ ઝડપાયો

## ડ્રગ પેડલરના પુત્રએ મારામારી થયા બાદ હથિયાર મિત્રને સાચવવા આપ્યાની કબૂલાત

**સમય મિરર | રાજકોટ**

શહેરમાં માયાણીનગર મેઈન રોડ પર વિશ્વનગર આવાસ ક્વોટરમાંથી પોલીસે દેશી બનાવટની પિસ્ટલ સાથે શખ્સને ઝડપી પાડયો હતો. કુખ્યાત ડ્રગ પેડલરનો પુત્ર મારામારી થયા બાદ તેના વિરૂધ્ધ ગુનો નોંધાતા તે આ હથિયાર તેના મિત્રને આપી ગયો હતો. જેથી ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી ડ્રગ પેડલરના પુત્રની શોધખોળ હાથ ધરી છે.




જાણવા મળતી વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ એએસઆઈ ચેતનસિંહ ગોહિલ, હેડ કોન્સ. દિપક ડાંગર, ઉમેશ ચાવડા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન માયાણીનગર રોડ પર આવેલા વિશ્વનગર આવાસ ક્વર્વાટરમાં રહેતો વિપુલ પ્રવિણભાઈ બગથરીયા પાસે ગેરકાયદેસર હથિયાર હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે દોડી જઈ વિશ્વનગર આવાસ કર્વાટર પાસેથી આરોપી વિપુલ બગથરીયાને ઝડપી લઈ હથિયાર બાબતે પૂછતા તેણે હથિયાર કર્વાટર પાછળની સાઈડ છૂપાવેલું હોવાનું જણાવતા પોલીસે તેને સાથે રાખી કર્વાટરમાં બ્લોક નં. ૩ની પાછળથી તાલપત્રી નીચે છૂપાવેલી દેશી બનાવટની પિસ્ટલ કબ્જે કરી આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસ પૂછપરછમાં આ હથિયાર તેના મિત્ર હિતેશ સુનીલભાઈ ધામેલીયાનું હોવાનું અને હિતેશને ગઈ કાલે રાત્રે રૈયાધાર વિસ્તારમાં મારામારી થઈ હોય જેથી તેના વિરૂધ્ધ ફરિયાદ થતા હિતેશ આ હથિયાર ગત રાત્રે સાચવવા આપી ગયો હોવાની કબૂલાત આપી હતી. જેથી પોલીસે બંને શખ્સો વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી ડ્રગ પેડલર સુધા ધામેલીયાના પુત્ર હિતેશ ધામેલીયાની શોધખોળ હાથ ધરી છે.

ઝડપાયેલા આરોપી વિપુલ બગથરીયા વિરૂધ્ધ શહેર અને ગ્રામ્ય પોલીસ મથકમાં ૧૩ જેટલા ગુના નોંધાયેલા હોવાનું અને અગાઉ બે વખત પાસની હવા પણ ખાઈ ચૂક્યો હોવાનું પોલીસે જણાવ્યું છે. જ્યારે ફરાર હિતેશ ધામેલીયા વિરૂધ્ધ કુવાડવા પોલીસ મથકમાં એનડીપીએસ અને યુનિવર્સિટી પોલીસમાં મારામારી અને ધમકીનો ગુનો નોંધાયેલો છે.

# રાજકોટમાં કુખ્યાત ડ્રગ પેડલરના પુત્રએ ફરી લખણ ઝળકાવ્યા : યુવકને માર મારી આપી ધમકી

## અમારે જેની સાથે ઝઘડો થયો છે તેને કેમ સાથ આપે છે તેમ કહી છરીની અણીએ ધમકાવનાર ચાર સામે ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

શહેરમાં ડ્રગ્સની હેરાફેરીમાં કુખ્યાત ડ્રગ પેડલર સુધા ધામેલીયાના પુત્રએ ફરી લખણ ઝળકાવ્યા હતા. રૈયાધારમાં રાણીમા રૂડીમાં ચોકમાં યુવાનને માર મારી ખૂનની ધમકી આપી હતી. આ અંગે પોલીસે ડ્રગ પેડલરના પુત્ર સહિત ચાર શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



જાણવા મળતી વિગત મુજબ રામાપીર ચોકડી પાસે રૈયાધાર રોડ પર રહેતા અને ટ્રેકટર ડ્રાઈવીંગનું કામ કરતા વિપુલ બાબુભાઈ ગમારા (ઉવ.૨૪) નામના યુવાને યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ડ્રગ પેડલર સુધા ધામેલીયાના પુત્ર હિતેષ ધામેલીયા અને તેની સાથેના અજાણ્યા ત્રણ શખ્સોના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તે શનિવારે સાંજે રાણીમા રૂડીમાં ચોકમાં પાનની દુકાન પાસે હતો ત્યારે આરોપીએ કારમાં થસી આવ્યા હતા અને કારમાંથી ઉતરી આરોપીઓએ કહેલું કે તારા મિત્રનો મારી સાથે ઝઘડો થયો છે, તુ કેમ તેનો સાથ આપે છે, હવે હુ તને જોઈ લઈશ તેમ કહી અજાણ્યા ત્રણ શખ્સોએ તેને પકડી રાખી હિતેશ ધામેલીયાએ ઢીકાપાટુનો માર માર્યો હતો. બાદમાં છરી બતાવી તુ તારા મિત્રનો સાથ આપી તો સારૂ નહીં થાય તેમ કહી ખૂનની ધમકી આપી નાશી છૂટયા હતા. આ અંગે યુવાને યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**કારણ અકબંધ : યુવકના મોતથી પરિવાર શોકમાં ગરકાવ**

# રાજકોટમાં યુવાને ગળેફાંસો ખાઈ કર્યો આપઘાત

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં રાણીમાં રૂડીમાં આવેલ મારવાડી વાસમાં રહેતા યુવાને કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં રાણીમાં રૂડીમા ચોકમાં દશામાના મંદિર પાસે આવેલા મારવાડી વાસમાં રહેતા જયભાઈ શાંતિભાઈ વાઘેલા નામનો ૨૪ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ લીધો હતો આ ઘટના અંગે જાણ થતા ૧૦૮ ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ૧૦૮ ના ઈએમટીએ જોઈ તપાસી જય વાઘેલાને મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે યુનિવર્સિટી પોલીસને જાણ કરવામાં આવતા યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. યુવકના આપઘાત પાછળનું કારણ જાણવા યુનિવર્સિટી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ગરીરાજસિંહ ઝાલા સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# સાપરાધ મનુષ્યવધના કેસમાં આરોપી ત્રિપુટીને સાત-સાત વર્ષની જેલ

## પિતરાઈ બહેન સાથે પ્રેમ સંબંધો રાખવા મુદ્દે યુવકને માર મારતા યુવકનું મોત નીપજ્યું'તું

**સમય મિરર | રાજકોટ**

પિતરાઈ બહેન સાથે પ્રેમ સંબંધો રાખવા સબબ ગોંડલના કાલંભડી ગામની સીમમાં સરખડી ગામના જય વેગડવા ઉપર લાકડી અને પ્લાસ્ટિકની દોરીથી હુમલો કરી હત્યાના કેસમાં ગોંડલ અદાલતે ત્રણ આરોપીઓને ૩૦૪ના ગુનામાં તકસીરવાર ઠરાવી સાત સાત વર્ષની સજાનો હુકમ કર્યો છે.

ગુનાની હકીકત એવી છે કે તા. ૦૩/ ૦૭/ ૨૦૧૯ના રોજ ફરીયાદી દિલીપભાઈ કાળુભાઈ વેગડવા તથા તેના કાકાનો દિકરો જય રાત્રે વાડીએ સરખડી મુકામે હાજર હતા. આ સમયે જયને લેડીઝ તરીકે ઓળખ આપી આરોપીઓ દ્વારા ફોન કરવામાં આવેલ, જેથી દીલીપભાઈ તથા તેના કાકાનો દીકરો જય કિશોરભાઈ વેગડવા બન્ને જણા મોટરસાઈકલમાં બેસી કાલંભડી ગામે ગયા હતા, અને કાલંભડી ગામે પહોંચતા વિશાલ રમેશભાઈ વરાણ, નરવીન સોમાભાઈ વરાણ તથા ગજેન્દ્ર ઉર્ફે જીણો ઘુસાભાઈ વરાણે ત્રણેય આરોપીઓએ કેબલ, લાકડી, પ્લાસ્ટિક દોરડા વડે હુમલો કરતા ગંભીર ઈજાજ થવાથી જય કિશોરભાઈ વેગડવાનું મૃત્યુ થયું હતું, આ અંગેની ફરિયાદમાં આરોપીઓની પિતરાઈ બહેન દર્શનાને ગુજરનાર જય સાથે પ્રેમ સંબંધ હોય અને ગુજરનાર જયને દર્શનાને મળવા માટે બોલાવી કૃત્ય આચાર્યુ હોવાનું જણાવ્યું હતું.

ત્રણેય આરોપી સામે આઈપીસી કલમ-૩૦૨ વિગેરેની ફરીયાદી આપેલ અને ત્યારબાદ આરોપીઓ સામે ચાર્જશીટ થયેલ અને ગોંડલની સેશન્સ કોર્ટમાં કેસ ચાલેલ ફરીયાદીની જુબાની તથા સરકાર તરફે સરકારી વકીલ ઘનશ્યામ કે. ડોબરીયાએ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા તથા ડોક્ટરની જુબાની તથા અન્ય સાહેદોની જુબાની ધ્યાને લઈ ગોંડલના સેશન્સ જજ એમ.એ. ભટ્ટીએ એવું અનુમાન કરેલ કે આરોપીઓએ મારી નાખવાના ઈરાદે ગુજરનાર જય ઉપર માર મારેલ હોય તેવું માની શકાય નહીં જેથી આઈપીસી કલમ-૩૦૨ મુજબનો ગુન્હો બનતો ન હોય અને આઈપીસી કલમ-૩૦૪નો સાપરાધ મનુષ્યવધનો ગુન્હો બનતો હોય જેથી આરોપીઓને આઈપીસી કલમ-૩૦૪ના ગુન્હામા ૭(સાત) વર્ષની સજા ફટકારી છે.

# પેટ્રોલપંપમાં ફિલરમેનને માર મારી લૂંટ ચલાવવાના કેસમાં આરોપી બેલડીના જામીન મંજુર કરતી હાઈકોર્ટ

## કર્મચારીના સગીર પુત્ર સહિત ત્રણેય શખ્સોએ ઘટનાને અંજામ આપ્યો'તો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં વાવડી ફયુલ્સ નામના એચ.પી. કંપનીના પેટ્રોલપંપમાં ગત તા.૦૫/૦૨/૨૦૨૫ ના રાત્રીના ત્રણેક વાગ્યાના સમયે ત્રણ બુકાનીધારી શખ્સો ધસી આવ્યા હતા અને પેટ્રોલપંપમાં કામ કરનાર ફીલરમેન વિષ્ણુભાઈ ગોસ્વામીને બેઝબોલના ધોકા અને હથોડી વડે માર મારી ગંભીરઇજા કરી પેટ્રોલપંપની ઓફીસમાંથી રૂ.૧૩,૦૦૦ની લુંટ ચલાવ્યાની પેટ્રોલ પંપના સંચાલક મયૂરધ્વજસિંહ ઉર્ફે મિતરાજસિંહ જાડેજાએ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.



એડવોકેટ

પોલીસે ફરિયાદના આધારે આરોપી પ્રતીકભાઇ પીયુષભાઇ દત્તા, રાહુલ નવધણભાઇ મીર અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને ઝડપી લીધા હતા. હાલ જેલ હવાલે રહેલા આરોપી પ્રતીકભાઇ પીયુષભાઇ દત્તા અને રાહુલ નવધણભાઇ મીરએ જામીન મુક્ત થવા કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી નામંજુર થતા બંને આરોપીએ પોતાના વકીલ મારફત ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઇ કોર્ટે બંને આરોપીની જામીન અરજી મંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં બંને આરોપી વતી રાજકોટના એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, યોગેશ એ.જાદવ, મદદનીશમાં અભય ચાવડા, વિશાલ રોજાસરા, વિક્રમ કિહલા અને હાઈકોર્ટમાં એડવોકેટ મેહુલ એસ. પાડલીયા રોકાયા હતા.

# સાપરાધ મનુષ્યવધના ગુનામાં આરોપીને નિર્દોષ મુક્ત કરવા કોર્ટનો હુકમ

## વાડીમાં ગોઠવેલી ફેન્સિંગના વીજ કરંટથી આધેડનું મોત નિપજતા જમીન વાવનાર ભાગીયા ખેડૂત સામે ફરિયાદ થઈ'તી

**સમય મિરર | રાજકોટ**

પડધરી તાલુકાના ગામે રંગપર ગામની સીમમાં પાકને ભૂંડથી બચાવવા ફેન્સિંગમાં ગોઠવેલા વીજ કરંટથી આધેડના મુત્યુ અંગે નોંધાયેલા કેસમાં જમીન વાવનાર ભાગ્યા ખેડૂતનો અદાલતે નિર્દોષ છુટકારો ફરમાવ્યો છે.

આ અંગેની હકીકત મુજબ, આશરે બારેક વર્ષ પહેલાં પૂર્વે રંગપર ગામે આવેલ દલસુખભાઈના ભાભી નીમુબેન વેકરીયાની જમીન આવેલ હતી. જે જમીન રમણ ઉર્ફે દશરથ ધનશીંગભાઈ ભાંભોરે ભાગે વાવવા માટે રાખી તેમાં મગફળીનું વાવેતર કરેલ હતું. ત્યાં ભૂંડનો ત્રાસ હોય, પાકને બચાવવા માટે રમણ ઉર્ફે દશરથ ભાંભોરે થઈ લોખંડના તારમાં વીજપ્રવાહ ચાલુ રાખેલ હતો. દરમિયાન તા. ૦૩/ ૦૯/



એડવોકેટ

૨૦૧૩ના રોજ ફરિયાદીના પતિ રાત્રીના સમયે પાણી વાળવા માટે ગયેલ ત્યારે રમણભાઈએ ભાગે રાખેલ વાડીમાં બાંધેલ વીજ પ્રવાહવાળો તાર પગમાં અડી જતા શોર્ટ લાગતા મરણ પામેલ હતા. અને અંગે રમણ ઉર્ફે દશરથ ભાંભોરે મનુષ્યની જિંદગી જોખમાય તેમ હોવાનું જાણવા છતા ગંભીર બેદરકારી દાખવી લાકડાના થાંભલે બાંધેલ તારમાં વીજ પ્રવાહ પસાર કરતા હતા. જે અંગેની ફરિયાદ, ફરિયાદી દ્વારા પડધરી પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. પડધરી પોલીસે આ બાબતે રમણ ઉર્ફે દશરથ ભાંભોર સામે આઈ.પી.સી કલમ ૩૦૪ મુજબ ગુનો નોંધે ધોરણ સર ની કાર્યવાહી બાદ તપાસનીસ અધિકારી દ્વારા ચાર્જશીટ કરવામાં આવેલ હતી. સદરહુ કેસ રાજકોટ સેશન્સ કોર્ટમાં ચાલવા ઉપર આવતા ફરિયાદી તથા સાહેદોને તપાસ્યા બાદ કોર્ટ દ્વારા આરોપીનું ફરધર સ્ટેટમેન્ટ નોંધવામાં આવેલ હતું અને ત્યારબાદ સદરહું કેસમાં આરોપીના વકીલ દ્વારા મૌખીક દલીલો કરી હતી, જે ધ્યાને લઈ આરોપી રમણ ઉર્ફે દશરથ ધનશીંગભાઈ ભાંભોરને રાજકોટના દસમા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો.

આ કેસમાં બચાવ પક્ષે એડવોકેટ મોતીભાઈ એન. સિંધવ, બલરામ એસ. પંડીત, ધારા એસ. પંડીત, વંદના જે ગૌસ્વામી રોકાયા હતા.

ગોંડલમાં રવિવારે હાઈવોલ્ટેજ ડ્રામા, અલ્પેશ કથીરિયાને ગણેશે આપ્યો જડબાતોબ જવાબ

# “જયરાજસિંહ જાડેજા પરિવાર સાથે અઢારે વરણ,ગણેશ ગોંડલનો પ્રેમાળ પુત્ર છે”

**ગણેશના પડકારને ઝીલી અલ્પેશ કથીરિયા ગોંડલ આવતા ભારે તંગદીલી, જયરાજસિંહના સમર્થકો સેંકડોની સંખ્યામાં રોડ પર ઉતરી આવ્યા**

**પોલીસના ધાડેધાડા ઉતારવા પડ્યા, જયરાજસિંહે કથીરિયાને કટાક્ષમાં કહ્યું, “૨૦૨૭ની ચૂંટણીમાં અણવર નહી પણ વરરાજા બનીને આવજે**

## રોષે ભરાયેલા ટોળાએ અલ્પેશ કથીરિયાની કારને નિશાન બનાવતા ગોંડલ છોડીને ભાગવુ પડ્યું






(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

### શું છે વિવાદ?

થોડા દિવસ પહેલા પાટીદાર એકતા માટે ગોંડલમાં સમાજ હિત માટે લડત ચલાવનારા વિનુ શિંગાળાની પ્રતિમા સ્થાપવા માટે યુવા પાટીદાર અગ્રણીઓની બેઠક મળી હતી. જેમાં ઉપસ્થિત રહેલા જિગિશા પટેલ, અલ્પેશ કથિરિયા, ધાર્મિક માલવિયા અને મેહુલ બોઘરાએ પાટીદારોને એક થવા આહવાન કર્યું હતું, મેહુલ બોઘરાએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, ગોંડલમાં ૮૦ ટકા પાટીદારની વસ્તી હોવા છતાં આપણા કોઈ ધારાસભ્ય ના હોય, તે આપણે શરમથી ડૂબી જવું જોઈએ. પાટીદાર સમાજે પણ આ સંદર્ભે વિચારવું જોઈએ. અલ્પેશ કથીરિયાએ તેના સંબોધનમાં ગોંડલની તુલના મિર્ઝાપુર સાથે કરી હતી. જિગીષા પટેલે કહ્યું, પાટીદારોની સૌથી વધુ વસ્તી હોવા છતાં ગોંડલ વિધાનસભા બેઠક પર છેલ્લા ત્રણેક દાયકાથી જાડેજા પરિવારનું એકહથ્થુ શાસન છે. ગોંડલ APMC, ગોંડલની નાગરિક બેંક, નગર પાલિકામાં આ લોકોના માણસો જ બેઠા છે અને અહીંથી જ રાજકારણ રમાય છે.

### ગણેશ ગોંડલનો પલટવાર, ૨૦૦ કિ.મી. દૂરથી વીડિયો બનાવી રમત ન રમો

બે દિવસ પહેલા સુલતાનપુરમાં યોજાયેલી એક જાહેરસભામાં ગણેશ જાડેજાએ અલ્પેશ કથીરિયાને ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું હતું કે, માનું ધાવણ ધાવ્યાં હો તો મેદાનમાં આવી જાઓ. મારી ગાડી બે વાગે ગોંડલમાં જોવા મળશે. જો હિંમત હોય તો કાર્યકર્તાઓનો કોલર પકડીને પણ બતાવો, હું વાવાઝોડાની જેમ ન આવું તો કહેજો. ૨૦૦ કિમી દૂરથી વીડિયો બનાવીને રમત ન રમશો. અલ્પેશ કથીરિયાએ ચેલેન્જ સ્વીકારી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું હતું કે, ગોંડલ, સ્વાગતની કરો તૈયારી. આખા ગોંડલમાં ફરવા આવીએ છીએ. જે બાદ કથીરિયા આજે ગોંડલ આવ્યો હતો.

### ગણેશના સમર્થકોએ બેનરથી દર્શાવ્યો રોષ

ગોંડલ પહોંચ્યા બાદ અલ્પેશ કથીરિયાએ આશાપુરા મંદિર ખાતે દર્શન કર્યા હતા. જે બાદ અક્ષર ધામ મંદિર પહોંચ્યા હતા. તેનો કાફલો અક્ષર મંદિર પહોંચ્યો ત્યારે ગોંડલમાં ગણેશ જાડેજાના સમર્થકોએ બેનર દર્શાવીને વિરોધ કર્યો હતો. ગોંડલમાં સર્વજ્ઞાતિ એકજૂથ હોવાના બેનરો દર્શાવાયા હતા. અલ્પેશ કથીરિયાને લઈ ગબ્બર નહીં ગદ્દાર લખેલા બેનર પણ દર્શાવવામાં આવ્યા હતા.

### બહારથી આવતા અલ્પેશ જેવા ગોંડલનું વાતાવરણ બગાડવા માંગે છે : જયરાજસિંહ

ગણેશ જાડેજાએ મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું, ગોંડલની જનતાએ અલ્પેશ કથીરિયા ને જવાબ આપી દીધો છે. ડર કે બંદૂકની અણીએ આટલા બધા લોકો ભેગા ન થઈ શકે. ગોંડલમાં કોઈ ડરનો માહોલ નથી મારા ઘરની બહાર ૩૦૦૦ લોકોનો મેળાવડો. ગીતાબા જાડેજા અને ગણેશ જાડેજાના બંગલાની બહાર લોકોએ અલ્પેશ કથીરિયા વિરુદ્ધ ભારે સૂત્રોચાર કર્યા હતા. ગણેશ જાડેજાના પિતા અને પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ કહ્યું, ગોંડલમાં શાંતિનો માહોલ છે. બહારથી આવેલા લોકો વાતાવરણ ડહોળે છે અને ગોંડલને બદનામ કરે છે. તમામ લોકો અમારી સાથે છે. ગોંડલની જનતા ગણેશને દિકરો માને છે. લોકો સ્વયંભૂ રસ્તા પર ઉતર્યા છે.

**સમય મિરર | ગોંડલ**

રાજકોટ જિલ્લાના ગોંડલમાં પણ આજે રાજકીય ગરમાવો આવ્યો હતો. ગણેશ જાડેજાએ આપેલા પડકાર બાદ અલ્પેશ કથીરિયા આજે ગોંડલ આવ્યા હતો. અલ્પેશનો ગોંડલના સ્થાનિકોએ હાથમાં પોસ્ટર્સ અને બેનર્સ સાથે વિરોધ કર્યો હતો. આ દરમિયાન ગણેશ જાડેજાએ અલ્પેશ કથીરિયા પરત ફર્યાનો દાવો કર્યો હતો. જયરાજસિંહે પડકાર ફેંકતા કહ્યું કે, ૨૦૨૭માં અણવર બનીને નહીં વરરાજા બનીને આવજો.

જયરાજસિંહ જાડેજાએ કહ્યું, ગોંડલને ખોટી રીતે બદનામ કરવામાં આવી રહ્યું છે. ગોંડલમાં અઢારે વરણ અમારા પરિવાર સાથે છે. ગણેશ ગોંડલ અમે નામ નથી આપ્યું, ગોંડલની જનતાએ આપ્યું છે. જયરાજસિંહ જાડેજાએ અલ્પેશ કથીરિયાને પડકાર ફેંકતા કહ્યું, હતુ કે, ટિકિટ આપવાનું કામ હાઈ-કમાન્ડનું છે મારું નથી. આ બાબતે હાઈકમાન્ડને હું ગંભીરતાપૂર્વક રજૂઆત કરીશ. ગોંડલના પાટીદાર અગ્રણીઓ અને પાટીદાર સમાજ મારી સાથે છે. આગામી દિવસોમાં નગરપાલિકા,માર્કેટીંગ યાર્ડ,તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી આવી રહી છે. જે લોકો અહીં રહેતા નથી તેઓ વિરોધ કરવા આવી જાય છે.

ગણેશ જાડેજાએ આપેલા પડકારના પગલે અલ્પેશ કથીરિયા આજે ગોંડલની મુલાકાતે છે. તેઓ આશાપુરા મંદિરથી દર્શન કરીને નીકળ્યા બાદ તેની કાર પર હુમલો કરવામાં આવ્યો હતો. હુમલા બાદ અલ્પેશે જણાવ્યું કે, જ્યાં સુધી અમે ગોંડલમાં રહીશું ત્યાં સુધી વિરોધ થશે. આ જ તો મિર્ઝાપુર છે.

અલ્પેશ કથીરિયાની મુલાકાતને લઈ ગોંડલમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ દરમિયાન કેટલાક લોકો તેના સમર્થનમાં આવ્યા હતા, તો અમુક જગ્યાએ વિરોધ થયો હતો. મીડિયા સાથેની વાતચીતમાં અલ્પેશ કથીરિયાનો વિરોધ કરતાં લોકોએ જણાવ્યું હતું કે, ગોંડલમાં કોઈ જ્ઞાતિવાદ છે જ નહીં. જ્યારે પણ ગણેશ જાડેજા પાસે જઈએ ત્યારે પણ ન્યાય મળે છે.

# દેશ નહીં ઝુકેગા... સુરતના યુવાનો શ્રીનગર ત્રિરંગો ફરકાવવા પહોંચ્યા

**‘મેં હિન્દુ હું, માર દો ગોલી’ લખેલા ટી-શર્ટ પહેરી લાલચોકમાં ‘ભારત માતા કી જય’ના નારા લગાવ્યા**






**સમય મિરર | સુરત**

દેશભરમાં હાલ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે સુરતના યુવકોએ હુમલાની ઘટના બાદ તા. ૨૭મીએ રવિવારે જમ્મુ-કાશ્મીરના લાલચોકમાં પહોંચી ભારતનો ઝંડો ફરકાવ્યો હતો. સાથે ‘મેં હિન્દુ હું... માર દો ગોલી’ લખેલી ટી-શર્ટ પહેરી ભારત માતાકી જયના નારા પણ લગાવ્યાં હતાં.

આતંકવાદી ઘટનાક્રમને કારણે ખાસ કરીને ભારતના યુવાનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગઈકાલે સુરતના ચાર જેટલા યુવકો ‘મેં હિન્દુ હું અને હેસ્ટેગ માર દો ગોલી’ લખેલી ટી-શર્ટ પહેરીને જમ્મુ-કાશ્મીર પહોંચ્યા હતાં. શ્રીનગર ખાતે પહોંચ્યા બાદ સુરતના યુવકો લાલચોક ઉપર પહોંચી ગયા હતાં. લાલચોકમાં જઈને સુરતી યુવાનોએ ભારતનો તિરંગો લહેરાવ્યો હતો અને ગર્વથી હમ હિન્દુ હૈના સૂત્રોચાર કર્યા હતાં. તેમણે ભારત માતાકી જય, વંદે માતરમના નારા પણ લગાવ્યા હતા.

### ડરવાની જરૂર નથી, ભારતીયો કાશ્મીર ફરવા આવી પાક.નું મોરલ તોડો

સુરતના યુવકોએ કહ્યું કે, અમે જ્યારે લાલચોક પહોંચ્યા હતા, ત્યારે અમારી ટી-શર્ટ ઉપર હમ હિન્દુ હે, માર દો ગોલી લખીને ગયા હતા ત્યારે આર્મી વાળાએ તો તેનો કોઈ વિરોધ કર્યો ન હતો પરંતુ સ્થાનિક પોલીસ દ્વારા અમને વારંવાર આ બાબતે ટોકવામાં આવી રહ્યા હતા કે હમ હિન્દુ હૈ, એવી ટીશર્ટ પહેરીને તમે કેમ આવ્યા છો. સ્થાનિક પોલીસને અમે સ્પષ્ટતાથી જવાબ આપી દીધો હતો કે આતંકવાદીઓએ જેમને મોતને ઘાટ ઉતાર્યા છે તેમને કયા ધર્મના છો તે પૂછીને ગોળી મારી હતી તેથી અમે એમને અમારો ધર્મ બતાવવા માટે આવ્યા છે. ડરવાની કોઈ જરૂર નથી અહીં લોકોએ ફરવા આવવું જોઈએ.

### ચારેય યુવાનો પહેલગામ હુમલા સ્થળે પણ ગયા

સુરતના યુવક અજયસિંગ રાજપૂતે જણાવ્યું કે, અમે અહીં અમારો ધર્મ બતાવવા માટે લાલચોક ખાતે આવ્યા છે. આતંકવાદી ઘટના બાદ અમે પાકિસ્તાનીઓને બતાવવા માંગે છે કે અમે ડરી ગયા નથી, તમે ગમે તેટલા પણ હુમલા કરશો, પરંતુ તમારા મનસુબા અમે ક્યારેય પૂરા થવા દેવાના નથી અમે ડરવાના નથી. લાલચોકમાં તિરંગો અમે લહેરાવીને આવ્યા છીએ અમે લાલચોકની વચ્ચોવચ ભારત માતાકી જય અને વંદે માતરમ ના નારા પણ લગાવ્યા છે. અમે લોકોને અપીલ કરી રહ્યા છીએ કે એમનાથી ડરવાની જરૂર નથી તમે બધા ફરવા આવો એમને જે પણ મનસુબા છે, તેને આપણે ક્યારેય પૂર્ણ થવા દેવાના નથી. અમે લાલચોક પરથી જ્યાં આતંકવાદીઓએ પહેલગામમાં નરસંહાર કર્યો છે ત્યાં પહોંચવાનો પણ પ્રયાસ કરી રહ્યા છીએ.

# સૌ.યુનિ.ના ખેલાડી નિકુંજની આર્મીમાં પસંદગી

**યુનિ.ના છેલ્લા ૨૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ વિદ્યાર્થી આર્મીમાં સ્પોર્ટસ ક્વોટામાં બજાવશે ફરજ**

**કોડીનારના વતની અને કુંડલિયા કોલેજના નિકુંજનું સ્વપ્ન પહેલેથી જ દેશસેવાનું છે**

**સમય મિરર | રાજકોટ**



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એથ્લેટિક્સના ખેલાડી નિકુંજ ઝાલાની આર્મીમાં સ્પોર્ટ્સ ક્વોટામાં પસંદગી થઈ છે. ખેલ મહાકુંભમાં ૪૦૦ મીટર રનિંગમાં છેલ્લા ૩ વર્ષથી ચેમ્પિયન, આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ૪૦૦ મીટર રનિંગ અને હર્ડલ્સમાં રેકોર્ડ બનાવ્યો. ગત વર્ષે ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી કોમ્પિટીશનમાં ચોથા ક્રમે રહ્યો. પિતાનું કલરકામ કરતા અકસ્માતે પડી જતાં મૃત્યુ બાદ પણ નિકુંજે હિંમત ન હારી બેસ્ટ એથ્લેટ બન્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના છેલ્લા ૨૦ વર્ષનાં ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ વિદ્યાર્થીએ આર્મીમાં સ્પોર્ટ્સ ક્વોટામાં નોકરી મેળવી હોય તેવો પ્રથમ કિસ્સો બન્યો છે.

### નિકુંજે ગત વર્ષે ૪૦૦ મીટર હર્ડલ્સમાં રેકોર્ડ બનાવ્યો હતો

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરેશ રાબાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કુંડલિયા કોલેજનો વિદ્યાર્થી નિકુંજ ઝાલાને સર્વિસિઝમાં સ્પોર્ટ્સ ક્વોટામાં નોકરી મળી છે, આ વિદ્યાર્થીએ ગત વર્ષે જ ૪૦૦ મીટર હર્ડલ્સમાં રેકોર્ડ બનાવ્યો હતો. જેનાથી તે ઓલ ઈન્ડિયા લેવલ સુધી પહોંચ્યો હતો.

### નિકુંજને મેજર બનવાની સાથે મેડલ લાવવાનું સ્વપન

નિકુંજ ખૂબ જ સામાન્ય પરિવારમાંથી તે આવે છે. તેને માતા-પિતા અને કોચની ખૂબ જ મહેનત છે. નડિયાદમાં તેમના કોચ ધર્મેશભાઈએ નિકુંજને ખૂબ જ સારી રીતે ટ્રેનિંગ આપી. આ સાથે જ કુંડલિયા કોલેજમાં આવી વિદ્યાર્થીને ફીમાંથી માફી આપવામાં આવી. કારણ કે, વિદ્યાર્થીના પરિવારની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી છે. તેનું સ્વપન મેજર બનવાનું છે અને ભવિષ્યમાં આર્મીને મેડલ અપાવવાની ઈચ્છા ધરાવે છે.

### પિતાનું કલરકામ કરતી સમયે અકસ્માતે મોત થયું

કોડિનારના વતની નિકુંજ ઝાલાના પિતા જયેન્દ્રભાઈનું સ્વપ્ન હતું કે, તેમનો પુત્ર ઈન્ડિયાની ટીમમાંથી રમે અને મેડલ લાવે. તેમના પિતાએ ખૂબ જ મહેનત કરી તેમના પિતા કલર કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. જોકે, ગત વર્ષે જ કલર કામ કરતા-કરતા અકસ્માતે પડી જતા તેમનું મૃત્યુ નીપજ્યું હતુ. પણ નિકુંજે ખેલકૂદ મહોત્સવમાં ખૂબ જ સારું પરફોર્મન્સ આપ્યું.

# અ’વાદમાં સેક્સ રેકેટ માટે બાંગ્લાદેશી મહિલાઓની કરાઈ હતી ઘૂસણખોરી !

**૧૦૪ બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી, મોટાભાગની મહિલાઓ**

**સમય મિરર | અમદાવાદ**

જમ્મુ કાશમીરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશ અને પાકિસ્તાનના નાગરિકોને હાંકી કાઢવા માટેની કવાયત તેજ કરી દેવાઈ છે. ગુજરાતમાં પણ પોલીસે આ કાર્યવાહી શરૂ કરી દીધી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા આ મામલે જણાવાયું હતું કે, પોલીસે ગત ૨૫ અને ૨૬ તારીખે અમદાવાદમાં કોમ્બિંગ કર્યું હતું. જેમાં ૯૦૦ જેટલા ગેરકાયદે રહેતા વિદેશી નાગરિકોની અટકાયત કરવામાં આવી હતી. તેમાંથી ૮૫ બાંગ્લાદેશી મહિલાઓની ગેરકાયદે ઘુસણખોરી સામે આવી છે હજુ પણ અન્યોના ડોક્યુમેન્ટ વેરિફીકેશનની કામગીરી ચાલુ છે. ચોંકાવનારી માહિતી એ છે કે, મોટાભાગની મહિલાઓને સેક્સ રેકેટ માટે લાવવામાં આવી હતી.



અમદાવાદ ક્રાઈમ બ્રાંચના એસીપી ભરત પટેલે કહ્યું હતું કે, પોલીસે ગત ૨૫ અને ૨૬ તારીખે અમદાવાદમાં કોમ્બિંગ કર્યું હતું. જેમાં ૯૦૦ જેટલા ગેરકાયદે રહેતા વિદેશી નાગરિકોની અટકાયત કરવામાં આવી હતી. આ કોમ્બિંગમાં ૧૦૪ જેટલા ગેરકાયદે બાંગ્લાદેશી નાગરિકો ઝડપાયા હતાં. આ તમામ આરોપીઓના દસ્તાવેજોની ખરાઇ કરાઇ રહી છે. અમદાવાદના ચંડોળા વિસ્તારમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો ૬ મહિનાથી લઈને બે વર્ષના સમયગાળાથી રહે છે. જેમાં પુરૂષો કરતાં મહિલાઓની સંખ્યા વધારે છે. મની લોન્ડરિંગ અને સેક્સ રેકેટ માટે આ મહિલાઓને બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે અમદાવાદ લાવવામાં આવી છે. આવા લોકોને ડિટેન્શન સેન્ટર પર મોકલવામાં આવશે.

પોલીસ શંકાસ્પદોના આધાર અને પાન કાર્ડનું વેરિફિકેશન કરશે.અત્યાર સુધીમા અમદાવાદમાં ૮૫ બાંગ્લાદેશી મહિલાઓએ ઘૂસણખોરી કરી છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં આ પ્રક્રિયા હાથ ધરાઈ છે. શહેરના ચંડોળા વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી બાંગ્લાદેશી ઘૂસણખોરો વસવાટ કરી રહ્યાં છે. ઘૂસણખોરોને ડુપ્લીકેટ ડોક્યુમેન્ટ બનાવનાર એજન્ટો સામે ભૂતકાળમાં કાર્યવાહી અને કેસ કરવામાં આવ્યા છે.

